અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૫૮ |
| પાઉન્ડ | ૧૦૭.૪૩ |
| યુરો | ૮૯.૩૫ |
| સઉદી રિયાલ | ૨૨.૫૧ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૯,૧૦૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૦,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૨૧ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# સુપ્રીમ કોર્ટે સંભલની જામા મસ્જિદનો સર્વે અટકાવ્યો

## 'રાજ્યએ સંપૂર્ણ તટસ્થ રહેવું જોઈએ' : સુપ્રીમ કોર્ટે સંભલ કોર્ટને ૮ જાન્યુઆરી સુધી મસ્જિદના સર્વેક્ષણ મુદ્દે વધુ પગલાં લેવા પર રોક લગાવી, મસ્જિદ સમિતિને હાઈકોર્ટમાં જવા અને ઉત્તરપ્રદેશ સરકારને શાંતિ સ્થાપિત કરવા આદેશ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે શુક્રવારે હિંસાગ્રસ્ત શહેરમાં શાંતિ અને સંવાદિતા જાળવવા ઉત્તરપ્રદેશ સરકારને નિર્દેશ આપતાં સંભલ ટ્રાયલ કોર્ટને મુઘલ યુગની મસ્જિદના સર્વેક્ષણ સંબંધિત કોઈ આદેશ પસાર ન કરવા જણાવ્યું હતું. ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને સંજયકુમારની બેંચે અલ્હાબાદ હાઈકોર્ટને મુસ્લિમ પક્ષની અરજી દાખલ કર્યાના ત્રણ કામકાજના દિવસોમાં સુનાવણી કરવા આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે શુક્રવારે ઉત્તરપ્રદેશની ટ્રાયલ કોર્ટને જ્યાં સુધી સર્વેના આદેશને પડકારતી મસ્જિદ સમિતિની અરજી હાઈકોર્ટમાં સૂચિબદ્ધ ન થાય ત્યાં સુધી સંભલ જામા મસ્જિદ સામેના દાવામાં આગળ ન વધવા જણાવ્યું હતું. કોર્ટે કહ્યું કે, અમને આશા છે અને વિશ્વાસ છે કે, જ્યાં સુધી હાઈકોર્ટ આ મામલે કોઈ આદેશ નહીં આપે અને ટ્રાયલ કોર્ટ આ કેસને આગળ ધપાવશે નહીં. બેન્ચે રાજ્ય સરકારને સંભલમાં શાંતિ અને સંવાદિતા જાળવવા અને બંને સમુદાયના સભ્યોની બનેલી શાંતિ સમિતિની સ્થાપના કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે, શાંતિ અને સંવાદિતા જાળવવી જોઈએ. અમારે સંપૂર્ણપણે તટસ્થ રહેવું પડશે. સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશ પ્રશાસનને કહ્યું છે. સંભલમાં સ્થિતિ તંગ છે. પોલીસે બે મહિલાઓ સહિત ૨૫ મુસ્લિમોની ધરપકડ કરી છે અને હિંસા માટે સમાજવાદી પાર્ટી (SP)ના સાંસદ ઝિયાઉર રહેમાન બર્ક સહિત લગભગ ૨૫૦૦ વ્યક્તિઓ સામે કેસ દાખલ કર્યો છે. પોલીસે દાવો કર્યો છે કે, તેણે ટોળા સામે કોઈ ઘાતક શસ્ત્રોનો ઉપયોગ કર્યો નથી. મસ્જિદની મેનેજિંગ કમિટીના અધ્યક્ષ ઝફર અલીએ કહ્યું કે, આ દાવો વિરોધાભાસી છે, જેમણે કહ્યું હતું કે, તેમણે વ્યક્તિગત રીતે પોલીસને ટોળા પર ગોળીબાર કરતા જોયા છે. સર્વોચ્ચ અદાલતે સંભલ ટ્રાયલ કોર્ટને જણાવ્યું હતું કે, જ્યાં સુધી હાઈકોર્ટ આ કેસની સુનવણી કરે નહીં અને મુસ્લિમ પક્ષની અરજી પર કોઈ આદેશ ન આપે ત્યાં સુધી તેની સમક્ષ દાખલ થઈ શકે તેવો કોઈ રિપોર્ટ તેઓએ ખોલવો જોઈએ નહીં. ખંડપીઠે મુસ્લિમ પક્ષને જિલ્લા અદાલતના આદેશ સામે હાઈકોર્ટમાં જવાની સલાહ આપી હતી, કોર્ટે આ કેસને પેન્ડિંગ રાખ્યો છે અને ૬ જાન્યુઆરીથી શરૂ થતાં અઠવાડિયામાં તે સૂચિબદ્ધ કરવાનો આદેશ આપ્યો છે. સંભલની શાહી જામા મસ્જિદની મેનેજમેન્ટ કમિટીએ ગુરૂવારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, જેમાં જિલ્લા અદાલતના ૧૯ નવેમ્બરના આદેશને પડકાર્યો હતો, જેમાં મુઘલ યુગની મસ્જિદના



### સંભલ મસ્જિદ વિવાદ : સર્વોચ્ચ અદાલતે સર્વે બાબતે ટ્રાયલ કોર્ટની કાર્યવાહી અટકાવી, UP સરકારને શાંતિ જાળવવા નિર્દેશ આપ્યો

સર્વેક્ષણના નિર્દેશન સાથે ૧૯ નવેમ્બરના આદેશની કામગીરી પર સ્ટે માંગવામાં આવ્યો હતો. ઉત્તરપ્રદેશના સંભલમાં નવેમ્બર ૧૯થી તણાવ ઊભો થયો હતો જ્યારે શાહી જામા મસ્જિદનું કોર્ટ દ્વારા આદેશિત સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. તે એવા દાવાઓ બાદ કરવામાં આવ્યું હતું કે, આ સ્થાન પર અગાઉ હરિહર મંદિર હતું. ૨૪ નવેમ્બરના રોજ વિરોધીઓ મસ્જિદ પાસે એકઠા થયા અને સુરક્ષા કર્મચારીઓ સાથે ઘર્ષણ થયું હતું, આ હિંસામાં ચાર લોકોનાં મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. CJI સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની બે ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું હતું કે, અમે એડવોકેટ કમિશનરના રિપોર્ટને સીલબંધ કવરમાં રાખવા અને તે દરમિયાન ખોલવા ન દેવાનો નિર્દેશ આપીએ છીએ. કોઈપણ કિંમતે શાંતિ અને સંવાદિતા જાળવવી જોઈએ. ગુરૂવારે સંભલ શાહી જામા મસ્જિદ કમિટી (SSJMC) દ્વારા સિવિલ જજના ૧૯ નવેમ્બરના આદેશ પર સ્ટે આપવા માટેના નિર્દેશની માગણી કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. જિલ્લા અદાલતમાં દાવો કર્યા પછી 'ઉતાવળમાં' સર્વેક્ષણનો આદેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ સમક્ષ SSJMC દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં તાકીદે સુનાવણીની માંગ કરવામાં આવી હતી, જેના પર ટોચની અદાલતે આજે શુક્રવારે તેની સુનાવણી કરવા સંમત થઈ હતી.

### 'શાંતિ અને સંવાદિતા જાળવી રાખો' : સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશ સરકારને સૂચના આપતા ટ્રાયલ કોર્ટને સંભલ મસ્જિદ સર્વેક્ષણ પર કોઈ આદેશ ન આપવા નિર્દેશ કર્યો

સુપ્રીમ કોર્ટે શુક્રવારે સંભલની શાહી ઈદગાહ મસ્જિદની વ્યવસ્થાપન સમિતિને મસ્જિદના ટ્રાયલ કોર્ટના સર્વેના આદેશ અંગે હાઈકોર્ટનો સંપર્ક કરવા નિર્દેશ આપ્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજયકુમારે આ કેસની સુનાવણી કરતી વખતે જણાવ્યું હતું કે, જ્યાં સુધી શાહી ઈદગાહ સમિતિ હાઈકોર્ટ સમક્ષ તેમનો કેસ રજૂ નહીં કરે ત્યાં સુધી ટ્રાયલ કોર્ટનો આદેશ સ્થગિત રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, શાંતિ અને સંવાદિતા દરેક કિંમતે જાળવી રાખવી જોઈએ. બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટને મુસ્લિમ પક્ષની અરજી દાખલ કર્યાના ત્રણ કામકાજના દિવસોમાં સુનાવણી હાથ ધરવા પણ આદેશ આપ્યો છે. આઠ વાદીઓ દ્વારા ૧૯ નવેમ્બરના રોજ દાખલ કરાયેલ અરજીમાં દાવામાં દાવો કરવામાં આવ્યો છે કે, આ મસ્જિદ મૂળ રૂપે એક મંદિર છે અને પ્રવેશના અધિકારો અને સ્થળ સાથે દખલ અટકાવવા માટે મનાઈ હુકમ માંગ્યો છે. આ દાવા પર સિવિલ જજે તે જ દિવસે એક એક્સ-પાર્ટી ઓર્ડર જારી કર્યો, જેમાં મસ્જિદના સર્વેનું નિર્દેશન કાર્ય માટે એડવોકેટ કમિશનરની નિમણૂક કરી હતી.

૧૯ નવેમ્બરના રોજ સંભલમાં સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ), આદિત્યસિંહે તેના આદેશમાં એડવોકેટ કમિશનરને સંભલમાં શાહી જામા મસ્જિદનો સર્વે કરવા માટે નિર્દેશ આપ્યો હતો. આ પ્રક્રિયામાં ન્યાયાધીશે રમેશ રાઘવને એડવોકેટ કમિશનર તરીકે નિમણૂક કરી હતી અને ૨૯ નવેમ્બર સુધીમાં સર્વે કરીને રિપોર્ટ સુપરત કર્યો હતો. એડવોકેટ હરિ શંકર જૈન અને અન્ય સાત લોકો દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કર્યા પછી આ નિર્દેશ જારી કરવામાં આવ્યો, જેમણે દાવો કર્યો હતો કે, આ મસ્જિદ મુઘલ યુગ દરમિયાન તોડી પાડવામાં આવેલા મંદિર પર બનાવવામાં આવી હતી. કોર્ટના આ આદેશ બાદ મસ્જિદના સર્વે દરમિયાન ફાટી નીકળેલી હિંસામાં ઓછામાં ઓછા ૬ મુસ્લિમ યુવકો માર્યા ગયા હતા. SSJMCની અરજીમાં કહેવામાં આવ્યું છે કે, આ સર્વેક્ષણની મંજૂરી આપવામાં આવી હતી અને જેના પછી માત્ર ૬ કલાકની નોટિસ સાથે અન્ય સર્વે કરવામાં આવ્યો હતો. પિટિશનર કમિટીએ સુપ્રીમ કોર્ટને નિર્દેશો પસાર કરવા અને સર્વેને તાત્કાલિક બંધ કરવા વિનંતી કરી છે. SSJMCની અરજીમાં જણાવાયું હતું કે, પ્રતિવાદીઓ (SSJMC અને અન્ય)ને સાંભળ્યા વિના અને પીડિત વ્યક્તિઓને સર્વેક્ષણના આદેશ સામે ન્યાયિક ઉપાયો માટે પૂરતો સમય આપ્યા વિના પૂજાના સ્થળો પર વિવિધ સમુદાયોને સામેલ કરીને આદેશનો અમલ કરવામાં આવ્યો હતો.

CELEBRATING EXCELLENCE
34 years
GT

# અદાણી અને અન્ય મુદ્દાઓ પર વિપક્ષના વિરોધને કારણે સંસદની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત

## અદાણી પર લાંચના આરોપ, સંભલ હિંસા અને અન્ય મુદ્દાઓ પર વિરોધપક્ષના સાંસદોના વિરોધ અને સૂત્રોચ્ચાર વચ્ચે લોકસભા અને રાજ્યસભાને સતત ચોથા દિવસે સ્થગિત કરવામાં આવી હતી

(એજન્સી) તા.૨૯

સંસદના બંને ગૃહોમાં શિયાળુ સત્રની કાર્યવાહી શુક્રવારે સતત ચોથા દિવસે સ્થગિત કરવામાં આવી હતી કારણ કે, વિપક્ષના સભ્યોએ અદાણી લાંચના આરોપ અને અન્ય મુદ્દાઓ પર તેમનો વિરોધ ચાલુ રાખ્યો હતો. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરવામાં આવી હતી કારણ કે, વિપક્ષોએ મુદ્દાઓ પર ચર્ચાની માંગ સાથે વિરોધ ચાલુ રાખ્યો હતો. સવારના સત્રમાં સૂચિબદ્ધ પેપર્સ મૂક્યા પછી તરત જ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું કે, તેમને ગૃહના નિયમ ૨૬૭ હેઠળ સુનિશ્ચિત કામકાજ સ્થગિત કરવા માટે ૧૭ નોટિસ મળી છે. વિપક્ષી સાંસદોની આ નોટિસ અદાણી જૂથ સામે ભ્રષ્ટાચાર અને ગેરરીતિના આરોપો, ઉત્તરપ્રદેશના સંભલમાં સાંપ્રદાયિક હિંસા અને મણિપુરમાં વંશીય અથડામણો પર ચર્ચા માટે હતી. અધ્યક્ષે કહ્યું કે, તેઓ તમામ નોટિસોને ફગાવી રહ્યા છે. આના કારણે વિપક્ષના કેટલાક સાંસદોએ વિરોધ નોંધાવ્યો અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. ધનખડે કહ્યું કે, હું સાંસદોને ચિંતન માટે આહ્‌વાન કરૂં છું. નિયમ ૨૬૭ને વિક્ષેપની પદ્ધતિ તરીકે હથિયાર બનાવવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના સાંસદો સહિત વિપક્ષી સાંસદોએ આ ટિપ્પણીનો વિરોધ કર્યો હતો. વિપક્ષના સાંસદોના સતત સૂત્રોચ્ચાર વચ્ચે ધનખડે કહ્યું કે, આ યોગ્ય નથી અમે એક ખૂબ જ ખરાબ ઉદાહરણ આપી રહ્યા છીએ. અમારી ક્રિયાઓ જાહેર-કેન્દ્રિત નથી. અમે અપ્રસ્તુત થઈ રહ્યા છીએ પછી અધ્યક્ષે ગૃહની કાર્યવાહી ૨ ડિસેમ્બર સુધી સ્થગિત કરી દીધી છે. અદાણી વિવાદ અને યુપીના સંભલમાં તાજેતરની હિંસા અંગે વિપક્ષી સભ્યોના ઉગ્ર વિરોધને પગલે લોકસભાની કાર્યવાહી શરૂઆતમાં બપોર સુધી અને પછી દિવસ માટે સ્થગિત કરવામાં આવી હતી. ગૃહની બેઠક મળતાની સાથે જ કોંગ્રેસ સહિત વિરોધ પક્ષોના સભ્યોએ વિવિધ મુદ્દા ઊઠાવવાની માંગ કરી હતી. મોટાભાગે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના કેટલાક સભ્યો પણ ગૃહના વેલમાં હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, ગૃહને ચાલવા દેવો જોઈએ અને પ્રશ્નકાળ એ સભ્યોનો સમય છે. લોકો ઈચ્છે છે કે, ગૃહ ચાલે અને ચર્ચા થવી જોઈએ. લગભગ ૧૦ મિનિટ સુધી ચાલેલા પ્રશ્નકાળ દરમિયાન બે પ્રશ્નો લેવામાં આવ્યા હતા. આ વિરોધ ચાલુ રહેતા કાર્યવાહી બપોર સુધી સ્થગિત કરવામાં આવી હતી.

# સંસદ સતત મુલતવી થઈ રહી છે પણ સરકાર વિરોધ કરી અટકાવતી નથી એ બહુ મોટું રહસ્ય : કોંગ્રેસ

## કોંગ્રેસના સંદેશા વ્યવહાર મહામંત્રી જયરામ રમેશ જણાવે છે કે સરકારે બચાવની ભૂમિકામાં આવવું પડે અને દિલગીર પણ થવું પડે એવું ઘણું બધું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

સંસદનું શિયાળુ સત્ર શરૂ થયું છે ત્યારથી સતત બંને ગૃહોને સ્થગિત કરવી પડી છે અને કોઈ કામગીરી થઈ નથી. આ અંગે કોંગ્રેસે એવી પ્રતિક્રિયા આપી છે કે સંસદ સતત મુલતવી થઈ રહી છે છતાં સરકાર વિરોધ કરતી નથી અને રોકવાની કોશિશ કરતી નથી તે બહુ મોટું રહસ્ય છે.

કોંગ્રેસના સંદેશા વ્યવહાર મહામંત્રી જયરામ રમેશે જણાવ્યું હતું કે સરકાર માટે રક્ષણાત્મક બની જવું અને દિલગીર થવું એ માટેનું ઘણું બધું છે અને એ માટેના ઘણા બધા કારણો છે. સંસદનો એક વધુ દિવસ આજે નકામો ગયો છે અને મોદી તથા અદાણીના મુદ્દા પર કોઈ કાર્યવાહી થઈ નથી કે કોઈ ચર્ચા થઈ શકતી નથી અને થોડી મિનિટોમાં જ બંને ગૃહોને મુલતવી જાહેર કરવા પડ્યા છે. શું કામ સરકાર સતત અવરોધ અટકાવતી નથી અને એ અટકાવવા માટે એટલે કે બંને ગૃહો મુલતવી ન રહે એ રોકવાની પણ કોશિશ કરતી નથી. સરકારનું આ વલણ એક ખૂબ જ મોટું રહસ્ય છે. કોંગ્રેસ નેતાએ ઉમેર્યું હતું કે ઊલટું સરકાર તો અદાણી તથા મોદી અને મણિપુર તેમજ સંભલ હિંસા તેમજ દિલ્હીની પરિસ્થિતિ અંગે ઈન્ડિયા બ્લોકના પક્ષોને વધુને વધુ આક્રમક થવા દઈ રહી છે એ રહસ્ય છે અને એ સ્પષ્ટ છે કે સરકાર પાસે બચાવની ભૂમિકામાં આવવાનું અને દિલગીરી માટેના ઘણા બધા કારણો છે. આજે પણ લોકસભા અને રાજ્યસભામાં અદાણીના મુદ્દા પર તથા સંભલની હિંસા પર ચર્ચા માટેની વિપક્ષની માગણી નકારી કાઢવામાં આવી હતી અને રાજ્યસભામાં તો અધ્યક્ષ ધનખડ દ્વારા તો એવી ફિલ્મ કરવામાં આવી હતી કે નિયમ ૨૬૭ મુજબ ચર્ચા માંગવામાં આવી રહી છે પણ વિપક્ષના સંસદસભ્યોએ આ નિયમનો કામગીરી ખોરવી નાખવાના હથિયાર તરીકે ઉપયોગ કરવો જોઈએ નહીં. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના ચેરમેનના આ વિધાનો સામે વિપક્ષના સભ્યોએ જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.




# મહારાષ્ટ્ર : શિંદે નારાજ, ગામડે જવા રવાના : મહાયુતિની બેઠક રદ, ભાજપ વલણમાં અડગ

**ન્યુઝ GT પોઈન્ટ**

**ઉદ્ધવ ઠાકરેએ પોતાની રણનીતિ બદલી કોંગ્રેસ સાથે છેડો ફાડી નાંખ્યો. શિંદે ગ્રુપ ઉદ્ધવથી નારાજ થયેલ કારણ કે તે કોંગ્રેસ સાથે જોડાયેલ. શિવસેના શિંદે ગ્રુપમાં ભાગ પડે અને વધુ સંખ્યામાં એમ.એલ.એ. ઉદ્ધવ ઠાકરેના પક્ષમાં જોડાય અને ઉદ્ધવ ઠાકરેને પોતાનું પાર્ટી ચિહ્‌ન વાઘ મળી જાય તો નવાઈ નહીં.**



(એજન્સી) મુંબઈ, તા.૨૯

નવી મહારાષ્ટ્ર સરકારની રચના અનિશ્ચિતતામાં ઘેરાયેલી છે કારણ કે, શુક્રવારના રોજ મહાયુતિ ગઠબંધનની નિર્ણાયક બેઠક રખેવાળ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અણધારી રીતે સતારા જિલ્લામાં તેમના ગામ જવા રવાના થયા બાદ સરકારમાં પોર્ટફોલિયોની વહેંચણી પર ચર્ચામાં વિલંબ થતાં રદ કરવામાં આવી હતી. શિંદે, ભાજપના દેવેન્દ્ર ફડણવીસ અને એનસીપી નેતા અજિત પવાર સાથે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા સાથે મુલાકાત કર્યા પછી શુક્રવારે સવારે મુંબઈ પરત ફર્યા હતા. તેમની વાટાઘાટો તાજેતરની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનની વ્યાપક જીત બાદ સત્તા-વહેંચણીની સમજૂતી પર ધ્યાન કેન્દ્રિત હતી. દિલ્હીની મીટિંગને 'સકારાત્મક' કહ્યા પછી શિંદેના અચાનક પ્રસ્થાનથી વાટાઘાટો અટકી ગઈ અને આગામી સરકાર અને મંત્રી પદની ફાળવણીનું સંચાલન કોણ કરશે તેના પર વધુ સસ્પેન્સ સર્જાયું છે. સૂત્રોએ ઈન્ડિયા ટુડેને જણાવ્યું કે, શિવસેના નેતા શનિવારે મુંબઈ પરત ફરે તેવી શક્યતા છે. ૧૩૨ વિધાનસભા બેઠકો જીતનાર ભાજપે તેના મુખ્યમંત્રી પદના ઉમેદવારને આખરી ઓપ આપવા માટે હજુ સુધી તેની ધારાસભ્ય દળની બેઠક બોલાવવાની બાકી છે, પરંતુ સર્વોચ્ચ પદ દેવેન્દ્ર ફડણવીસને જાય તેવી અપેક્ષા છે. મહાયુતિ સાથી પક્ષ શિવસેના ૫૭ બેઠકો સાથે અને અજિત પવારની એનસીપી ૪૧ સાથે કથિત રીતે કેબિનેટમાં વધુ સારૂં સ્થાન મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, કારણ કે, તેમની મુખ્યપ્રધાન પદ પર દાવો કરવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. સૂત્રોએ એવું પણ સૂચન કર્યું હતું કે, નવી સરકાર મહાયુતિના ત્રણ મુખ્ય ઘટકોનું પ્રતિનિધિત્વ કરવા માટે બે નાયબ મુખ્યપ્રધાનો ધરાવતી સત્તાની વહેંચણીની વ્યવસ્થા અપનાવી શકે છે. કેબિનેટ બર્થની વાત કરીએ તો બીજેપી લગભગ ૨૦ મંત્રીઓને સમાવવાનું વિચારી રહી છે, જેમાં સેનાને એનસીપી કરતા મોટો હિસ્સો મળવાની અપેક્ષા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હીની બેઠક દરમિયાન બીજેપીના અધિકારીઓએ શિંદેને જણાવ્યું કે, ફડણવીસ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનશે. શિંદે શરૂઆતમાં નાયબ મુખ્યમંત્રી પદ માટે તૈયાર ન હતા પરંતુ બાદમાં તેમણે પોતાનું વલણ નરમ પાડ્યું હતું અને માંગ કરી હતી કે, તેમને ગૃહ પોર્ટફોલિયો આપવામાં આવે. શિવસેનાના નેતાઓ લાડકી બહિન યોજના જેવી પહેલોની સફળતાને ટાંકીને શિંદેને મુખ્યપ્રધાન તરીકે ચાલુ રાખવાની હિમાયત કરી રહ્યા છે. જો કે, રખેવાળ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાને કહ્યું કે, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ દ્વારા લેવામાં આવેલા નિર્ણયોનું પાલન કરશે. શિંદેના પુત્ર શ્રીકાંત શિંદેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમના પિતા મહાયુતિ ગઠબંધન માટે પ્રતિબદ્ધ છે. તેઓ વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા કરતાં સામૂહિક શાસનને પ્રાથમિકતા આપીને 'ગઠબંધન ધર્મ'નું ઉદાહરણ આપી રહ્યા છે. શિંદેએ ગુરૂવારે મોડી રાત્રે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, સરકારની રચના પર મહાયુતિ ગઠબંધનની આગામી બેઠક શુક્રવારે મુંબઈમાં યોજાશે. જો કે, શિવસેનાના વડા કેરટેકર સીએમ, પશ્ચિમ મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં તેમના વતન ગામ ડેરે પ્રવાસ કરી રહ્યા છે અને હવે આ બેઠક રવિવારે થવાની ધારણા છે. શિવસેનાના નેતાએ કહ્યું છે કે, તેઓ સરકારની રચનામાં અવરોધરૂપ બનશે નહીં અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા આગામી મુખ્યપ્રધાન અંગે લેવામાં આવેલા નિર્ણયોનું પાલન કરશે. મહાયુતિના સૌથી મોટા ઘટક, ભાજપની આગેવાની હેઠળની આગામી સરકારમાં શિંદેના સ્થાનને લઈને શિવસેનામાં અલગ-અલગ દૃષ્ટિકોણ ઉભરી રહ્યા છે. શિવસેનાના ઘણા નેતાઓ શિંદેને ભાજપ દ્વારા ઓફર કરવામાં આવે તો નાયબ મુખ્યમંત્રી પદ સ્વીકારવા માટે કહી રહ્યા છે. જો કે, અન્ય એક વર્ગને લાગે છે કે, અઢી વર્ષથી વધુ સમય સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપ્યા પછી નં.૨નું પદ સ્વીકારવું તેમના માટે યોગ્ય નથી. ભાજપ તેના ધારાસભ્ય દળના નેતાની ઘોષણા કર્યા પછી સરકારની રચનાની પ્રક્રિયા શરૂ થશે. તેમના દિલ્હી પ્રવાસ દરમિયાન શિંદે શાહને મળ્યા હતા અને રાજ્યમાં આગામી સરકારની રચના અંગે ચર્ચા કરી હતી. રાજ્ય કેબિનેટમાં તેમના ડેપ્યુટી દેવેન્દ્ર ફડણવીસ (BJP) અને અજિત પવાર (NCP) પણ વરિષ્ઠ ભાજપના નેતાને મળ્યા હતા. રાષ્ટ્રીય રાજધાનીમાં પત્રકારો સાથે વાત કરતા શિંદેએ આ ચર્ચાને 'સારી અને સકારાત્મક' ગણાવી હતી. શિંદે, ફડણવીસ અને પવાર બીજેપી અધ્યક્ષ જે.પી. નડ્ડાને પણ મળ્યા હતા.

**મહારાષ્ટ્રની સરકારની રચનાને આખરી ઓપ આપવા માટે મહાયુતિના નેતાઓની બેઠક શુક્રવારે હતી અને રખેવાળ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અણધારી રીતે સતારા જિલ્લામાં તેમના ગામ જવા રવાના થયા બાદ તે રદ કરવામાં આવી હતી, અચાનક જ એકનાથ શિંદે શુક્રવારે સતારા જિલ્લામાં તેમના ગામ જવા રવાના થયા હતા, જેનાથી મહારાષ્ટ્રના આગામી મુખ્યપ્રધાન અંગે અટકળો વધી હતી**

## ટીએમસી નેતાએ કહ્યું - અમે ઈચ્છીએ છીએ કે સંસદનું કામ ચાલે, અદાણી એજન્ડામાં નથી

સંસદના શિયાળુ સત્રના ઘણા દિવસ સંપૂર્ણ રીતે હોબાળાને કારણે વેડફાઈ ગયા. ગૌતમ અદાણીના મુદ્દે વિપક્ષના સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસ આ મુદ્દે સરકારને ઘેરી રહી છે. જો કે હવે આ મુદ્દે I.N.D.I.A. ગઠબંધનમાં મતભેદ સર્જાયા છે. આ મામલે તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ અલગ વલણ અપનાવ્યું છે અને પક્ષના નેતાઓએ સંસદમાં અન્ય મુદ્દા ઉઠાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. પાર્ટીની બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભાના નેતા ડેરેક ઓ બ્રાયને કહ્યું કે, "ટીએમસી ઈચ્છે છે કે સંસદ ચાલે જેથી લોકોના મુદ્દા ઉઠાવી શકાય." અદાણી મુદ્દે સંસદમાં હોબાળાને પગલે અન્ય ઘણાં મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી નથી. લોકસભાના સભ્ય કાકોલી ઘોષ દસ્તીદારે પણ આ મુદ્દે પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, "ટીએમસી ઈચ્છે છે કે સંસદ કાર્યરત રહે. અમે નથી ઈચ્છતા કે કોઈ એક મુદ્દો સંસદને પ્રભાવિત કરે. આપણે આ સરકારને તેની નિષ્ફળતાઓ માટે જવાબદાર ઠેરવવી જોઈએ." અદાણીનો મુદ્દો એજન્ડામાં સામેલ નથી.

## EDએ ચાઈનીઝ શેલ કંપની સાથે જોડાયેલા HPZ ટોકન ઈન્વેસ્ટમેન્ટ કૌભાંડમાં ૧૦૬.૨૦ કરોડની સંપત્તિઓ જપ્ત કરી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ કથિત HPZ ટોકન 'કૌભાંડ'ની તપાસના ભાગરૂપે ભારત અને દુબઈમાં રૂા. ૧૦૬.૨૦ કરોડની જંગમ અને સ્થાવર મિલકતો જપ્ત કરી છે. એજન્સીએ ગુરુવારે આ માહિતી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું કે આ 'કૌભાંડ'માં ચીનની લિંક ધરાવતી નકલી કંપનીઓ પણ સામેલ છે. આ કંપનીઓએ એપ અને ઓનલાઈન ગેમિંગ અને સટ્ટાબાજીની વેબસાઈટ દ્વારા રોકાણ બમણું કરવાના બહાને સેંકડો કરોડ રૂપિયા ઉઘરાવ્યા હતા. EDની દીમાપુર ઉપ-પ્રાદેશિક કચેરીએ ભારત અને દુબઈમાં જંગમ અને સ્થાવર મિલકતોના રૂપમાં અપરાધની કાર્યવાહી (POC) જપ્ત કરી છે. આ મિલકતોની કિંમત ૧૦૬.૨૦ કરોડ રૂપિયા છે. આ મિલકતો વિવિધ વ્યક્તિઓ અને શેલ કંપનીઓની છે.

## જમ્મુ-કાશ્મીર : અનંતનાગ પોલીસે શ્રીગુફવારામાં NDPS એક્ટ હેઠળ ૨ કરોડની સંપત્તિ જપ્ત કરી

માદક દ્રવ્યોના દુરુપયોગ સામે લડવા માટેના એક મહત્વપૂર્ણ પગલા સ્વરૂપે અનંતનાગ પોલીસે માદક દ્રવ્યો અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) અધિનિયમ હેઠળ ડ્રગ હેરફેરના નેટવર્ક સામે કડક કાર્યવાહી કરતાં રૂા. ૨ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. અનંતનાગના શ્રીગુફવારા ખાતે, પોલીસે કનલવાનના રહેવાસી ગુલામ રસૂલ મલિકના પુત્ર મોહમ્મદ અમીન મલિકની માલિકીની બે માળની રહેણાંક ઈમારત અને ૨ કરોડ રૂપિયાની એક કનાલ જમીન જપ્ત કરી હતી. મલિક, એક રીઢો ગુનેગાર છે જે પીએસ શ્રીગુફવારા ખાતે એફઆઈઆર નંબર ૧૧૩/૨૦૨૧ના કેસમાં સામેલ હતો, જ્યાં મોટી માત્રામાં માદક દ્રવ્યોનો જથ્થો મળી આવ્યો હતો. આ નિર્ણાયક કાર્યવાહી અનંતનાગ પોલીસની માદક દ્રવ્યોના જોખમને નાબૂદ કરવા અને માદક દ્રવ્યોની હેરાફેરીનું સમર્થન કરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડી પાડવાની અતૂટ પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. NDPS એક્ટની જોગવાઈઓનો ઉપયોગ કરીને ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી મિલકતો જપ્ત કરવી એ એક મજબૂત સંદેશો મોકલે છે, જે ગેરકાયદેસર ડ્રગના વેપારમાં સામેલ લોકો માટે અવરોધક તરીકે કામ કરે છે. અનંતનાગ પોલીસ નશા મુક્ત સમાજને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે અને ડ્રગની હેરફેરમાં સામેલ વ્યક્તિઓ અને જૂથો સામે કડક કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે.

## ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે બોલિવૂડ રેપર બાદશાહની ચંદીગઢમાં આવેલી ક્લબ બહાર વિસ્ફોટની જવાબદારી સ્વીકારી

ચંદીગઢમાં વહેલી સવારે બે નાઈટ ક્લબની બહાર ભયાનક બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગના ગોલ્ડી બ્રાર અને રોહિત ગોદારાએ લીધી છે. બંનેએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાણ કરીને બ્લાસ્ટની જવાબદારી લીધી હતી. સોશિયલ મીડિયા પોસ્ટ પર તેણે દાવો કર્યો હતો કે સિલ્વર રેસ્ટોરન્ટ પર જ્યાં બ્લાસ્ટ કર્યો તેનો માલિક રેપર બાદશાહ છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે રેસ્ટોરન્ટના માલિકને ખંડણીનો કોલ કરવામાં આવ્યો હતો પરંતુ તેણે તે કોલને રીસીવ કર્યો ન હતો. જો કે, આજ સુધી સોશિયલ મીડિયાએ આ પોસ્ટની પુષ્ટિ કરી નથી. પોલીસ આ મામલે હાલ તપાસ કરી રહી છે. વડાપ્રધાન મોદીના ચંદીગઢના પ્રવાસના એક અઠવાડિયા પહેલા જ આ વિસ્ફોટની ઘટનાઓ બની હતી.

## સિંગાપોરમાં ૭૩ વર્ષીય ભારતીય નાગરિકની ધરપકડ, ફ્લાઈટમાં ૭ વખત ૪ મહિલાઓ પર જાતીય હુમલો કર્યો

સિંગાપોરની એક અદાલતે ૭૩ વર્ષીય ભારતીય નાગરિક બાલાસુબ્રમણ્યમ રમેશને સિંગાપોર એરલાઈન્સની ફ્લાઈટમાં ચાર મહિલાઓની છેડતીનો આરોપ લગાવ્યો છે. ધ સ્ટ્રેટ્સ ટાઈમ્સ અનુસાર, બાલાસુબ્રમણ્યમ રમેશને આ કેસમાં ૨૧ વર્ષ સુધીની જેલ થઈ શકે છે. સોમવારે જિલ્લા કોર્ટમાં તેની સામે છેડતીના સાત આરોપો ઘડવામાં આવ્યા હતા. બાલાસુબ્રમણ્યમ ૧૮ નવેમ્બરે સવારે ૩.૧૫થી ૫.૩૦ વાગ્યાની વચ્ચે ચાર મહિલાઓની છેડતી કરી હતી. જેમાંથી એક મહિલાની ચાર વખત અને અન્ય ત્રણ મહિલાઓની એક-એક વખત છેડતી થઈ હતી. રિપોર્ટ અનુસાર અલગ-અલગ સમયે મહિલાઓની છેડતી કરવામાં આવી હતી. છેડતીના કાયદા હેઠળ, છેડતીની દરેક ગણતરી ત્રણ વર્ષ સુધીની જેલની સજા, દંડ અથવા કેનિંગ અથવા તેના કોઈપણ સંયોજન સાથે સજાપાત્ર છે. બાલાસુબ્રમણ્યમને ૫૦ વર્ષથી વધુ વયના હોવાના કારણે તેમને છરી આપી શકાય નહીં. કોર્ટના રિપોર્ટમાં એ ખુલાસો થયો નથી કે આ મહિલાઓ પેસેન્જર હતી કે સ્ટાફ મેમ્બર. બાલાસુબ્રમણ્યમને ૧૩ ડિસેમ્બરે સજા સંભળાવવામાં આવે તેવી શક્યતા છે.

## ચેન્નાઈમાં ઢોર ચરાવતી પાંચ મહિલાઓ પર કાર ફરી વળી, તમામનાં મોત

તામિલનાડુમાં ચેન્નાઈ નજીક મામલ્લાપુરમમાં ઈવે પર એક પૂરપાટ ઝડપે દોડતી કારની ટક્કરથી પાંચ મહિલાઓના મોત થયા હતા. પોલીસે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે પાંચ મહિલાઓ જ્યારે ઢોર ચરાવવા ગઈ હતી. પછી રસ્તો ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે તેમને એક કારે ટક્કર મારી હતી. તેમણે કહ્યું કે કાર ચાલકને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતાં મુખ્યમંત્રી એમકે સ્ટાલિને પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને અધિકારીઓને આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓના પરિવારોને મુખ્ય પ્રધાનના જાહેર રાહત ભંડોળમાંથી ૨ લાખ રૂપિયા આપવાનો નિર્દેશ આપ્યો છે.

## દિલ્હીનાં સીએમ આતિશીનો ભાજપ પર આરોપ-મુખ્યમંત્રી તરીકે અરવિંદ કેજરીવાલના કામમાં અડચણો પેદા કરી

દિલ્હીના મુખ્યમંત્રી આતિશી માર્લેનાએ ગુરુવારે આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ માટે ભાજપને ઘેરતાં તેના પર આરોપ મૂક્યો કે કેજરીવાલે મુખ્યમંત્રી તરીકે જે કામ કર્યા તેને રોકવા માટે ભાજપે અડચણો પેદા કરી હતી. જેના લીધે તેમની ધરપકડ પણ કરી લેવામાં આવી હતી. અરવિંદ કેજરીવાલ જેલમાંથી હવે બહાર આવ્યા છે અને તમામ કામ 'યુદ્ધના ધોરણે' કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે કેબિનેટની બેઠકમાં ઘણા નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેમાં ઈલેક્ટ્રિક વાહન (EV) નીતિને ફરીથી શરૂ કરવામાં આવી છે જે મદદથી પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે. દિલ્હીના સીએમ આતિશીએ એક પ્રેસ કોન્ફરન્સમાં આ ટિપ્પણી કરી હતી.

## આતંક સમર્થિત ઠેકાણાઓ પર જમ્મુ-કાશ્મીર પોલીસના દરોડા, ૫૦ જગ્યાઓ પર તપાસ

જમ્મુ કાશ્મીર પોલીસે શંકાસ્પદ આતંકવાદીઓ અને તેમના સમર્થકોને પકડવા માટે જમ્મુ અને કાશ્મીરમાં ૫૦થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા હતા. તેમાંથી એકલા કઠુઆ જિલ્લામાં લગભગ ૧૭ સ્થળોએ દરોડા પાડીને ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેઓ આતંકવાદીઓને મદદ કરતા હતા. તેમની પાસેથી ઈલેક્ટ્રોનિક ઉપકરણો પણ જપ્ત કરવામાં આવ્યા છે. જમ્મુ ક્ષેત્રના એડીજે આનંદ જૈને જણાવ્યું હતું કે પોલીસ આતંકવાદીઓને ટેકો આપતા અનેક શંકાસ્પદ લોકો સામે કેસ નોંધી રહી છે અને તેમની પૂછપરછ ખીણમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં કરવામાં આવી રહી છે.

## મહારાષ્ટ્રમાં બસ પલટી મારી જતાં ૧૦નાં મોત; સંખ્યાબંધ ઘાયલ

મહારાષ્ટ્રની ગોંડિયા જિલ્લામાં આજે એક ઉતારૂ બસ રસ્તા પર પલટી મારી જતાં દસ ઉતારૂ મૃત્યુ પામ્યા હતા અને સંખ્યાબંધ ઉતારૂ ઘાયલ થયા હતા. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પીડિતો માટે રૂા.૧૦ લાખની મદદની સહાય જાહેર કરી હતી. સ્ટેટ પરિવહન નિગમની બસના ૩૦ ઉતારૂની સારવાર ચાલી રહી છે.

## વિશ્વનો સૌથી મોટો સોનાનો ખજાનો ચીનમાં મળી આવ્યો, ખાણમાં ૮૩ અબજ ડોલરના ગોલ્ડનો જથ્થો હોવાનું અનુમાન

ચીનમાં વિશ્વની સૌથી મોટી સોનાની ખાણ મળી આવી છે. મધ્ય ચીનના હુનાન પ્રાંતમાં મળેલી સોનાની અનામતોનો જથ્થો ૧૦૦૦ ડોલર થવા જાય છે તેમ ચીનના ભૂસ્તરશાસ્ત્રીઓ જણાવે છે દ.આફ્રિકાની ખાણની ગોલ્ડ અનામત ૯૦ ટન છે. આ તેથી પણ વધુ છે.

## અજમેર દરગાહ-હનુમાન મંદિર વિવાદ : સુફીઓએ કોર્ટના અધિકારક્ષેત્ર પર પ્રશ્ન કર્યો, ૮૧૪મા ઉર્સની ઉજવણી પહેલા કાનૂની હસ્તક્ષેપની યોજના

### દરગાહે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સમાપ્ત થનારી ઈવેન્ટના શેડ્યૂલની જાહેરાત કરતી વખતે જણાવ્યું હતું કે, આ ઉર્સની શરૂઆતને ચિહ્નિત કરવા માટેનો ધ્વજ ૨૮ ડિસેમ્બરે લહેરાવવામાં આવશે

(એજન્સી) અજમેર, તા.૨૯

અજમેરમાં ૧૩મી સદીના સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (ર.અ.)ની દરગાહ ભારતના સૌથી મહત્ત્વપૂર્ણ સૂફી દરગાહ છે અને આ દરગાહ પર ૮૧૪મા ઉર્સ અથવા વાર્ષિક ઉત્સવની તૈયારી વચ્ચે આ સ્થળ હિન્દુ મંદિર પર આવેલું હોવાનો દાવોકરતી અરજીને લીધે વિવાદ શરૂ થયો છે. દરગાહે ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સમાપ્ત થનારી ઈવેન્ટના શેડ્યૂલની જાહેરાત કરતી વખતે જણાવ્યું હતું કે, આ ઉર્સની શરૂઆતને ચિહ્નિત કરવા માટેનો ધ્વજ ૨૮ ડિસેમ્બરે લહેરાવવામાં આવશે.

બુધવારે અજમેરની અદાલતે દરગાહ સંકુલમાં સંકટમોચન મહાદેવ મંદિરના અસ્તિત્વનો દાવો કરતી અરજી સ્વીકારી અને દરગાહ સમિતિ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ અને લઘુમતી બાબતોના મંત્રાલયને નોટિસ જારી કરી. આ કેસની વધુ સુનાવણી ૨૦ ડિસેમ્બરે રાખવામાં આવી હતી. આ દરગાહ એક હિંદુ મંદિર ઉપર બાંધવામાં આવી હોવાના દાવાઓ માટેનું એક નવીનતમ ધાર્મિક સ્થળ બની ગયું હોવાથી, આ સમાચારે સૂફીઓને આંચકો આપ્યો છે, જે અહીંની ધાર્મિક પરંપરાના સભ્યો છે. સૂફી ઈસ્લામિક બોર્ડે જણાવ્યું હતું કે આ કેસ સુનાવણી માટે આવે તે પહેલાં તેઓ આ કેસમાં હસ્તક્ષેપની અરજી દાખલ કરશે. સૂફીઓએ કહ્યું કે આ અરજી અશાંતિ ફેલાવવા માટે છે. આ દાવો સરકારી સત્તાવાળાઓને દરગાહનું રજિસ્ટ્રેશન રદ કરવા અને હિન્દુઓને સ્થળ પર પૂજા કરવાની મંજૂરી આપવા કહે છે. સૂફીઓએ કહ્યું કે આ વિવાદ ધાર્મિક સ્થળો પરના અન્ય ઝઘડા કરતા અલગ છે. મસ્જિદોથી વિપરીત જ્યાં આ દરગાહની મુલાકાત માટે હજારો હિન્દુઓ આવે છે. હિન્દુઓ સદીઓથી અજમેર દરગાહ પર પ્રાર્થના કરે છે. આ સંત એક બુઝુર્ગ છે જેને લાખો હિન્દુઓ અનુસરે છે.

ઉપરાંત સદીઓ જૂના વિવાદોથી વિપરીત ૧૯૧૧માં પ્રકાશિત થયેલા અજમેરના ઈતિહાસ પરના પુસ્તકમાં દરગાહ પરિસરમાં મંદિરનો એક માત્ર ઉલ્લેખ છે. આ મંદિર માટે અન્ય એક વિશિષ્ટતા એ છે કે તે ખાસ કાયદા, દરગાહ ખ્વાજા સાહેબ એક્ટ ૧૯૫૫ હેઠળ સંચાલિત છે. સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદા દ્વારા સંચાલિત વિષય પર નીચલી અદાલત કેવી રીતે આદેશ પસાર કરી શકે છે? સંસદીય કાયદો ઉચ્ચ છે. સૂફી સંતમાં ઉપદેશોને સમર્પિત સંસ્થા સર્વધર્મ ખ્વાજા મંદિરના સૂફી રાજ જૈને કહ્યું કે હિન્દુ અને શીખ આ સંતના અનુયાયીઓ છે. તેના પર લોકોને ઈસ્લામમાં ધર્માંતરિત કરવાનો આરોપ છે, પરંતુ તેઓએ સામાજિક સમાનતાનો તેમનો સંદેશ આપીને લોકોને આકર્ષ્યા હતા. મેં તેમના જીવનનો અભ્યાસ કર્યો છે અને હું કહી શકું છું કે તેમણે લોકોનું ધર્માંતરણ કર્યું નથી. સૂફી સંતોએ વિભાજન નહીં પરંતુ એકતા સ્થાપિત કરી છે. જૈન દર થોડા મહિને પંજાબના હોશિયારપુર સ્થિત પોતાના ઘરેથી આ દરગાહમાં પૂજા કરવા જાય છે.

સૂફી દાવો અંગેનો તેમનો કાનૂની પ્રતિભાવ નક્કી કરવા શુક્રવારે અમે બેઠક કરી રહ્યા છીએ. તેઓએ કહ્યું કે આ દાવો દાખલ ન કરવો જોઈએ કારણ કે પૂજા સ્થળ (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ ૧૯૯૧, ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં છે તે રીતે કોઈપણ પૂજા સ્થળના પાત્રની જાળવણીની જરૂરિયાત પર ભર મૂકે છે. માત્ર રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ વિવાદ, જે હવે ઉકેલાઈ ગયો છે તેને કાયદા હેઠળ અપવાદ ગણવામાં આવ્યો હતો.

## બાંગ્લાદેશમાં ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવા આદેશ આપવાનો ઢાકા હાઈકોર્ટનો ઈન્કાર

### ઈસ્કોનની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધની માગણી કરતી અરજી નકારી કાઢી અને સુઓમોટો હુકમ કરવાનું નકાર્યું, બાંગ્લાદેશ સરકાર આ મુદ્દા પર જરૂરી પગલાં લઈ રહી હોવાની હાઈકોર્ટને જાણ કરાયા બાદ હાઈકોર્ટનું વલણ

(એજન્સી) ઢાકા, તા.૨૯

બાંગ્લાદેશમાં ઈસ્કોનની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાનો સુઓમોટો આદેશ બહાર પાડવાનું ઢાકા હાઈકોર્ટ દ્વારા નકારી કાઢવામાં આવ્યું છે. સરકાર જરૂરી પગલાં લઈ રહી છે એવી જાણકારી સરકારી અદાલતે આપ્યા પછી હાઈકોર્ટે કોઈ આદેશ આપવાનું નકારી કાઢ્યું છે. બાંગ્લાદેશ સુપ્રીમ કોર્ટના ધારાશાસ્ત્રી મોહમ્મદ મુનિરૂદ્દીન દ્વારા ઈસ્કોનના પ્રવૃત્તિઓના અહેવાલો અંગે અખબારોમાં આવેલા અહેવાલો હાઈકોર્ટની બેંચ સમક્ષ રજૂ કર્યા હતા અને આ સંગઠન પર પ્રતિબંધ મૂકવાનો તેમજ ચટ્ટોગ્રામ, રંગપુર અને દિનાજપુરમાં ૧૪૪મી કલમ લાગુ કરવાનો સરકારને આદેશ આપવા સામેથી હુકમ બહાર પાડવા માટે હાઈકોર્ટને વિનંતી કરી હતી. પછી હાઈકોર્ટે સરકારે શું-શું પગલાં ઈસ્કોન અંગે લીધા છે એ વિશે સરકાર પાસેથી માહિતી મેળવવા એટર્ની જનરલને સૂચના આપી હતી. ગુરૂવારે ફરીથી કાર્યવાહી શરૂ થઈ ત્યારે સરકાર પાસેથી મળેલી માહિતી એટર્ની જનરલે જસ્ટિસ ફરાહ મહેબુબ તેમજ જસ્ટિસ દેબાસીસ રોય ચૌધરીની બેંચ સમક્ષ રજૂ કરી હતી. અદાલતે આશા દર્શાવી હતી કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં ખલેલ નહીં પડે એ માટે સરકાર સાવધ રહેશે અને પગલાં લેશે અને લોકોના જાનમાલનું રક્ષણ થશે એવા પગલાં લેવાશે એવી અદાલતને આશા છે. એટર્ની જનરલે અદાલતને માહિતી આપી હતી કે ઈસ્કોનની પ્રવૃત્તિઓ અંગે પગલાં લેવાયા છે અને તેના બાંગ્લાદેશના પૂર્વ વડાને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ બદલ જેલમાં નાખવામાં આવ્યા છે. જાણીતા વકીલ સૈફુલ ઈસ્લામ અલીફ અને ઈસ્કોનની પ્રવૃત્તિ અંગે અને એ બે વચ્ચે સંબંધ છે કે કેમ તેના વિશે તપાસ ચાલે છે. પગલાં લેવાય છે અને ૩૩ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

## NCP દિલ્હી વિધાનસભાની ચૂંટણી લડશે, પ્રફુલ પટેલની જાહેરાત

### NCPના કાર્યકારી પ્રમુખ અને રાજ્યસભાના સભ્ય પ્રફુલ પટેલે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં સફળતા મળ્યા બાદ પક્ષ હવે દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓમાં પણ ઝૂકાવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

એનસીપીના કાર્યકારી પ્રમુખ અને રાજ્યસભાના સભ્ય પ્રફુલ પટેલે ગઈકાલે જાહેર કર્યું હતું કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં સફળતા મળ્યા બાદ હવે અમારી પાર્ટી દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પણ લડવા તૈયાર છે. દિલ્હીમાં પક્ષની કચેરીમાં મીડિયા સાથે વાતચીત કરતા પ્રફુલ પટેલે જણાવ્યું હતું કે, હવે ત્રણ રાજ્યોમાં અમે માન્ય પક્ષ બન્યા છીએ અને એનસીપીને ફરીથી રાષ્ટ્રીય પક્ષ બનાવવા સુધી ઝંપીને બેસી રહીશું નહીં. અમે દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પણ લડીશું અને મને વિશ્વાસ છે કે અમને સફળતા મળશે અને ત્યાં પણ અમારૂં ખાતું ખુલી જશે. તેમણે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં શાનદાર વિજય બદલ હું અજિત પવાર અને પક્ષના કાર્યકરો તથા એનસીપીના નેતાઓને અભિનંદન આપું છું. એનસીપી દેશના અગ્રણી રાષ્ટ્રીય પક્ષોમાં એક પક્ષ હતી પણ છેલ્લા કેટલાક વર્ષથી પક્ષની પ્રગતિને ઘસારો લાગ્યો હતો પણ તાજેતરમાં નાગાલેન્ડમાં પણ અમારા સાત ધારાસભ્ય ચૂંટાયા છે. અમે અરૂણાચલમાં પણ લડ્યા છીએ અને ત્રણ ધારાસભ્યો બન્યા છે અને ૧૦.૬% મત પણ મળ્યા છે.

## યુપીમાં નર્સ પર કથિત રીતે સામૂહિક બળાત્કાર ગુજારી ગુપ્તાંગમાં લાકડી, મરચાનો પાવડર નાખવામાં આવ્યો

(એજન્સી) લખનઉ, તા.૨૯

ઉત્તરપ્રદેશના જાલૌનમાં એક નર્સ પર કથિત રીતે બે પુરૂષો દ્વારા ક્રૂરતાપૂર્વક સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો, જ્યારે અન્ય ચાર લોકોએ તેને પકડી રાખી હતી. મહિલાના પરિવારજનોએ કહ્યું છે કે, તેને લાકડી વડે માર મારવામાં આવ્યો હતો અને તેના ગુરપ્તાંગમાં મરચાનો પાવડર નાખવામાં આવ્યો હતો. જોકે પોલીસે દાવો કર્યો છે કે, મહિલાનું અન્ય વ્યક્તિ સાથે અફેર હતું અને તેને અને તેના પરિવારના સભ્યોએ માર માર્યો હતો. તેઓએ એમ પણ કહ્યું કે, તેણીએ કેટલાક ગંભીર આક્ષેપો કર્યા છે, જેના આધારે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે. મહિલાના પતિએ જણાવ્યું કે, તે ચુરખી પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં સ્ટાફ નર્સ તરીકે કામ કરે છે. ગુરૂવારની સવારે તે તેના સ્કૂટર પર કામ કરવા માટે જઈ રહી હતી ત્યારે તેને કેટલાંક લોકોએ રસ્તામાં ઝડપી લીધી અને ઝાડીઓમાં ખેંચી લીધી. મારી પત્ની, જે નર્સ તરીકે કામ કરે છે, તે સવારે ૯ વાગ્યાની આસપાસ કામ પર જઈ રહી હતી. તેણે મને ફોન કરીને કહ્યું કે શું થયું છે. એક માણસ, તેનો ભત્રીજો અને અન્ય કેટલાક લોકોએ તેને માર માર્યો. ચાર પુરૂષોએ તેને પકડી રાખી અને બે લોકોએ તેના પર સામૂહિક બળાત્કાર કર્યો હતો અને તેના ગુપ્તાંગમાં મરચાંનો પાવડર પણ નાખ્યો હતો. અધિક પોલીસ અધિક્ષક (જાલૌન) પ્રદીપ કુમાર વર્માએ જણાવ્યું કે, એક મહિલા સાથે મારપીટ કરવામાં આવી હોવાની માહિતી મળતાં જ એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગઈ. તેમણે કહ્યું, મહિલાનું એ જ ગામના એક પુરૂષ સાથે અફેર હતું. પુરૂષ અને તેના પરિવારજનોએ તેની મારપીટ કરી. પોલીસની એક ટીમ તેને હોસ્પિટલમાં લઈ ગઈ. તેણે કેટલાક ગંભીર આરોપો લગાવ્યા છે. અમે કેસ નોંધ્યો છે અને તપાસ કરી રહ્યા છીએ.

## ભારતની સંયુક્ત રાષ્ટ્રસંઘમાં શાંતિ સ્થાપના આયોગના સભ્ય તરીકે ફરીથી પસંદગી

(એજન્સી) તા.૨૯

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આજે વિશ્વમાં પ્રશંસા થાય છે. જેના કારણે વિશ્વના નકશા પર ભારતની એક અલગ ઓળખ ઊભી થઈ છે. વિશ્વમાં ભારતના વધતાં કદની સમગ્ર વિશ્વ નોંધ લઈ રહ્યું છે ત્યારે ભારતની ૨૦૨૫-૨૬ માટે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં શાંતિ સ્થાપના આયોગના સભ્ય તરીકે ફરીથી પસંદગી કરવામાં આવી છે. આયોગમાં ભારતનો વર્તમાન કાર્યકાળ ૩૧ ડિસેમ્બરના રોજ સમાપ્ત થતો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતના કાયમી મિશને સોશિયલ મીડિયા અગ્રણી પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ભારતને ૨૦૨૫-૨૬ માટે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સ્થાપના આયોગ (પીબીસી) માટે ફરીથી પસંદગી કરવામાં આવી છે. સંસ્થાપક સભ્ય અને સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સ્થાપનામાં મુખ્ય યોગદાનકર્તા તરીકે ભારત વૈશ્વિક શાંતિ અને સ્થિરતાની દિશામાં કામ કરવા અને પીસીબી સાથે તેનું જોડાણ શરૂ રાખવા કટિબદ્ધ છે. પીસીબીમાં ૩૧ સભ્ય દેશો છે, જે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા, સુરક્ષા પરિષદ તથા આર્થિક સામાજિક પરિષદમાંથી ચૂંટાય છે. ભારત સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેનામાં વર્દીધારી કર્મીના રૂપમાં સૌથી મોટા યોગદાનકર્તા પૈકીનું એક છે. સંયુક્ત રાષ્ટ્રના અભિયાન અંતર્ગત વર્તમાનમાં ભારતના આશરે ૬૦૦૦ સૈન્ય અને પોલીસકર્મી મધ્ય આફ્રિકા, સાઈપ્રસ, કોંગો, લેબેનોન, પશ્ચિમ એશિયા, સોમાલિયા, દક્ષિણ સુડાન અને પશ્ચિમ સહારામાં તૈનાત છે.

## જગદીપ ધનખરે વિરોધ કરનારા વિપક્ષના સાંસદોની નિંદા કરી, કહ્યું- આપણે હાસ્યને પાત્ર બની ગયા છીએ

(એજન્સી) તા.૨૯



સંસદની કાર્યવાહી સતત ચોથા દિવસે સ્થગિત રહી હોવાથી ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે શુક્રવારે વિરોધ કરી રહેલા વિપક્ષી સભ્યોની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેમનું વર્તન લોકો કેન્દ્રિત નથી. સોમવારે સંસદના શિયાળુ સત્રની શરૂઆતથી, વિપક્ષી સાંસદો ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર લાંચના આરોપો, ઉત્તર પ્રદેશના સંભલમાં તાજેતરની હિંસા અને મણિપુરમાં ચાલી રહેલી હિંસા સહિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચાની માંગ કરી રહ્યા છે.

વિપક્ષી સાંસદો દ્વારા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે પૂછવામાં આવતા ધનખરે કહ્યું કે તેઓ સભ્યોના વર્તનથી "ખૂબ જ દુ:ખી અને વ્યથિત" છે. તમે ખૂબ જ વરિષ્ઠ સભ્ય છો. આની પ્રશંસા કરી શકાતી નથી. હું મારૂં ઊંડું દુ:ખ વ્યક્ત કરૂં છું અને હું સંપૂર્ણપણે દુ:ખી છું. અમે ખૂબ જ ખરાબ દાખલો બેસાડીએ છીએ. અમે આ દેશના લોકોનું અપમાન કરી રહ્યા છીએ. લોકો અમારી મજાક ઉડાવી રહ્યા છે અને અમે વાસ્તવમાં હાસ્યનો પાત્ર બની ગયા છીએ. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું "અમે અમારી પોતાની અપેક્ષાઓ પ્રમાણે જીવી રહ્યા નથી. અમારી ક્રિયાઓ લોકો પર કેન્દ્રિત નથી. આપણે અપ્રસ્તુતતા તરફ આગળ વધી રહ્યા છીએ. હું તમને અપીલ કરૂં છું, કૃપા કરીને...," ધનખરે ગૃહને દિવસ માટે સ્થગિત કરવાનો નિર્ણય લેતા પહેલા કહ્યું. રાજ્યસભા ૨ ડિસેમ્બરે સવારે ૧૧ વાગ્યે ફરીથી મળશે.

## એનસીબીના પૂર્વ અધિકારી સમીર વાનખેડેએ નવાબ મલિક સામે કરેલા એટ્રોસિટી કેસની તપાસની વિગતો રજૂ કરવા મુંબઈ હાઈકોર્ટનો શહેર પોલીસને આદેશ

(એજન્સી) મુંબઈ, તા.૨૯

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના પૂર્વ ઝોનલ ડિરેક્ટર અને આઈઆરએસ અધિકારી સમીર વાનખેડેએ એટ્રોસિટી એક્ટ મુજબ નવાબ મલિક સામે દાખલ કરેલા કેસની તપાસની વિગતો અને કેસ ડાયરીની વિગતો રજૂ કરવા માટે ગઈકાલે મુંબઈ હાઈકોર્ટ દ્વારા શહેર પોલીસને આદેશ આપવામાં આવ્યો છે. હવે પછીની સુનાવણી દરમિયાન આ કેસની તપાસ કરી રહેલા સંબંધિત પોલીસ અધિકારીને પણ અદાલતમાં હાજર રહેવા જસ્ટિસ રહેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ પૃથ્વીરાજ ચૌહાણે પોલીસને આદેશ આપ્યો છે. પોતાની ધારાશાસ્ત્રી સના ખાન મારફત કરેલી અરજીમાં સમીર વાનખેડેએ એવો આક્ષેપ કર્યો છે કે પોલીસે આ કેસમાં કોઈ કાર્યવાહી કરી નથી જેના કારણે મને અને મારા પરિવારને અપમાનિત થવું પડ્યું છે અને માનસિક રીતે વ્યથિત થવું પડ્યું છે. અધિકારીએ આ કેસની તપાસ કાં તો સીબીઆઈને સોંપવા અથવા તો અદાલતના નિરીક્ષણ હેઠળ પોલીસ તપાસ કરાવવા હાઈકોર્ટમાં અનુરોધ કર્યો હતો. અદાલતે પોલીસને બે સપ્તાહમાં તપાસની કાર્યવાહી અને કેસ ડાયરીની વિગતો રજૂ કરવા માટે આદેશ આપ્યો છે. અભિનેતા શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની સમીર વાનખેડે ડ્રગ્સના કથિત કેસમાં ધરપકડ કરી હતી અને એ પછી નવાબ મલિકના જમાઈ સમીર ખાનની પણ ધરપકડ કરવામાં આવી હતી. વાનખેડેનો એવો આક્ષેપ છે કે જમાઈની ધરપકડ કરી હોવાથી નવાબ મલિકે મને અને મારા પરિવારને બદનામ કરવા માટે અને અપમાનિત કરવા માટે સોશિયલ મીડિયા અને ટેલિવિઝન પર એકધારી ઝુંબેશ ચલાવી હતી અને મને જાતિવાદી રીતે પણ અપમાનિત કર્યો હતો અને મારા જાતિ પ્રમાણપત્રની સત્યતા અંગે પણ શંકાઓ ઉઠાવી હતી.

## પુલવામા શહીદની પત્નીએ સાસરિયાઓ પર એકાઉન્ટમાંથી ૫ કરોડ રૂપિયા ઉપાડવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨૯

પુલવામા હુમલામાં શહીદ થયેલા રોહિતાશ લાંબાની વિધવા મંજુ લાંબાએ તેના દિયર અને સાસુ વિરૂદ્ધ છેતરપિંડીનો કેસ દાખલ કર્યો છે. વીરાંગનાનો આરોપ છે કે તેના પતિના શહીદ થયા પછી તે સરકારી નોકરી માટે હડતાળ પર જેમના માટે બેઠી હતી, તેણે તેની સાથે છેતરપિંડી કરી અને કરોડો રૂપિયાની ઉચાપત કરી. સાસરિયાઓએ તેને મારવા માટે માનસિક અને શારીરિક ત્રાસ આપ્યો હતો. હરમડા પોલીસ આ કેસની તપાસમાં વ્યસ્ત છે.

પોલીસે જણાવ્યું-લોહામંડી રોડ, મચડાની રહેવાસી મંજુ લાંબા (૨૮)એ રિપોર્ટ નોંધાવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે-પતિ રોહિતાશ લાંબા ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પુલવામા હુમલામાં શહીદ થયા હતા. પતિની શહીદી પછી તે તેના ૨ મહિનાના પુત્ર સાથે એકલી રહી ગઈ હતી.

પુત્ર હવે ૫ વર્ષનો છે. તેમના પતિની શહીદી પછી સીઆરપીએફ, રાજ્ય-કેન્દ્ર સરકાર અને અન્ય ટ્રસ્ટ-ફાઉન્ડેશનના બેંક ખાતામાં ૫ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા.

વીરાંગના મંજુનો આરોપ છે કે સાસુ ઘીસી દેવી, સસરા બાબુલાલ અને જીજા જિતેન્દ્ર લાંબાએ તેની સાથે દગો કર્યો હતો. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ સુધી, બેંક ખાતામાંથી કોરા ચેક પર સહી કરીને સમગ્ર રકમ ઉપાડી લેવામાં આવી હતી. જીજાજી જીતેન્દ્ર લાંબાએ બેંક ખાતામાંથી પોતાનો મોબાઈલ નંબર કાઢી નાખ્યો અને મોબાઈલ નંબર ઉમેર્યો. જેના કારણે બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર થયાનો મેસેજ આવ્યો ન હતો. મારી સંમતિ વિના, દેવરે બેંક ખાતામાંથી તેમના નોમિની પુત્રનું નામ કાઢી નાખ્યું અને તેમાં પોતાનું નામ લખાવ્યું.

## સુપ્રીમ કોર્ટે કાશ્મીરી પ્રતિકારવાદી યાસીન મલિક પાસેથી કેસને તિહાર જેલમાં ટ્રાન્સફર કરવા પર જવાબ માંગ્યો

(એજન્સી) તા.૨૯

સુપ્રીમ કોર્ટે ગુરૂવારે કાશ્મીરી પ્રતિકારવાદી નેતા યાસીન મલિક અને અન્ય આરોપીઓ પાસેથી ૧૯૮૯માં ભારતીય વાયુસેનાના ચાર જવાનોની હત્યા અને મુફ્તી મોહમ્મદ સાથે સંબંધિત બે કેસની સુનાવણી જમ્મુથી નવી દિલ્હી ટ્રાન્સફર કરવાની CBIની અરજી પર જવાબ માંગ્યો હતો. સઈદની પુત્રી રૂબૈયા દ્વારા સઈદના અપહરણ કેસની સુનાવણી દિલ્હીની તિહાર જેલમાં ટ્રાન્સફર કરવાની માંગ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે મલિક આતંકવાદને નાણાં પૂરા પાડવાના કેસમાં દોષિત જાહેર થયા બાદ તિહાર જેલમાં આજીવન કેદની સજા કાપી રહ્યા છે. છેલ્લી સુનાવણીમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આરોપીઓને ન્યાયી સુનાવણીનો અધિકાર છે અને મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી અજમલ કસાબને પણ ન્યાયી સુનાવણી માટે તક આપવામાં આવી હતી. આજે આ મામલો જસ્ટિસ અભય એસ ઓકા અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસિહની બેંચ સમક્ષ આવ્યો હતો. સીબીઆઈ તરફથી હાજર થયેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેન્ચ સમક્ષ દલીલ કરી હતી કે આ કેસને દિલ્હીની તિહાર જેલમાં ટ્રાન્સફર કરવા અને કેસમાં સહ-આરોપીઓને પણ પક્ષકાર બનાવવા માટે અરજી દાખલ કરવામાં આવી છે રાજ્ય જ્યાં મલિક હાલમાં જેલમાં છે, ત્યાં કાર્યકારી અદાલતની સુવિધા છે. આના પર બેન્ચે મલિક પાસેથી જવાબ માંગ્યો હતો કે આ કેસની આગામી સુનાવણી ૧૮ ડિસેમ્બરે નક્કી કરવામાં આવી છે. ગયા અઠવાડિયે, સુપ્રીમ કોર્ટે સીબીઆઈને જેલમાં કોર્ટની સ્થાપનાની સંભાવના પર વિચાર કરવા કહ્યું હતું, જેથી મલિકને તેની સામેના કેસમાં સાક્ષીઓની ઉલટતપાસ કરવાની મંજૂરી આપી શકાય. કેન્દ્રીય એજન્સીએ મલિકને જમ્મુ-કાશ્મીર લઈ જવાની શક્યતાનો સખત વિરોધ કર્યો હતો. સીબીઆઈએ જમ્મુની વિશેષ અદાલતના આદેશ સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો, જેણે કાશ્મીરી અલગતાવાદી નેતા યાસીન મલિકને ઉલટ તપાસ માટે હાજર થવા માટે પ્રોડક્શન વોરંટ જારી કર્યું હતું.

## પુતિને ટ્રમ્પને 'બુદ્ધિશાળી' ગણાવ્યા, પરંતુ ચેતવણી પણ આપી કે ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ સુરક્ષિત ન પણ હોઈ શકે

### રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને કહ્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પાછા ફરવા માટે "ગંભીર કસોટી"માંથી પાર પડ્યા છે અને "તેમની વિરૂદ્ધ સંઘર્ષના તદન અસંસ્કારી માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો "

(એજન્સી) તા.૨૯

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને યુએસ પ્રમુખ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પને "સોલ્યુશન" શોધવા માટે સક્ષમ "બુદ્ધિશાળી અને અનુભવી રાજકારણી" તરીકે ગણાવ્યા, પરંતુ તે જ સમયે કહ્યું કે તેઓ માનતા નથી કે તેમની હત્યાના પ્રયાસો પછી રિપબ્લિકન નેતા સુરક્ષિત છે. જુલાઈમાં પેન્સિલવેનિયામાં એક ઝુંબેશ રેલીમાં તેમના કાનમાં ગોળી વાગી જતાં ટ્રમ્પ બાલબાલ બચી ગયા હતા. સપ્ટેમ્બરમાં એક અલગ ઘટનામાં, ફ્લોરિડામાં ટ્રમ્પના ફ્લોરિડા ગોલ્ફ કોર્સમાં કથિત રીતે પોતાની પાસે રાઈફલ ધરાવનાર એક વ્યક્તિ પર હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો હતો. મીડિયાએ અહેવાલ આપ્યો છે એક સમિટ પછી કઝાકિસ્તાનમાં પત્રકારો સાથે વાત કરતા, પુતિને સૂચન કર્યું કે જ્યારે ટ્રમ્પ આવતા વર્ષે ૨૦ જાન્યુઆરીએ સત્તા સંભાળશે ત્યારે વસ્તુઓ સુધરી શકે છે. તેમણે કહ્યું,"જ્યાં સુધી મારુ માનવું છે, નવા ચૂંટાયેલા પ્રમુખ એક બુદ્ધિશાળી અને પહેલેથી જ ખૂબ અનુભવી વ્યક્તિ છે. મને લાગે છે કે તેઓ ઉકેલ શોધી લેશે." રશિયન પ્રમુખે જણાવ્યું હતું કે ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પાછા ફરવા માટે "ગંભીર કસોટી" પાર પાડી હતી અને ચૂંટણી પ્રચાર દરમિયાન ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ વિરૂદ્ધ બે હત્યાના પ્રયાસોનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, "તેમની વિરૂદ્ધ સંઘર્ષના તદન અસંસ્કૃત માધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો." તેમને ડર છે કે ટ્રમ્પ હાલમાં સુરક્ષિત નથી. પુતિને પ્રચાર દરમિયાન ટ્રમ્પ સામે "અપમાનજનક અને પાયાવિહોણી ન્યાયિક પ્રક્રિયાઓ"ની પણ નિંદા કરી હતી. જૂનની શરૂઆતમાં, એક જ્યુરીએ ટ્રમ્પને તેમના હશ મની ટ્રાયલમાં ખોટા બિઝનેસ રેકોર્ડના તમામ ૩૪ ગણતરીઓ માટે દોષી ઠેરવ્યા હતા, જેનાથી તેઓ ગુનાખોરી માટે દોષિત ઠરનારા પ્રથમ ભૂતપૂર્વ યુએસ પ્રમુખ બન્યા હતા. યુક્રેનને રશિયામાં લક્ષ્યો પર એટીએસીએમએસ નામની લાંબા અંતરની અમેરિકન મિસાઈલો ચલાવવાની મંજૂરી આપવાના બાઈડેનના પગલાનો ઉલ્લેખ કરીને તેમણે આઉટગોઈંગ યુએસ પ્રમુખ જો બાઈડેન પર ઈનકમિંગ ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન માટે "વધારાની મુશ્કેલીઓ" ઊભી કરવા બદલ આકરા પ્રહારો કર્યા હતા, મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે, પુતિને એવી ધમકી પણ આપી હતી કે રશિયા ફરીથી યુક્રેન પર પરમાણુ સક્ષમ બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કરશે, જેને 'ઓરેશ્નિક' કહેવાય છે, રશિયાએ યુક્રેન પરના રાતોરાત હુમલાને પગલે કિવની ઊર્જા સુવિધાઓને નિશાન બનાવી હતી.

# 'અમે એવા આદેશો આપીશું કે, DGP જીવનભર યાદ રાખશે' સુપ્રીમ કોર્ટે ગેરવર્તણૂક અંગે યુપી પોલીસને ચેતવણી આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

સર્વોચ્ચ અદાલતે ગુરૂવારે ૨૮ નવેમ્બરે નાગરિક વિવાદોમાં સંકળાયેલા લોકોને ગુનાહિત કેસમાં પરિવર્તિત કરીને યુપી પોલીસ દ્વારા નિયમિત રીતે હેરાન કરવા બદલ આકરી ઝાટકણી કાઢી હતી. કોર્ટે પોલીસને ચેતવણી આપી હતી કે જો આ પ્રથા બંધ નહીં થાય, તો તે આદેશો પસાર કરશે કે યુપી પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)ને જીવનભર યાદ રાખશે. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જલભૂયાનની બેંચ એક વ્યક્તિની આગોતરા જામીન અરજી પર સુનાવણી કરી રહી હતી, જેની સામે પોલીસ દ્વારા વિવિધ જમીન વિવાદો સંબંધિત એક ડઝન કેસ દાખલ કરવામાં આવ્યા હતા. યુપી સરકાર તરફથી વરિષ્ઠ વકીલ રાણા મુખર્જીએ દલીલ કરી હતી કે આરોપીઓ તપાસમાં જોડાયા નથી અને તેના બદલે તેઓ ધરપકડથી રક્ષણ મેળવવા માંગે છે. કોર્ટે ટિપ્પણી કરી કે આરોપીને કદાચ ડર હતો કે જો તે હાજર થશે તો પોલીસ તેની સામે બીજો કેસ કરશે. કોર્ટે



કહ્યું કે, તે હાજર થતો ન હતો કારણ કે તે જાણે છે કે તમે બીજો ખોટો કેસ નોંધાવશો અને તેની ધરપકડ કરશો. તમે તમારા ડીજીપીને જણાવી શકો છો, અમે એવો કડક આદેશ આપીશું કે તે આખી જીંદગી યાદ રાખશે. દર વખતે તમે તેની સામે નવી એફઆઈઆર લઈને આવો છો! પ્રોસિક્યુશન કેટલા કેસને સમર્થન આપી શકે છે ? જમીન પચાવી પાડવાનો આરોપ મૂકવો ખૂબ જ સરળ છે. રજિસ્ટર્ડ સેલ ડીડ દ્વારા ખરીદનાર કોઈ વ્યક્તિને તમે જમીન હડપ કરનાર કહો છો ! શું તે નાગરિક વિવાદ છે કે ફોજદારી વિવાદ છે ? યુપી પોલીસ ખતરનાક વિસ્તારમાં પ્રવેશી રહી છે. તમે સિવિલ વિવાદોમાં ફોજદારી કેસ નોંધો છો. તમારા ડીજીપીને કહો કે જો આ પ્રથા તરત જ બંધ નહીં થાય, તો અમે આવા કડક આદેશો પસાર કરીશું, તે આખી જીંદગી યાદ રાખશે. જ્યારે મુખર્જીએ કહ્યું કે જો પોલીસ કોર્ટની સૂચનાઓનું પાલન નહીં કરે, તો તે આ કેસ સરકારને પરત કરશે, તો કોર્ટે કહ્યું કે બેન્ચની ટિપ્પણી પોલીસની વર્તણૂકને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. તેને તપાસમાં જોડાવા દો પરંતુ તેની ધરપકડ કરશો નહીં. અને જો તમને લાગે કે કોઈ ચોક્કસ કેસમાં ધરપકડ જરૂરી છે, તો મને જણાવો કે આ કારણો છે. પરંતુ જો પોલીસ અધિકારીઓ આવું કરી રહ્યા હોય, તો અમે તેમને માત્ર સસ્પેન્ડ નહીં કરીએ, તેઓ કંઈક વધુ ગુમાવશે. પોલીસને આરોપીને તેના મોબાઈલ ફોન પર સમન્સ મોકલવા માટે પણ સૂચના આપવામાં આવી હતી, જેમાં તેણે તપાસ અધિકારી સમક્ષ ક્યાં હાજર રહેવું તે તારીખ, સમય અને સ્થળનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# એકનાથ શિંદે પોતાના ગામ તરફ રવાના : શિવસેનાએ કહ્યું કે, તેઓ નારાજ નથી : આ મડાગાંઠના ૧૦ મુખ્ય પોઈન્ટ્સ

## એકનાથ શિંદે દ્વારા મુખ્યપ્રધાન પદનો નિર્ણય ભાજપ પર છોડી દેવાથી ટોચના પદ પરનો માર્ગ સરળ થઈ ગયો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

મહારાષ્ટ્રના બીજેપીની આગેવાની હેઠળના ગઠબંધન અથવા મહાયુતિના ૩ નેતાઓ, દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિતપવારે ગઈકાલે સાંજે દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. ફડણવીસનું મુખ્ય પ્રધાન બનવું લગભગ નિશ્ચિત છે, અને આ ઘટનાના ૧૦ મુખ્ય મુદ્દાઓ આ છે

૧. વધુ વિગતો મેળવવા માટે મુંબઈમાં જોડાણની બેઠક રદ કરવામાં આવી હોવાનું અહેવાલ છે. આઉટગોઈંગ મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાની બેઠક પણ આયોજિત કરવામાં આવી છે.
૨. સૂત્રોનું કહેવું છે કે એકનાથ શિંદે સતારામાં તેમના ગામ જઈ રહ્યા છે અને તેમના પરત ફર્યા બાદ આ બેઠકો યોજવામાં આવશે. તેમની અચાનક યોજનાએ એવી અટકળોને વેગ આપ્યો કે તેઓ સરકારની રચનાની વાટાઘાટોથી નાખુશ છે.
૩. જો કે, મહારાષ્ટ્રના મંત્રી અને શિવસેનાના નેતા ઉદયસામંતે ભારપૂર્વક કહ્યું કે, એકનાથ શિંદે નારાજ નથી. તેમને તેના ગામ જવાનું હતું અને તે કાલે પાછા આવશે.
૪. એકનાથ શિંદેએ જાહેરાત કરી હતી કે મુખ્ય પ્રધાનનો નિર્ણય તેઓએ ભાજપ પર છોડી દીધો છે. ભાજપને વિક્રમી જીત તરફ દોરી જનાર દેવેન્દ્ર ફડણવીસ ત્રીજી વખત મુખ્યમંત્રી બનવાની તૈયારીમાં છે.
૫. સૂત્રોએ એનડીટીવીને જણાવ્યું છે કે બે ડેપ્યુટીઓ સાથે એક મુખ્ય પ્રધાનની વર્તમાન ફોર્મ્યુલા ચાલુ રહેશે. પરંતુ શિંદે ડેપ્યુટીના રોલ માટે ઉત્સુક નથી. શિવસેનાના વિધાનસભ્ય અને પ્રવક્તા સંજય શિરસાટે પીટીઆઈને કહ્યું કે, તેઓ નાયબ મુખ્યપ્રધાન બને તેવી શક્યતા નથી. તે એવા વ્યક્તિ માટે યોગ્ય નથી કે જેઓ પહેલાથી મુખ્યપ્રધાન તરીકે સેવા આપી ચૂક્યા છે.
૬. સામતે કહ્યું કે શિવસેના ઈચ્છે છે કે તે મહારાષ્ટ્ર સરકારનો ભાગ બને.



જો એકનાથ શિંદે કોઈ અન્યને નાયબ મુખ્યમંત્રી બનાવવા ઈચ્છે છે, તો તે તેમની ખાનદાની છે પરંતુ શિવસેના વિચારે છે કે તેઓ મહારાષ્ટ્ર સરકારનો ભાગ હોવો જોઈએ.
૭. બીજેપી હોમ પોર્ટફોલિયો રાખે તેવી શક્યતા છે અને અજિતપવારની NCP ફાયનાન્સ ખાતું રાખી શકે છે. એકનાથ શિંદેની સેનાને શહેરી વિકાસ અને જાહેર બાંધકામ વિભાગો મળી શકે છે.
૮. બીજેપીને ૨૨ કેબિનેટ હોદ્દાઓ મળવાની સંભાવના છે, ત્યારે શિવસેના અને NCPને અનુક્રમે ૧૨ અને ૯ પોર્ટફોલિયો મળશે.
૯. શપથ સમારોહ સંભવત : ૨ ડિસેમ્બરે થશે.
૧૦. ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને તાજેતરની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ૨૮૮ સભ્યોના ગૃહમાં ૨૩૦ બેઠકો જીતીને જંગી વિજય મેળવ્યો હતો. ભાજપે ૧૩૨ વિધાનસભા બેઠકો જીતી હતી, જ્યારે શિવસેના અને અજિતપવારની એનસીપીએ અનુક્રમે ૫૭ અને ૪૧ બેઠકો જીતી હતી.

# સિડનીમાં ભયાનક કાંડ : મહિલાએ લોખંડની તીક્ષ્ણ ધારવાળી આરીથી પતિની હત્યા કરી અને ભારે ક્રૂરતાથી પતિની લાશના ટુકડા કરીને ૩૦ પ્લાસ્ટિક બેગમાં મૂકી દીધા

**વર્ષોથી પતિનો ત્રાસ સહન કરતી હોવાથી અને અંગત રીતે હતાશ થઈ જતાં મહિલાએ પતિને ધારદાર આરીથી વેતરી નાંખીને તેની લાશના કસાઈની જેમ ટુકડા કરી નાખ્યા, પોલીસ પણ ચોંકી ઊઠી**

(એજન્સી) સિડની, તા.૨૯

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં રહેતી એક મહિલાએ તેના પતિથી કંટાળીને લોખંડની ધારદાર આરી વડે તેની હત્યા કરીને તેની લાશના ટુકડા કરી ૩૦ બેગમાં મૂકીને સિડનીમાં અલગ અલગ જગ્યાએ તેના લાશના ટુકડા વેરી દીધા હોવાનું પોલીસમાં જાહેર થયું હતું. અદાલતે આ મહિલાને જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ૬૨ વર્ષના પતિ મમદુહ ઈમાદ નોફલની હત્યા કરવાનો જેના પર આરોપ છે એ ૫૩ વર્ષની મહિલા નીર્મીન નોફલનું પોલીસમાં આવું બયાન હતું કે વર્ષોથી એ પતિ તરફથી ત્રાસ અને અત્યાચાર સહન કરી રહી હતી ને અંગત રીતે સાવ નિરાશ અને હતાશ થઈ જતાં તેણે પતિની ખૂબ ક્રૂરતા સાથે હત્યા કરી



નાખી હતી. ગુરૂવારે સિડનીમાં સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી થઈ ત્યારે નીર્મીન નોફલ દ્વારા જે રીતે હત્યા કરવામાં આવી તેની હૃદયદ્રાવક વિગતો અદાલતમાં વર્ણવવામાં આવી હતી. આ સાંભળીને અદાલતમાં હાજર સૌ ભારે અવાચક બની ગયા હતા અને આઘાતમગ્ન થઈ ગયા હતા. આ દંપતી ઈજિપ્તનું મૂળ રહેવાસી હતું. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે વર્ષોથી આ મહિલા તેના પતિનો ત્રાસ સહન કરી રહી હતી. ઉપરાંત તેના પતિને ઈજિપ્તમાં બીજી કોઈ મહિલા સાથે પણ સંબંધ હતો અને તેણે વેવિશાળ કરી દીધું હતું એ કારણે પણ એ ગુસ્સે થઈ હોય તેવું જણાય છે. હત્યા કરીને એ માનસિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ થઈ ગઈ હતી અને પોલીસ તપાસ બાદ ત્યાંથી જ તેની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે ધારદાર છરા કે આરીથી તેણે પતિની હત્યા કરી હતી અને તેના શરીરના ટુકડા કરીને ૩૦ પ્લાસ્ટિક બેગમાં ભરી અને સિડની શહેરના અલગ અલગ વિસ્તારોમાં વેરી દીધા હતા. હત્યા કર્યા બાદ એ ઈજિપ્ત ચાલી ગઈ હતી અને ત્યાં પોતાની પારિવારિક સંપત્તિ વેચી નાખી હતી અને બે લાખ ડોલર લઈને ઓસ્ટ્રેલિયા પાછી ફરી હતી. અદાલતમાં હવે પછીની સુનાવણી ૧૧ ડિસેમ્બરે થશે જેમાં નીર્મીનના ભાવિનો ફેંસલો થશે.

# કેનેડામાં રહેતા ભારતીય કોન્સ્યુલર અધિકારીઓ ઓડિયો, વીડિયો સર્વેલન્સ હેઠળ છે : વિદેશ મંત્રાલય

## વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું હતું કે, અમારા રાજદ્વારી કર્મચારીઓ અને મિલકતોને દરેક સમયે પર્યાપ્ત સુરક્ષા પ્રદાન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર કેનેડિયન પક્ષ સાથે સતત વાત કરી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્રએ ગુરૂવારે સંસદને જણાવ્યું હતું કે, વાનકુવરમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના કોન્સ્યુલર અધિકારીઓને તાજેતરમાં કેનેડિયન સત્તાવાળાઓ દ્વારા જાણ કરવામાં આવી હતી કે, તેઓ 'ઓડિયો અને વીડિયો સર્વેલન્સ' હેઠળ છે અને તેમના ખાનગી સંદેશાવ્યવહારને પણ ઈન્ટરસેપ્ટ કરવામાં આવ્યા છે, વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં પણ કહ્યું હતું કે, સ્થાયી દ્વિપક્ષીય સંબંધો માટે એકબીજાની ચિંતાઓ, પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન જરૂરી છે. સિંઘને પૂછવામાં આવ્યું હતું કે, કેનેડામાં ભારતીય રાજદ્વારીઓને ટાર્ગેટ કરતી સાયબર સર્વેલન્સ અથવા અન્ય પ્રકારની દેખરેખની કોઈ ઘટનાઓ છે કે કેમ તો તેમણે કહ્યું કે, હા, તાજેતરમાં વાનકુવરમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના કોન્સ્યુલર અધિકારીઓને કેનેડિયન સત્તાવાળાઓ દ્વારા જાણ કરવામાં આવી હતી કે, તેઓ ઓડિયો અને વીડિયો સર્વેલન્સ હેઠળ છે અને તેમના ખાનગી સંદેશાવ્યવહારને પણ અટકાવવામાં આવ્યો છે. ભારત સરકારે ૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજની તેની નોંધ મૌખિક દ્વારા આ મુદ્દા પર નવી દિલ્હીમાં કેનેડિયન હાઈ કમિશનને સખત વિરોધ નોંધાવ્યો હતો કારણ કે, આ ક્રિયાઓ તમામ રાજદ્વારી જોગવાઈઓનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું. કેનેડિયન સરકાર એ હકીકતને ન્યાયી ઠેરવી શકતી નથી.



અમારા રાજદ્વારી અને કોન્સ્યુલર કર્મચારીઓ પહેલેથી જ ઉગ્રવાદ અને હિંસાના વાતાવરણમાં કામ કરી રહ્યા છે. કેનેડિયન સરકારની આ કાર્યવાહી પરિસ્થિતિને વધુ ખરાબ કરે છે અને તે અસંગત છે. સિંઘને વિગતો અને ભારતીય રાજદ્વારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે લેવાયેલા પગલાં અંગે પણ પૂછવામાં આવ્યું હતું. કેનેડામાં ભારતીય રાજદ્વારીઓની સલામતી અને સુરક્ષાના પ્રશ્ન પર, ભારત સરકાર સતત કેનેડિયન પક્ષ સાથે વાત કરે છે જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે અમારા રાજદ્વારી કર્મચારીઓ અને મિલકતોને દરેક સમયે પર્યાપ્ત સુરક્ષા આપવામાં આવે છે. MEAએ ૨ નવેમ્બરના રોજ અહેવાલનો જવાબ આપ્યો હતો કે, તે ભારત સાથેના સંબંધો માટે કેનેડાના નકારાત્મક અભિગમનું બીજું ઉદાહરણ છે. અન્ય પ્રસંગોની જેમ ભારત વિશે કોઈપણ પુરાવા વિના આરોપો લગાવવામાં આવ્યા છે. એક અલગ લેખિત જવાબમાં સિંઘે કેનેડા સાથેના પ્રશ્નોના નિરાકરણ માટે લેવામાં આવેલા પગલાઓ અંગેના પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા. તેમણે કહ્યું કે, બંને સરકારો તેમના દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિના સંદર્ભમાં સંપર્કમાં છે. સ્થિર દ્વિપક્ષીય સંબંધો માટે એકબીજાની ચિંતાઓ, પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન જરૂરી છે. આ સંદર્ભે ભારત સરકારે વારંવાર કેનેડિયન સરકારને તાકીદે અને તાકીદે પગલાં લેવા વિનંતી કરી છે. તેની ધરતી પરથી કાર્યરત ભારત વિરોધી તત્ત્વો સામે અસરકારક કાર્યવાહીમાં અલગતાવાદી અને ઉગ્રવાદી તત્ત્વોને અટકાવવાનો સમાવેશ થાય છે. સિંઘે જણાવ્યું હતું કે, જ્યારે કેનેડિયન સત્તાવાળાઓ અમારા રાજદ્વારીઓ અને રાજદ્વારી સંપત્તિઓને સુરક્ષા પ્રદાન કરવામાં સક્ષમ છે, તો તેઓએ તાજેતરમાં અમારા કોન્સ્યુલર કેમ્પને અલગતાવાદી અને ઉગ્રવાદી તત્ત્વોના હિંસક કૃત્યોથી સુરક્ષા કવચ પ્રદાન કરવામાં અસમર્થતા દર્શાવી છે. લગભગ ૧૮ લાખ ઈન્ડો-કેનેડિયનો (કેનેડાની વસ્તીના આશરે ૪.૭% હિસ્સો) અને આશરે ૪,૨૭,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ સહિત અન્ય ૧૦ લાખ બિન-નિવાસી ભારતીયો સાથે, કેનેડા વિદેશમાં સૌથી મોટા ભારતીય ડાયસ્પોરા છે. કેનેડામાં ભારતીય નાગરિકોનું કલ્યાણ, સલામતી અને સુરક્ષા ભારત સરકાર માટે અત્યંત મહત્ત્વની છે.

# કાયદો અને વ્યવસ્થામાં ભંગાણ; મહિલાઓ સાંજે ૭ વાગ્યા પછી અસુરક્ષિત અનુભવે છે : આતિશી એ કહ્યું, રોહિણીમાં વિસ્ફોટ માટે ભાજપ, અમિત શાહ જવાબદાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

રોહિણીમાં પીવીઆર પ્રશાંત વિહાર નજીક વિસ્ફોટના કલાકો પછી, દિલ્હીના મુખ્ય મંત્રી આતિશીએ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર રાષ્ટ્રીય રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો. એક પ્રેસ કોન્ફરન્સમાં, મુખ્યમંત્રી આતિશીએ વિસ્ફોટની નિંદા કરી હતી, જે તેમણે કહ્યું હતું કે, તે જ વિસ્તારમાં છેલ્લાં બે મહિનામાં આવી બીજી ઘટના છે. તેમણે દાવો કર્યો હતો કે, પરિસ્થિતિ કાયદાના અમલીકરણ અને સલામતીના પગલાંમાં મોટા ભંગાણનો સંકેત આપે છે. આતિશીએ આ વર્ષની શરૂઆતમાં તે જ વિસ્તારમાં CRPF શાળા નજીક સમાન વિસ્ફોટનો ઉલ્લેખ કરતા કહ્યું, આ રાષ્ટ્રીય રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થાનો



ભંગાણ છે. તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર પણ આંગળી ચીંધી, તેમના પર દિલ્હીવાસીઓની સુરક્ષાની અવગણના કરવાનો આરોપ લગાવ્યો. આ સ્થિતિ માટે ભાજપ અને ગૃહમંત્રી અમિત શાહ જવાબદાર છે. તેઓ રાજધાનીમાં તેમની એકમાત્ર જવાબદારીમાં નિષ્ફળ રહ્યા છે. ગૃહ મંત્રીના નિવાસસ્થાનની નજીકના વિસ્તારોમાંથી છેડતીના અહેવાલોનો ઉલ્લેખ કર્યો. પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. અગાઉ એક અલગ પ્રેસ કોન્ફરન્સમાં બોલતા, કેજરીવાલે શહેરમાં ભય અને અસુરક્ષાની વધતી જતી ભાવના પર શોક વ્યક્ત કર્યો હતો. કેજરીવાલે કહ્યું, દિલ્હીમાં સર્વત્ર ભયનું વાતાવરણ છે. મહિલાઓ સાંજે ૭ વાગ્યા પછી અસુરક્ષિત અનુભવે છે, અને માતા-પિતા તેમની પુત્રીઓ બહાર જવાથી ચિંતિત છે. તેમણે વધુ સારા સુરક્ષા પગલાંની જરૂરિયાત પર ભાર મૂક્યો. જેમ જેમ દિલ્હીમાં ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે, તેમ તેમ કાયદો અને વ્યવસ્થાના મુદ્દે આપ અને ભાજપ વચ્ચે રાજકીય તણાવ વધી રહ્યો છે.

# UPSC પરીક્ષા આપવા માટે ઉચ્ચ પગારવાળી નોકરી છોડી, અખિલ ભારતીય ક્રમાંક ૩૮૨ સાથે ત્રીજા પ્રયાસમાં IAS અધિકારી બન્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાને વ્યાપકપણે ભારતમાં સૌથી પડકારજનક કસોટીઓમાંની એક તરીકે ગણવામાં આવે છે, જે ઈતિહાસ, રાજકારણ અને આંતરરાષ્ટ્રીય સંબંધો જેવા વિષયોની વ્યાપક સમજણની માંગ કરે છે. દર વર્ષે, લાખો ઉમેદવારો આ પરીક્ષામાં સફળતાપૂર્વક પાસ કરવા ઈચ્છે છે, પરંતુ માત્ર થોડાં જ ઉમેદવારો પ્રાથમિક તબક્કામાં પાસ થાય છે, અને તેમાંથી માત્ર અમુક જ લોકો મુખ્ય અને ઈન્ટરવ્યુના તબક્કામાં પાસ થયા પછી અંતિમ મેરિટ લિસ્ટમાં સ્થાન મેળવે છે.ઘણા લોકો માટે મંજીલ સુધી પહોંચવા નોંધપાત્ર બલિદાન આપવો પડે છે, જેમાં પોતાને સંપૂર્ણ તૈયારી માટે સમર્પિત કરવા માટે આકર્ષક કારકિર્દી છોડી દેવાનો સમાવેશ થાય છે. એક પ્રેરણાદાયી ઉદાહરણ IAS અધિકારી જિતિન યાદવ છે, જેણે તેમના સ્વપ્નને આગળ ધપાવવા માટે ઉચ્ચ પગારવાળી નોકરી છોડી દીધી હતી.

જિતિન યાદવ, પશ્ચિમ બંગાળ કેડરનો ૨૦૧૬ બેચના IAS અધિકારી, નિશ્ચય અને સ્થિતિસ્થાપકતાનું ઉદાહરણ આપે છે. સિવિલ સર્વિસમાં જોડાતા પહેલા, તેણે ફ્યુચર્સ ફર્સ્ટ ખાતે એનર્જી માર્કેટ્સમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડર તરીકે કામ કર્યું, દર મહિને ૨.૫ લાખ રૂપિયાનો પ્રભાવશાળી પગાર મેળવ્યો. આ નાણાંકીય સફળતા છતાં, તેણે ૨૦૧૨માં તેની ભૂમિકા છોડીને UPSC પરીક્ષાની તૈયારી પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું. તેમની સફર તેમને દિલ્હીના કરોલ બાગ તરફ લઈ ગઈ, જ્યાં તે અભ્યાસમાં ડૂબી ગયો.

તેના પ્રારંભિક પ્રયાસમાં, જિતિનને રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) માટે સહાયક સુરક્ષા કમિશનર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. જોકે, તેનું અંતિમ લક્ષ્ય IAS અધિકારી બનવાનું હતું. તેણે આઘાતનો સામનો કરવો પડ્યો, જેમાં તેના બીજા પ્રયાસમાં પણ પ્રારંભિક તબક્કાને પાસ કરવામાં નિષ્ફળ થયો.તેમ છતાં, તેણે ધીરજ રાખી અને ૨૦૧૫ માં અખિલ ભારતીય ક્રમાંક ૩૮૨ સાથે સફળતા હાંસલ કરી.

જિતિનની શૈક્ષણિક પૃષ્ઠભૂમિ એટલી જ પ્રભાવશાળી છે કે, તેણે સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી યુનિવર્સિટી (૨૦૦૬-૨૦૦૯)માંથી ભૌતિકશાસ્ત્રમાં વિજ્ઞાનમાં સ્નાતક અને જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (૨૦૧૬-૨૦૧૮)માંથી પબ્લિક મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. આજે, તે



મહત્વાકાંક્ષી સિવિલ સેવકોને સક્રિયપણે માર્ગદર્શન આપે છે, UPSC સફરમાં નેવિગેટ કરવામાં મદદ કરવા માટે વ્યૂહરચના અને ટીપ્સ શેર કરે છે.

# જ્યુસ વેચનારનો પુત્ર મર્યાદિત સંસાધનો સાથે ઉછર્યો, બેદરકારીભર્યું જીવન જીવ્યો, આખરે ત્રીજા પ્રયાસમાં NEET પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

મહેનત અને સમર્પણથી કોઈ પણ મંજીલ સુધી પહોંચવું મુશ્કેલ નથી. આપણી આસપાસના ઘણાં લોકો તેમના સંપૂર્ણ પ્રયાસોથી આગળ વધ્યા છે અને સમાજ માટે પ્રેરણારૂપ બન્યા છે. આવું જ એક ઉદાહરણ જ્યુસ વિક્રેતાનો પુત્ર છે, જે NEET પરીક્ષામાં સફળ થયો હતો. હવે જ્યુસ વેચનારનો દીકરો ડોક્ટર બનશે, લોકોના સ્વાસ્થ્યની કાળજી લેશે. આપણે વાત કરી રહ્યા છીએ દીક્ષિત ગૌતમની, જેણે NEET પરીક્ષા પાસ કરી અને MBBSમાં પ્રવેશ મેળવ્યું. તેના પરિવારમાં કોઈ ઉચ્ચ શિક્ષિત નથી, કારણ કે મોટાભાગના નાના ધંધા સાથે સંકળાયેલા છે. મર્યાદિત સંસાધનો સાથે ઉછર્યા, દીક્ષિત ગૌતમે મેડિકલ કોલેજમાં એડમિશન મેળવીને ડૉક્ટર બનવાનું પોતાનું સ્વપ્ન પૂરૂં કરવાની સફર શરૂ કરી. દીક્ષિત માટે આ સફળતા એક સ્વપ્ન સાકાર થવા જેવી લાગે છે. હવે તે શાહજહાંપુર મેડિકલ કોલેજમાં MBBSનો અભ્યાસ કરશે અને ડોક્ટર તરીકે પરત ફરશે. શરૂઆતમાં તેને અભ્યાસમાં ઓછો રસ હતો. સહારનપુરના ગાગલહેડીના દીક્ષિત ગૌતમે સત્ય શ્રી કૃષ્ણ ઈન્ટર કોલેજમાંથી ૧૧મું ધોરણ પૂરૂં કર્યું. તે હંમેશાથી એક સરેરાશ વિદ્યાર્થી હતો અને એવું કહેવાય છે કે તેને શરૂઆતમાં અભ્યાસ કરવામાં રસ ન હતો. તેણે તેના ૧૨મા ધોરણમાં ૬૩% સ્કોર કર્યો. જો કે, ૨૦૨૦ના લોકડાઉન દરમિયાન, જ્યારે તે ઘરે હતો, ત્યારે તેનું ધ્યાન અભ્યાસ તરફ વળ્યું. ત્યારે એક શિક્ષકે તેને ગંભીરતાથી અભ્યાસ કરવાની સલાહ આપી હતી. દીક્ષિતે આ સલાહ માની અને ઑનલાઈન શીખવાનું



શરૂ કર્યું. તેણે ત્રીજા પ્રયાસમાં NEET પરીક્ષા પાસ કરી. દીક્ષિત તેના પ્રથમ બે NEET પ્રયાસો નિષ્ફળ ગયો પરંતુ આશા ગુમાવી ન હતી. અંતે, તેના ત્રીજા પ્રયાસમાં, તેણે ૫૩૯ માર્ક્સ સાથે પાસ થઈ, MBBS માટે તેની સીટ સુરક્ષિત કરી. દીક્ષિતના માતા-પિતા શેઠપાલ સિંહ અને રોક્સી દેવીનું કહેવું છે કે આ બધું તેમને સ્વપ્ન જેવું લાગે છે. તેમના પરિવારમાં કોઈએ આટલો અભ્યાસ કર્યો ન હતો, કારણ કે મોટાભાગના નાના વેપાર સાથે સંકળાયેલા છે. દીક્ષિતને પણ માનવું અઘરૂં લાગે છે કે તેની મહેનત રંગ લાવી છે. તેના પિતા, શેઠપાલ, શેરડીનો રસ વેચે છે અને ઑફ-સીઝન દરમિયાન ફેક્ટરીમાં મજૂર તરીકે કામ કરે છે. પોતાના પરિવારનું ભરણપોષણ કરવા નાની-નાની નોકરીઓ કરવા છતાં શેઠપાલના સ્વપ્નનો મોટા હતા. તેઓ હંમેશા ઈચ્છતા હતા કે તેમનો પુત્ર ડોક્ટર બને અને હવે તે સપનું સાકાર થઈ રહ્યું છે.


**BOMBAY MERCANTILE CO-OPERATIVE BANK LTD.**

(Since 1939) (Multi - State Scheduled Bank)
Regd. Head Office: Zain Rangoonwala Building., 78, Mohamedali Road, MUMBAI 400 003

Bombay Mercantile Co-operative Bank Ltd., a leading Multi-State Scheduled Bank, with 52 branches across 10 states, transacting all kinds of banking business, including Foreign Exchange:

**REQUIRES :**

| Post | Number of Vacancies | Qualification | Experience | Location |
|---|---|---|---|---|
| Probationary Officers (PO's) | 60 | Graduate in any Discipline with minimum 50% of Marks | Fresher/ Experience | Most of the Vacancies are in the State of Gujarat and Maharashtra |
| Junior Executive Assistants (JEA's) | 75 | | | |
| Age - Up to 35 years as of 01.11.2024. | | | | |

Interested candidates may visit bank's website :
http://www.bmcbankltd.com
And apply through the following link:
https://ibpsonline.ibps.in/bmcpojan24
The eligible candidates for each test, after registration, will be called for an Online Test on different dates, details of which shall be informed to them in due course.

Place : Mumbai Dated : 30.11.2024

# વડોદરામાં પૂરના કારણે નાગરિકોને થયેલ નુકસાનના કારણે આ વર્ષે વેરા મુક્તિ આપવા કોંગ્રેસનો મોરચો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વડોદરા શહેરમાં આવેલા વિનાશક પૂર મામલે પાલિકા તંત્ર શહેરીજનોને વેરા ભરવામાંથી આ વર્ષે મુક્તિ આપે અને નાના અને ગરીબ લારી ધારકોના દબાણના નામે ધંધો રોજગાર બંધ કરવાની કાર્યવાહી અટકાવવામાં આવે તે અંગે શહેર કોંગ્રેસ દ્વારા આજે પાલિકા ખાતે મળનારી સભા અગાઉ આવેદન આપવામાં આવ્યું હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશી અને પાલિકાના કોંગ્રેસ પક્ષના નેતા ચંદ્રકાંત (ભથ્થું) શ્રીવાસ્તવ એક અખબારી નિવેદનમાં જણાવી રહ્યા છે કે, આ વર્ષે પાલિકા તંત્રના શાસનકારોની અનઆવડતના કારણે શહેરમાં માનવસર્જિત પૂરથી લોકોને પારાવાર નુકસાન થવા પામ્યું છે. એક નહીં પરંતુ બેથી ત્રણ વખત આવેલા માનવસર્જિત પૂરમાં લોકોને ખૂબ મોટે પાયે નુકસાન થયું છે. ખાસ કરીને ઝૂંપડામાં રહેતા અને ગરીબ વર્ગના લોકોની આર્થિક સ્થિતિ અને ઘરવખરી સંપૂર્ણ નષ્ટ થઈ ગઈ છે. આ મહાવિનાશક પૂરના કારણે લોકોને થયેલ નુકસાનમાં થોડી રાહત મળે તે માટે પાલિકા તંત્ર આગામી ડિસેમ્બર મહિનાથી જે વેરાના બિલ બજાવવાની કામગીરી કરવાનું છે તેવી કાર્યવાહી થવી ન જોઈએ અને નાગરિકોને એક વર્ષ માટે વેરામાંથી માફી આપવામાં આવે. ઉપરાંત તાજેતરમાં કોર્પોરેશન દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત અનેક ગરીબ અને લાચાર લારીધારકોના ધંધા રોજગાર બગડે તે રીતે પાલિકાનું તંત્ર કાર્યવાહી કરી રહ્યું છે. જેનાથી ગરીબ વર્ગને ખૂબ નુકસાન થઈ રહ્યું છે. એક તરફ પાલિકા તંત્ર વડાપ્રધાનની યોજનાના આધારે ગરીબ લારીધારકોને સસ્તા દરે લોન આપવાની કાર્યવાહી કરી રહ્યું છે અને બીજી તરફ પાલિકા તંત્રનું એનાથી તદન અલગ વલણ જોવા મળી રહ્યું છે. ખોટી રીતે લારીધારકો સામે થઈ રહેલી કાર્યવાહી તાત્કાલિક બંધ થવી જોઈએ તેવી તેઓ મ્યુનિસિપલ કમિશનરને આવેદન આપી રજૂઆત કરી હતી.

# મોડાસા હાઈવે પરથી SMCએ રૂપિયા ૫.૦૪ લાખના દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

નડિયાદ, તા.૨૯

સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસે કપડવંજ પંથકમાં પેટ્રોલિંગમાં હતી દરમિયાન મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાંથી રૂપિયા ૫.૦૪ લાખનો વિદેશી દારૂના જથ્થા સાથે બનાસકાંઠાના બે ઈસમો પકડી પડ્યા છે. મળતી માહિતી મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસના માણસો ગતરાત્રે ખેડા જિલ્લાના કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે કપડવંજમાં મોડાસા હાઈવે પર કુબેરનગર ચોકડી પાસેથી પસાર થતી કાર નંબર (GJ 01 WB 2068)ને અટકાવી હતી. ચાલક અને સાથે બેઠેલા વ્યક્તિની નામઠામ પૂછપરછ કરતા ચાલક કિરણ મના સોલંકી અને પ્રકાશ કલજી રાજપૂત (બંને રહે. બનાસકાંઠા) હોવાનું જણાવ્યું હતું. વધુમાં પોલીસે કારની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં વિદેશી દારૂની કુલ બોટલો નંગ ૨૭૧૨ કિંમત રૂપિયા ૫ લાખ ૪ હજાર ૨૮૮નો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે આ દારૂના જથ્થા સાથે મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલી કાર મળી કુલ રૂપિયા ૧૫ લાખ ૧૯ હજાર ૨૮૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને આ વિદેશી દારૂનો જથ્થો ક્યાથી લાવવામાં આવ્યો અને ક્યા લઈ જવાતો હતો તે બાબતે પૂછપરછ આદરી હતી. જેમાં પકડાયેલા ઈસમોએ કહ્યું કે આ વિદેશી દારૂનો જથ્થો એક ઈસમ કાર આપી ગયો હતો અને મુન્ના નામના ઈસમને આપવાનો હતો. તેમજ આ કારની આગળ મુન્નાનો માણસ રમેશ ઠાકોર અન્ય વાહનથી પાયલોટીગ કરતો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસાની રાજેન્દ્ર પાર્ક સોસાયટી આગળ ઊભરાતા ગટરના ગંદા પાણીથી સ્વચ્છતા અભિયાનના ધજાગરા

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૨૯

ડીસા હાઈવે પર નેશનલ હાઈવે ઓથોરિટીના સત્તાધિશોની અનેક બેદરકારીથી શહેરીજનો ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા છે. નેશનલ હાઈવે પર અનેક સમસ્યાઓનો સામનો શહેરજનોને કરવો પડી રહ્યો છે પરંતુ રજૂઆત કરે તો કોને કરે ? તે પણ એક સવાલ છે ડીસા હાઈવે પર નેશનલ હાઈવે ઓથોરિટીના સત્તાધિશો અને રચના કન્સ્ટ્રક્ટર્સ કંપનીના કોન્ટ્રાકટરની બેદરકારીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનને કલંક લગાવતાં હોય તેવા દશ્યો સામે આવી રહ્યા છે. ડીસા હાઈવે પર વેલુનગર સોસાયટી પાસે ગટરના ગંદા પાણી ઊભરાતાં રાહદારીઓ અને વાહન ચાલકોની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે જેને લઈને



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

હજુ સુધી સમસ્યાને દૂર કરી શકાઈ નથી ત્યા ફરી ડીસા હાઈવે પર આવેલ રાજેન્દ્ર પાર્ક સોસાયટી પાસે નેશનલ હાઈવે ઓથોરિટીની ગટરના ગંદા પાણી રોડ પર ઉભરાતાં રાહદારીઓ અને વાહન ચાલકો સહિત સોસાયટીના રહિશો ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે છેલ્લા ઘણા સમયથી રાજેન્દ્ર પાર્ક સોસાયટી આગળ ગટરો ઊભરાઈ રહી છે અને નગરપાલિકા દ્વારા વારંવાર ગટરના ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે છે પરંતુ નેશનલ હાઈવે ઓથોરિટીની ગટર હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટીના સત્તાધિશો કુંભકર્ણ નિંદ્રામાં પોઢી રહ્યા હોય તેમ આજદિન સુધી ગટરના ગંદા પાણીનો નિકાલ કરવા માટે ફરક્યા પણ નથી. નેશનલ હાઈવે પર જ્યાં નજર કરો ત્યાં ગંદકી જ ગંદકી અને ગટરના ગંદા પાણી ઊભરાતાં નજરે પડી રહ્યા છે.

# રિફાઈનરીમાં ગર્ડર સાથેનું હજારો ટન વજનનું માળખું પડતાં પ્રચંડ ધડાકો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

ગુજરાત રિફાઈનરીમાં તાજેતરમાં બેન્ઝિન સ્ટોરેજ ટેન્કમાં પ્રચંડ ધડાકા સાથે લાગેલી આગ બાદ આજે રિફાઈનરી સંકુલમાં ગર્ડર સાથેનું એક સ્ટ્રક્ચર પડતા ફરી એક વખત મોટો ધડાકો થયો હતો અને તેના કારણે આસપાસના વિસ્તારોમાં ફરી એક વખત દહેશતની લાગણી પ્રસરી હતી. મળતી વિગતો પ્રમાણે રિફાઈનરીની ક્રુડ ઓઈસ પ્રોસેસ કરવાની ક્ષમતા વધારવા માટે વિસ્તરણ માટેની કામગીરી ચાલી રહી છે. જેના ભાગરૂપે રિફાઈનરીમાં વિવિધ બાંધકામ પ્રોજેકટ ચાલી રહ્યા છે. આજે બપોરના સમયે આવા જ એક પ્રોજેકટમાં સ્ટીલનો લગભગ ૨૦૦ ફૂટ લાંબા ગર્ડર સાથેનું માળખું પડયું હતું. હજારો ટન વજન ધરાવતુ માળખું પડતા કાન ફાડી નાંખે તેવો ધડાકો થયો હતો અને થોડી સેંકડો માટે તો આસપાસના વિસ્તારની ધરતી જાણે ધ્રુજી ઉઠી હોય તેવો અનુભવ લોકોને થયો હતો. રિફાઈનરીમાં તાજેતરમાં સર્જાયેલી હોનારતના પડઘા હજી પણ શમ્યા નથી ત્યારે ધડાકાના પગલે રિફાઈનરીની આસપાસ રહેતા લોકો ગભરાઈને ઘરની બહાર દોડી આવ્યા હતા. રિફાઈનરીની અંદર શું ચાલતું હોય છે તેની બહાર કોઈને જાણકારી નહીં હોવાથી ધડાકાને લઈને શરૂઆતમાં તો અનેક તર્ક વિતર્કો થયા હતા. એ પછી ગર્ડર સાથેનુ માળખું પડયું હોવાનું બહાર આવ્યું હતું. આ મુદ્દે રિફાઈનરીના સત્તાધીશોનો સંપર્ક થઈ શક્યો નહોતો પરંતુ રિફાઈનરીના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ માળખું પડયું નહોતું પણ તેને પાડવામાં આવ્યું હતું. આખુ સ્ટ્રકચર સાવધાની સાથે ડિમોલિશ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. આ માટે આસપાસના વિસ્તારમાં અવર જવર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો અને જરૂરી સુરક્ષા વ્યવસ્થા કર્યા બાદ ગર્ડરને પાડવામાં આવ્યો હતો.

# પાંડેસરામાં ગેસ લીકેજને કારણે આગ ફાટી નીકળતાં ભાગદોડ મચી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૯

સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં આજે સવારે રસોઈ બનાવતી વખતે ગેસ લીકેજ થતા ઘરમાં આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઈ હતી. જોકે આગ લાગી ત્યારે ઘરમાં હાજર બે જણા સમયસૂચકતા વાપરી બહાર નિકળી આવતા તેમનો આબાદ બચાવ થયો હતો.

ફાયરના જવાનો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ પાંડેસરા કોમ્યુનિટી હોલ પાસે આવેલા હરિઓમનગર સોસાયટીમાં આજે એક રૂમમાં આગ લાગી હતી.આગ ભડકી ઊઠતા આસપાસના રહીશોમાં ભાગદોડ મચી ગઈ હતી. આગ વખતે ઘરમા હજર બે જણા દોડીને બહાર આવી જતા તેમનો બચાવ થયો હતો.ઘટના અંગે ફાયરને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગ પર પાણીનો મારો ચલાવી પરિસ્થિતિ કાબૂમા લીધી હતી. આ અંગે ફાયર ઓફિસર નરોત્તમ ખલાસીએ જણાવ્યું હતું ઘરમાં બે જણા હાજર હતા. સવારે રસોઈબનાવી રહ્યા હતા. ત્યારે એક બાટલામાં ગેસ પૂરો થઈ જતા બાટલો બદલતી વખતે ગેસ લીકેજ થવા લાગ્યું હતું. પરિણામે આગ ભડકી ગઈ હતી. જ્યારે ત્યાં હાજર બન્ને જણા સહી સલામત બહાક નિકળી ગયા હતા. પરંતુ આગને કારણે ઘર વખરી બળી ખાખ થઈ ગઈ હતી.

# ભાવનગરમાં ગળાફાંસો ખાઈને કોન્ટ્રાક્ટરનો આપઘાત

ભાવનગર, તા.૨૯

ભાવનગરના આનંદનગર, ડબલ થાંભલા પાસે આવેલ મફત નગરમાં રહેતા કોન્ટ્રાક્ટરે મોટી રકમની બેંક લોન મંજુર કરાવવા માટે આપેલા રૂા.૪૦ લાખ ઈસમોએ ખર્ચી નાખી લોન મંજૂર નહીં કરાવતા કોન્ટ્રાક્ટરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. આ બનાવ અંગે મૃતકના પત્નીએ ૪ ઈસમો વિરૂદ્ધ તેના પતિને મરવા મજબૂર કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના મફતનગરમાં રહેતા અને બાંધકામ કોન્ટ્રાક્ટનું કામકાજ કરતા પ્રવીણભાઈ ઉર્ફે પ્રકાશભાઈ દેવજીભાઈ સાગઠીયાને બાંધકામ માટે નાણાની જરૂર પડતા તેમણે રાજુભાઈ ટીડાભાઈ સોલંકી અને મેહુલભાઈ ભરતભાઈ મકવાણા સાથે મોટી રકમની લોન કરી આપવાની સમજૂતી કરી હતી અને તે માટે તેમણે રૂા.૪૦ લાખ આપ્યા હતા, આમ છતાં આજ દિવસ સુધી બંનેએ બેંકની લોન માટે કોઈ કાર્યવાહી કરી ન હતી અને લોન પણ મંજૂર કરાવી ન હતી તેમજ રૂા.૪૦ લાખ પણ પરત આપ્યા ન હતા. પ્રવીણભાઈએ આ રકમ ચૂકવવા માટે ગૌતમભાઈ મેર (રહે. સુભાષનગર) પાસેથી રૂા.૦૪ લાખ ૨૦ ટકા લેખે તેમજ દીપક ગેરેજ વાળો બોરડીગેટ પાસેથી રૂા.૦૫ લાખ ૨૦ ટકા વ્યાજ લીધા હતા. આ બંને શખ્સ પણ રકમ પરત આપવા માટે હેરાન કરતા હોય પ્રવીણભાઈને લાગી આવતા ગઈકાલે સાંજના સમયે તેમના ઘરના ઉપરના માળે જાતેથી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા કરતા પહેલા પ્રવીણભાઈએ લખેલી ચિઠ્ઠીમાં આ ચાર શખ્સનો ઉલ્લેખ પણ કર્યો છે. આ બનાવ અંગે મૃતક પ્રવીણભાઈના પત્ની હંસાબેન સાગઠીયાએ તેમના પતિને મરવા મજબૂર કરવા બદલ રાજુભાઈ ટીડાભાઈ સોલંકી, મેહુલભાઈ ભરતભાઈ મકવાણા, ગૌતમ મેર અને દીપક ગેરેજ વાળો વિરૂદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કપડવંજ તાલુકાના નવાગામે બાળકો તંત્રના વાંકે શાળાવિહોણા બન્યા !

નડિયાદ, તા.૨૯

કપડવંજ તાલુકાના નવાગામ પગાર કેન્દ્ર શાળાનું નવીન મકાન છેલ્લા નવ મહિનાથી મંથરગતિએ ચાલી રહ્યું છે. આ બાબતે વારંવાર રજૂઆતો કરવામાં આવી છતાં પણ તંત્રના પેટનું પાણી હાલતુ નથી. તેમજ તંત્રના નિષ્ક્રિય અધિકારીઓના વાંકે વિદ્યાર્થીઓ હાલમાં ભાડાના મકાન, પંચાયત ઘરે કે પછી ખુલ્લામાં અભ્યાસ કરવા માટે મજબૂર બન્યા હોવાની બૂમો ઉઠી છે. કપડવંજ તાલુકાના નવાગામ પગાર કેન્દ્ર શાળાના નવીન મકાનનું બાંધકામ અંદાજે ૯ માસથી મંથરગતિએ ચાલી રહ્યું છે. આ અંગે નવાગામ ગ્રામ પંચાયતના સરપંચ સોનલબેન સી.પટેલે અનેક વખત જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિત અનેક સંબંધિત તંત્રને રજૂઆત કરી હતી તેમાં જણાવ્યું હતું કે નવાગામ પગાર કેન્દ્ર શાળામાં ધોરણ ૧ એક થી ૮ ના વર્ગો આવેલા છે. પણ તેના નવીન બાંધકામ માટે ઓરડાઓ ફેબ્રુઆરીમાં તોડી પાડવામાં આવ્યા હતા. અને ફેબ્રુઆરી ૨૦૨૪ના મહિનાથી કામ શરૂ કર્યું હતું. પણ આજે ૯ મહિના ઉપરાંતનો સમય વિતી ગયો હોવા છતાં આ શાળાઓના ઓરડાઓનું કામ ઝડપથી થતું નથી અને સમય વધી જાય છે. જેને લઈને બાળકોનું ભણતર બગડી રહ્યું છે. આમ કોન્ટ્રાક્ટર દ્વારા ધીમી ગતિએ કામ થતા બાળકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સાથે સાથે અભ્યાસ પણ બગડી રહ્યો છે. આ બાંધકામની કામગીરી ટૂંક સમયમાં કે નિયત સમયમાં પૂર્ણ થાય તેવું લાગતું નથી. હાલમાં બાળકોના બેસવા ઉપરાંત મધ્યાહન ભોજન, પાણીની સગવડ, વોશરૂમની સગવડ કે પરીક્ષામાં બેઠક વ્યવસ્થા ગોઠવવા યોગ્ય સ્થળ નથી. આ અંગે શાળાના વિદ્યાર્થીઓના વાલીઓ એસ.એમ.સી.ના સભ્યો અને તમામ ગ્રામજનોની માગણી છે કે બાળકોનું ભણતર અને ઉજવળ ભવિષ્ય માટે હકારાત્મક પગલાં ભરી શાળાનું કામ વહેલી તકે અને ઝડપી પૂરૂં થાય એ ખૂબ જ જરૂરી છે. આ સંદર્ભે ખેડા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વાઘેલાનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતુ કે, જિલ્લામાં આવી કેટલી શાળાઓના નવનીકરણનું કામ ચાલી રહ્યું છે. તેની મને જાણ નથી. આ શાળા બાબતે તાલુકા કક્ષાએથી રિપોર્ટ મંગાવીને કામ કયા લેવલે પહોંચ્યું છે. તે તપાસ કરવી પડશે.

# સુરતમાં બીએસએનએલ કંપનીના રૂા.૬.૬૨ લાખના કોપર કેબલ વાયરોની ચોરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૯

સુરત શહેરના ઘોડદોડ રોડ પર એલબી ટર્નિંગ પોઈન્ટ પાસે બીએસએનએલ કંપનીનું કામકાજ ચાલી રહ્યું છે. જેથી કંપની દ્વારા કેબલ વાયરનો જથ્થો ટર્નિંગ પોઈન્ટ પાસે આવેલા ભાવિક કોમ્પલેક્ષથી જેડી કોમ્પલેક્ષ સુધીના વચ્ચે મૂકી રાખવામાં આવ્યો છે. આ દરમિયાન થોડા દિવસ અગાઉ ત્રણ દિવસના સમયગાળા દરમિયાન તસ્કરો દ્વારા રૂપિયા ૬.૬૨ લાખના કેબલ વાયરનો જથ્થો ચોરી કરી ફરાર થઈ ગયા હતા.પ્રાપ્ત થતી માહિતી મુજબ ઘોડદોડ રોડ એલ બી ટર્નિંગ પોઈન્ટ પાસે બીએસએનએલ કંપનીનું કામ ચાલી રહ્યું છે. આ કામકાજમાં વાપરવા માટે કોપર કેબલનો જથ્થો ત્યાં મૂકી રાખવામાં આવ્યો છે. આ દરમિયાન તસ્કરોએ ઘોડદોડ રોડ એલ બી ટર્નિંગપોઈન્ટ પાસે આવેલા ભાવિક કોમ્પ્લેક્સ થી જેડી કોમ્પલેક્ષ સુધીના વચ્ચેના રસ્તા પર બીએસએનએલ કંપનીના કોપર કેબલ વાયરો મૂક્યા હતા. ત્યારે તસ્કરોએ રૂા.૬.૬૨ લાખના વાયરો ચોરી કરી ભાગી ગયા હતા. આ અંગે ઘોડદોડ રોડ દૂરસંચાર કોલોનીમાં રહેતા અને જૂનિયર ટેલિકોમ ઓફિસર ફુલસીહ કાલિદાસભાઈ વસાવાએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# અડાજણમાં હનીપાર્ક રોડ પર ચાલતા જુગારધામ પર સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

અડાજણ પોલીસના નાક નીચે ધમધમતા જુગારધામ ઉપર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરોડા પાડયા હતા. અડાજણ હનીપાર્ક રોડ ખાતે આવેલા એસએમસી આવાસમાં કેટલાક સમયથી જુગારધામ ધમધમતુ હોવા છતા અડાજણ પોલીસના વહીવટદારોની મહેરબાની સટોડિયાઓ ઉપર વરસી રહી હતી. પરંતુ સ્ટેટ મોનિટરિંગ સેલે છાપો મારી અડાજણ પોલીસની કામગીરી ઉજાગર પાડી દીધી છે. આ રેડ બાદ અડાજણ પોલીસ ઉંઘમાંથી જાગી ભાગદોડ કરવા લાગી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલે જુગારધામ પરથી ૧૦ જુગારીઓને ઝડપી પાડયા હતા. તેમજ વાહનો, રોકડા, મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કરવાં આવ્યો હતો. અડાજણ પોલીસ સ્ટેશની હદમાં આવેલા હની પાર્ક રોડ એસએમસી આવાસમાં ધમધમતા જુગારધામ ઉપર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બાતમીના આધારે દરોડા પાડયા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલની રેડ બાદ જુગારધામ પર પાનાનો જુગાર રમવા આવેલા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. સ્ટેટ મોનિટરિંગ સેલ સ્થળ પરથી પોલીસે ૧૦ જુગારીઓને પકડી પાડયા હતા. જયારે હની પાર્ક રોડ એસએમસી આવાસમા રહેતો અન જુગારધામ ચલાવનાર નથુભાઈ ઉર્ફે અન્નો સુર્યવંશી અને જુગારધામ પર દેખરેખ રાખનાર સંજયભાઈ ઉર્ફે સંજયો ભાગવામા સફળ રહયા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલે જુગારધામ પરથી રોકડા રૂા.૩૫,૦૦૦, મોબાઈલ નંગ-૭ રૂા.૪૬૦૦૦, તથા ટુ વ્હલી ગાડી રૂા.૧૦૦૦૦ મળી કુલ રૂ.૯૧,૯૭૦ની મતા કબજે કરી છે.

# ડીસામાં શિક્ષણ વિભાગના ગ્રુપમાં અશ્લીલ ફોટોના સ્ક્રીન શોટ મૂકાતા ખળભળાટ

## મારો મોબાઈલ હેક થવાને લીધે આ ફોટાઓ વાયરલ થયા : શિક્ષક

ડીસા, તા.૨૯

ડીસા તાલુકામાં વાઈરલ થયેલા કેટલાક મોબાઈલ સ્ક્રીન શોટને લઈ શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે. ડીસા તાલુકાના શિક્ષણ વિભાગના એક ગ્રૂપમાં કોઈ નંબરથી આવેલા અશ્લીલ ફોટોના સ્ક્રીન શોટ પાડીને કોઈ શખ્સે વાઈરલ કર્યા છે. આ સ્ક્રીન શોટમાં અશ્લીલ ફોટો ગ્રાફ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ડીસા તાલુકામાં આવેલી પેટા સરકારી શાળાના આચાર્યને સરકારની સૂચનાઓ મળી શકે તે માટે ઓલ એચ.એમ. ૧ અને ઓલ એચ.એમ. ૨ નામના બે ગ્રૂપ બનાવવામાં આવ્યા હતા. જેમાં પેટા શાળાના આચાર્યોને જોડવામાં આવ્યા હતા. અને આ ગ્રૂપમાં જ અશ્લીલ ચિત્રો આવતા અન્ય શિક્ષકો પણ ચોંકી ઉઠ્યા છે. આ ઉપરાંત આ ગ્રૂપમાં મહિલા કર્મચારીઓ પણ હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આ ઘટના અશ્લીલતાની સાથે અનૈતિક ઘટના પણ કહેવાય. આ બાબતે જે નંબરથી ગ્રૂપમાં મેસેજ આવ્યો હતો તે શિક્ષકનો પણ સંપર્ક કરાયો હતો. ત્યારે શિક્ષક દ્વારા જણાવવામાં આવ્યું છે કે તેમનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હોવાના લીધે આ બનાવ બન્યો છે અને માત્ર આ એક ગ્રૂપ નહીં પરંતુ અન્ય ગૃપોમાં પણ આવા મેસેજ સેન્ડ થયેલા છે. લોકોના ફોન આવતા જ તેમને પણ બાદમાં ખ્યાલ આવ્યો હતો. જેથી તેમણે આ અંગે પોલીસ સ્ટેશનમાં ૨૭ તારીખના રોજ જાણ કરીને સાઈબર સેલને પણ જાણ કરી છે. ત્યારે આ ઘટનામાં શું સત્ય છે તે અંગે ડીસા તાલુકાના શિક્ષણ વિભાગે પણ તપાસનો દૌર હાથ ધર્યો છે. અને તપાસમાં હવે બહાર શું આવે છે તે જોવું રહ્યું.

# પાર્લે પોઈન્ટમાં વેપારીના મકાનમાંથી ઘરઘાટીએ રૂા.૩.૭૦ લાખની ધાપ મારી

સુરત, તા.૨૯

મૂળ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના વતની અને હાલમાં સુરતના પાર્લે પોઈન્ટ મેઘ મયુર પ્લાઝામાં રહેતા ૨૮ વર્ષીય ચિરાગભાઈ દિનેશભાઈ મેડકવાલ કાપડના ધંધા સાથે સંકળાયેલા છે. ચિરાગભાઈના દાદા બિમાર હોવાથી સાર સંભાળ રાખવા માટે કેર ટેકર તરીકે વરાછામા રહેતો સુનિલ રાજપુતને પાંચ દિવસ માટે નોકરી પર રાખ્યો હતો. પાંચ દિવસના સમયગાળા દરમિયાન તેણે ઘરમાં એકલતાનો લાભ ઉઠાવી ચિરાગભાઈના ફ્લેટના બેડરૂમના કબાટમાંથી રોકડા રૂપિયા ૬૦,૦૦૦ તથા કબાટના ડ્રોવરમાંથી રૂપિયા ૧.૬૦ લાખનો સોનાનો ચેઈન તથા રૂપિયા ૧.૫૦ લાખની ત્રણ સોનાની વીંટી મળી કુલ રૂપિયા ૩.૭૦ લાખની ચોરી કરી સુનીલ રાજપૂત ફરાર થઈ ગયો હતો. જેથી ચિરાગભાઈએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી સુનિલ રાજપુતને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# વાલિયા વાડી માર્ગ પરથી રોયલ્ટી વગર દોડતી ચાર ટ્રક તંત્ર દ્વારા ડિટેઈન

અંકલેશ્વર, તા.૨૯

વાલિયા મામલતદારે વાલિયા-વાડી માર્ગ પર જબુગામ ગામ પાસેથી રોયલ્ટી વિનાની ચાર ટ્રકો પકડી ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં વાલિયા ઝઘડિયા નેત્રંગ તાલુકામાં ગેરકાયદેસર રીતે ચાલતી રેતી ખનન અને વહન અંગે નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા ત્રણેય તાલુકાના મામલતદારોને લેખિત હુકમ કર્યો હતો. જેને લઈ વાલિયા મામલતદાર શ્રદ્ધાબેન નાયક તેમજ સ્ટાફ દ્વારા સતત ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે આજરોજ વાલિયા-વાડી માર્ગ ઉપર જબૂગામ પાસે મામલતદાર સહિત સ્ટાફે ચેકીંગ હાથ ધર્યુ હતું. તે દરમિયાન રોયલ્ટી વિનાની ચાર ટ્રક પડી તેને ડિટેઈન કરી હતી.અને વાલિયા પોલીસ મથકનો હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





અંકલેશ્વરના મામલતદાર કરણસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને અંકલેશ્વર તાલુકાના વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો સાથે એક મિટિંગ કરી પુરવઠાને લગતી સૂચનાઓ આપી હતી, તેમજ રેશન કાર્ડ ઈ કેવાયસીની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવા તેમજ ગ્રામ્ય અને શહેરી તકેદારી સમિતિની રચના ૨ દિવસમાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. **(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)**

# કોસંબાની ઈકરા પ્રાથ. શાળા તરસાડી ખાતે ક્વિઝ સ્પર્ધા યોજાઈ



કોસંબા, તા.૨૯

કોસંબાની ઈકરા પ્રાથમિક શાળા, તરસાડી ખાતે ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવેલ હતી. જેનું આયોજન તથા સંચાલન શાળાના શિક્ષકો ફીરદોસ મેડમ, શબાના મેડમ, તનવીરા મેડમ અને શેહરીઝ મેડમે કર્યું હતું. જેમાં ૪ ટીમ થઈ કુલ ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અંતે ટીમ છ વિજેતા થઈ હતી. વિજેતા ટીમને શાળાના સંસ્થાપક ઈબ્રાહિમભાઈ દાવજી તથા શાળાના આચાર્ય સુલતાના મેડમ તેમજ ઉપ આચાર્ય ફેમિદા મેડમે બિરદાવ્યા હતા.

# સુરતમાં પિતાએ માથામાં કૂકર મારી પુત્રીને મોતને ઘાટ ઉતારી દીધી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૯

ચોકબજાર ખાતે આવેલા ભરીમાતામાં પિતાએ જ પોતાની પુત્રીના માથામાં કુકર મારી તેણીને મોતને ઘાટ ઉતારી દેતા અરેરાટી વ્યાપી ગઈ છે. જયારે હત્યારા પિતાની ચોકબજાર પોલીસે ધરપકડ કરી છે.

ચોકબજાર ભરીમાતા ખાતે આવેલા સુમનમંગળ આવાસમાં મુકેશ પરમાર પરિવારમાં પત્ની તથા બે પુત્રી હર્ષા તથા ૧૮ વર્ષીય હેતાલી અને બે પુત્રો જેનીશ અને મયંક સાથે રહી મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગુરૂવારે બપોરે ઘરમા તમામ સભ્યો હાજર હતા.ત્યારે પિતા મુકેશે પુત્રી હેતાલીને રસોઈ બનાવવાનું શીખવવાની વાતને લઈને ઠપકો આપ્યો હતો. પરંતુ પુત્રીને માઠું લાગી આવતા પિતા સાથે ઝગડો કયો હતો. ત્યાર બાદ પુત્રી સૂઈ ગઈ હતી. પરંતુ આક્રોશમાં આવેલા પિતાએ સૂતેલી પુત્રીના માથામાં કુકર મારી દેતા લોહીલુહાણમા હાલતમાં બેભાન થઈ ગઈ હતી. પિતાનું ઉગ્ર સ્વરૂપ જોઈને પત્ની સહિત પરિવારના સભ્યો સ્તબ્ધ રહી ગયા હતા. તેઓ પુત્રીને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલમા લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન હેતાલીએ દમ તોડ્યો હતો. પુત્રીના મોતને પગલે પરિવારમાં શોક ફરી વળ્યું હતું. આ બનાવ અંગે ચોકબજાર પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારા પિતાની ધરપકડ કરી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રદર્શનકારીઓએ ઈઝરાયેલ પર સંપૂર્ણ શસ્ત્ર પ્રતિબંધની માગણી સાથે લંડનમાં સરકારી વિભાગોના પ્રવેશદ્વારને અવરોધિત કર્યા

(એજન્સી) તા.૨૯

પેલેસ્ટીની તરફી વિરોધીઓએ ગુરૂવારે લંડનમાં વિદેશ કાર્યાલય અને વેપાર વિભાગ બંનેને નિશાન બનાવ્યા, ઈઝરાયેલમાં શસ્ત્રોની નિકાસને તાત્કાલિક સમાપ્ત કરવાની માંગ કરી. પ્રદર્શનકારીઓનો એક સમુહ પેલેસ્ટીની લોકો સાથે એકતામાં પ્રથમ વિદેશી કાર્યાલયની બહાર એકત્ર થયા પેલેસ્ટીની ધ્વજ વહન કરીને તેઓએ પ્રવેશદ્વારને અવરોધિત કર્યો અને ઈઝરાયેલને શસ્ત્રોનો સપ્લાય તાત્કાલિક બંધ કરવાની માંગ કરતા સૂત્રોચ્ચાર કર્યા. ભારે પોલીસ હાજરી હેઠળ યોજાયેલા પ્રદર્શન દરમિયાન, વિરોધીઓએ સરકારને ગાઝામાં થઈ રહેલા નરસંહારમાં સામેલ ન થવા વિનંતી કરી, જ્યાં ઓક્ટોબર ૭થી ઈઝરાયેલી હુમલામાં ૪૪,૩૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. અન્ય એક પ્રો-પેલેસ્ટીની સમુહે પણ વાણિજ્ય અને વેપાર વિભાગની સામે સમાન વિરોધ કર્યો હતો અને ઈઝરાયેલને શસ્ત્રોની સતત નિકાસ સામે વિરોધ કર્યો હતો. સમુહોએ કૂચ શરૂ કર્યા પછી ઓછામાં ઓછા બે વિરોધીઓની ધરપકડ કરવામાં આવી છે. અનાદોલુ સાથે વાત કરતા, મિચા, એક વિરોધીએ, સરકાર પર ગાઝા પટ્ટીમાં આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘનમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો. તેમણે જણાવ્યું કે તેઓ કહેતા હતા કે ‘પર્યાપ્ત છે’, ઉમેર્યું કે ‘અમે હવે પહેલાની જેમ વ્યવસાય ચાલુ રાખી શકતા નથી. અમે સંપૂર્ણ શસ્ત્ર પ્રતિબંધની માંગ કરી રહ્યા છીએ.’ ડેન, એક યહૂદી વિરોધીએ જણાવ્યું કે તે તેના પૂર્વજોની આત્માઓથી ત્રાસી ગયો હતો અને ‘તેમના નામે આ નરસંહાર કરવામાં આવી રહ્યો છે.’ તેમણે જણાવ્યું કે ગાઝામાં દર ૧૦ સેકન્ડે એક બાળકની હત્યા થઈ રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જહાજો અને એરોપ્લેન પર લોડ કરવામાં આવતા દરેક શસ્ત્રને રોકવું જોઈએ. તેમણે જણાવ્યું કે, ‘એક યહૂદી વ્યક્તિ અને હોલોકોસ્ટ બચી ગયેલા લોકોના વંશજ તરીકે, હું આ વાક્યને ખૂબ મહત્વ આપું છું કે આ ફરી ક્યારેય નહીં થાય.’




# ઈઝરાયેલ દ્વારા મધ્ય ગાઝામાં બોમ્બ વિસ્ફોટ કરાતા ૪૨ પેલેસ્ટીનીઓનાં મોત

(એજન્સી) તા.૨૯

તબીબી સૂત્રોએ અલ જઝીરા અરેબિકને જણાવ્યું કે ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૪૨ લોકો મૃત્યુ પામ્યા છે, કારણ કે ઈઝરાયેલી દળોએ કેન્દ્રીય વિસ્તારો પર બોમ્બમારો તીવ્ર બનાવ્યો છે અને ટાંકીઓ એન્કલેવના ઉત્તર અને દક્ષિણમાં વધુ ઊંડે ધકેલ્યા છે. ડોકટરોએ જણાવ્યું કે, ઉત્તરી ગાઝા પટ્ટીના બેટ લાહિયામાં એક ઘર પર અને કમલ અદવાન હોસ્પિટલ નજીકના બે હવાઈ હુમલામાં છ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે ખાન યુનુસમાં મોટરસાયકલ પર ઈઝરાયેલી હુમલામાં ચાર લોકો મૃત્યુ પામ્યા છે. બાદમાં, પૂર્વી ખાન યુનુસમાં વિસ્થાપિત પરિવારો માટેના તંબુ કેમ્પ નજીક ઈઝરાયેલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા પાંચ લોકો મૃત્યુ પામ્યા અને અન્ય ઘાયલ થયા. નુસરત શરણાર્થી શિબિરમાં, ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ અનેક હવાઈ હુમલાઓ કર્યા, બહુમાળી ઈમારતનો નાશ કર્યો અને મસ્જિદોની બહારની શેરીઓ પર હુમલો કર્યો. કેમ્પમાં અલ-અવદા હોસ્પિટલના આરોગ્ય અધિકારીઓના જણાવ્યાં અનુસાર હુમલામાં ઓછામાં ઓછા ૧૧ લોકો મૃત્યુ પામ્યા. કેમ્પના ઉત્તરીય વિસ્તારમાંથી ટેન્ક આગળ વધ્યા બાદ ડઝનબંધ પરિવારો તેમના ઘરોમાં ફસાયા હતા અને સતત ટાંકીમાં આગ લાગવાને કારણે એમ્બ્યુલન્સ તેમના સુધી પહોંચી શકી ન હતી, એમ તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું. ઈઝરાયલે ઘેરાયેલા પ્રદેશ પર બોમ્બમારો વધાર્યો હોવાથી, યુનાઈટેડ નેશન્સે ચેતવણી આપી કે ગાઝા પટ્ટીમાં ૨૦ લાખથી વધુ લોકો ફસાયા છે, તેઓને ખોરાક અને પીવાનું સલામત પાણી ઉપલબ્ધ નથી.



# યમનના હૌથીઓએ ગાઝા માટે સમર્થન ચાલુ રાખવાની ખાતરી કરી

(એજન્સી) તા.૨૯

યમનના હોથી સમુહે તમામ ઉપલબ્ધ સંસાધનો સાથે ગાઝાના લોકોને ટેકો આપવા અને તેમની સાથે ઊભા રહેવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. સમુહના રાજકીય બ્યુરોના સભ્ય હિજામ અલ-અસ્વાદે અલ-રેસાલા નેટને જણાવ્યું કે, ‘અમે અમારા નિકાલ પર અમારા તમામ માધ્યમોનો ઉપયોગ કરીને ગાઝાના નિર્ધારિત લોકો માટે અમારા સતત સમર્થનની પુનઃપુષ્ટિ કરીએ છીએ.’ તેમણે જણાવ્યું કે, ‘અમારા મહાન અને નિર્ધારિત યમનના લોકો ગાઝામાં તેમના ભાઈઓને સમર્થન આપતા ક્યારેય થાકશે નહીં-પછી ભલે તે જાહેર, સત્તાવાર, સૈન્ય, નાણાકીય અથવા મીડિયા ચેનલો દ્વારા- અને અન્ય તમામ ઉપલબ્ધ રીતે.’ તેમણે ભારપૂર્વક જણાવ્યું કે લેબેનોન સાથે કબજા દ્વારા થયેલ કરાર એ પ્રતિકાર માટે સ્પષ્ટ વિજય છે, ઉમેર્યું કે ‘હિઝબુલ્લાહ નોંધપાત્ર માર્જિનથી જીત્યો, જેમ કે પ્રતિકારના નેતાઓ અને રાષ્ટ્રના શહીદો, સૈયદ હસન નસરાલ્લાહ વ્યક્ત કરે છે.’ ઝિઓનિસ્ટ દુશ્મન અને તેના સમર્થકોનો પરાજય થયો છે. અલ-અસ્વાદે ભારપૂર્વક જણાવ્યું કે, ‘તેઓએ ત્યારે જ સ્વીકાર્યું જ્યારે તેલ અવીવમાં આગ લાગી હતી અને હૈફા, એકર, નાહરિયા અને તેમના રાજકીય, આર્થિક અને સુરક્ષા ગઢનો દરેક ખૂણો બળી ગયો હતો.’ તેમણે જણાવ્યું’ કે ટૂંક સમયમાં, દુશ્મન ગાઝામાં હાર સ્વીકારશે, અને પ્રતિકાર લડાકુઓ, જેહાદના નાયકો અને પ્રતિકાર અને સમર્થનની ધરી દ્વારા શક્તિશાળી હુમલાઓનો સામનો કરીને પરાજય પામશે.



# ઈઝરાયેલ દ્વારા ઉત્તર ગાઝા પટ્ટી વિસ્તારમાં સહાય પહોંચાડવાના યુનોના તમામ પ્રયાસોને અવરોધવામાં આવી રહ્યા છે, UNRWA પેલેસ્ટીન માટેની રાહત એજન્સીની ફરિયાદ

(એજન્સી) અંકારા, તા.૨૯

પેલેસ્ટીન નાગરિકો માટેની યુનોની રાહત સહાય એજન્સીએ એવી ગંભીર ફરિયાદ કરી છે કે ઈઝરાયેલ દ્વારા ઉત્તર ગાઝા વિસ્તારના લોકો સુધી સહાય પહોંચાડવાના તમામ પ્રયાસો અવરોધવામાં આવી રહ્યા છે. કોઈ માનવતાવાદી મદદ પહોંચાડી શકાતી નથી. એક નિવેદનમાં યુએનઆરડબલ્યુએ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે માનવ રક્ષક દવાઓ અને અન્ય સહાય જબલીયા તથા અન્ય વિસ્તારોમાં પહોંચાડવા માટે ૯૧ વખત એજન્સી દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા પણ તેમાંથી ૮૨ વખત સહાય જવા દેવાઈ નથી. માત્ર નવ વખત સહાય જવા દેવામાં આવી છે.

એજન્સી કહે છે કે ગંભીર રીતે ઈજા પામેલા અને માંદા ૬૫૦૦૦થી ૭૫૦૦૦ લોકો માટે બચવાનું હવે લગભગ અશક્ય બની રહ્યું છે. છેલ્લા ૫૦ દિવસથી તેઓ આ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે અને અસ્તિત્વનો જંગ ખેલી રહ્યા છે.

યુનો સહાય સંસ્થાએ ચેતવણી આપી છે કે હજારો પરિવારો જે ઉત્તર ગાઝા વિસ્તારમાંથી ઘેરાઈ ગયા છે એ હવે ભયાનક ઠંડી અને વરસાદમાં કોઈ જાતના રક્ષણ કોઈ જાતના ધાબળા કે ગાદલા, તકિયા અથવા તો પાણીથી બચવા માટેના સેન્ટર વિના ખુલ્લામાં જીવી રહ્યા છે અને પરિસ્થિતિ અત્યંત દયાજનક બની છે. ઈઝરાયેલ દ્વારા પાંચ ઓક્ટોબરથી ઉત્તર ગાઝા પર ભયાનક જમીની અને હવાઈ આક્રમણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે બહુ ઓછી સહાય પેલેસ્ટીની લોકો સુધી પહોંચી શકે છે. એ વિસ્તારમાં હવે દવાઓ તથા અનાજ અને બળતણની પણ ભયંકર તંગી ઊભી થઈ છે. જેના કારણે ૮૦ હજાર લોકો ભૂખમરાનો શિકાર બની રહ્યા છે. ઈઝરાયેલના આક્રમણ પછી અત્યાર સુધીમાં ઉત્તર ગાઝામાં ૨૩૦૦થી વધુ લોકો માર્યા ગયા છે તેમ પેલેસ્ટીન આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ આંકડો તો માત્ર એક જ મહિનાનો છે પણ એકંદરે આંકડો જોઈએ તો અત્યાર સુધીમાં ઈઝરાયેલ દ્વારા મહિલાઓ અને બાળકો સહિત ૪૪ હજારથી વધુ નાગરિકોને મારી નાખવામાં આવ્યા છે.




# ઈઝરાયેલના ગાઝા પર બોમ્બમારાના કારણે નુસરતમાં એક જ પરિવારના નવ સભ્યોનાં મોત

(એજન્સી) તા.૨૯

ઈઝરાયેલી દળોએ ગાઝા પટ્ટીમાં રહેણાંક ઈમારતો, જાહેર સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યું છે, જેમાં નુસરત શરણાર્થી શિબિરમાં એક પરિવારના ઓછામાં ઓછા નવ સભ્યો મૃત્યુ પામ્યા છે. મધ્ય ગાઝામાં દેઈર અલ-બલાહથી અહેવાલ આપતા, અલ જઝીરાના હાની મહમૂદે ગુરૂવારે જણાવ્યું કે, ઈઝરાયેલની જમીન દળો નેત્ઝારીમ કોરિડોરને વિસ્તૃત કરવા માટે લશ્કરી કાર્યવાહી કરી રહી છે. નેત્ઝારીમ કોરિડોર એ ૬.૫ કિમી (૪ માઈલ) લાંબો વિસ્તાર છે જે ઉત્તર અને દક્ષિણ ગાઝાને વિભાજિત કરીને એન્કલેવની મધ્યમાં ઈઝરાયેલી સૈન્ય દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો છે.મહમૂદે સમજાવ્યું કે, ‘આમ કરવાથી, તે બાકી રહેણાંક ઈમારતોને નષ્ટ કરવા માટે આ હુમલાઓ કરે છે . જેનો ઉપયોગ પેલેસ્ટીની લડવૈયાઓ દ્વારા નિરીક્ષણ બિંદુ તરીકે કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે આ ઘરોની અંદર મોટી સંખ્યામાં નાગરિકો હતા. ઉત્તરી ગાઝામાં, ઈઝરાયેલી જેટ વિમાનોએ બીટ લાહિયા શહેરમાં બાકી રહેણાંક ઈમારતોને નિશાન બનાવીને હવાઈ હુમલો કર્યો, જેમાં ઓછામાં ઓછા ચાર લોકો મૃત્યુ પામ્યા. દક્ષિણમાં, ગુરૂવારે સવારે ઓછામાં ઓછા ચાર લોકો મૃત્યુ પામ્યા જ્યારે ઈઝરાયેલી ડ્રોને ખાન યુનુસ શહેરની પૂર્વમાં અબાસન શહેરમાં વિસ્થાપિત લોકો માટેના કેમ્પની નજીક પેલેસ્ટીની નાગરિકોના સમૂહ પર હુમલો કર્યો હતો, ઈઝરાયેલી સૈન્યએ તાજેતરના હુમલાઓ પર ટિપ્પણી કરી નથી. તેણી સામાન્ય રીતે દાવો કરે છે કે તેણીની કામગીરી હમાસને લક્ષ્ય બનાવે છે અને તે નાગરિક જાનહાનિ ટાળવાનો પ્રયાસ કરે છે. સંયુક્ત રાષ્ટ્રએ આ મહિનાની શરૂઆતમાં જણાવ્યું કે ગાઝામાં મૃત્યુ પામેલા લોકોમાં ૭૦ ટકાથી વધુ મહિલાઓ અને બાળકો હતા.



# પ્રદર્શનકારીઓએ પેલેસ્ટીનીઓનું રક્ષણ કરવા માટે યુરોપીય સંઘને માંગ કરી

(એજન્સી) તા.૨૯

ગઈકાલે, ફ્રાન્સના સ્ટ્રાસબર્ગમાં યુરોપિયન સંસદની બહાર એક વિરોધ પ્રદર્શન થયું હતું, જેમાં પેલેસ્ટીની લોકોને સુરક્ષાની માંગ કરવામાં આવી હતી. આ પ્રદર્શન ફ્રેન્ચ અને યુરોપિયન નાગરિક સમાજ સંગઠનો દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું, જેમાં સૌથી અગ્રણી ફ્રેન્ચ-પેલેસ્ટીની સોલિડેરિટી એસોસિએશન હતું. પ્રદર્શનકારીઓએ પેલેસ્ટીની અને લેબેનીઝ ધ્વજ તેમજ ફ્રેન્ચ, અંગ્રેજી અને જર્મન ભાષામાં બેનરો ધરાવ્યાં હતાં જેમાં લખ્યું હતું કે ‘અમે તમને નરસંહારને સમર્થન આપવાની મંજૂરી આપતા નથી’, ‘નરસંહાર બંધ કરો’ અને ‘નરસંહાર માટે કોઈ શસ્ત્રો નથી.’ પાછલા એક વર્ષમાં ગાઝા પર ઈઝરાયેલના હુમલામાં મૃત્યુ પામેલા નાગરિકોની તસવીરો દર્શાવતું મોટું પોસ્ટર પણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. ઑક્ટોબર ૨૦૨૩માં ગાઝા પર તેના નરસંહારની બોમ્બ વિસ્ફોટની ઝુંબેશ શરૂ કરી ત્યારથી ઈઝરાયેલે ૪૪,૦૦૦થી વધુ પેલેસ્ટીનીને મારી નાખ્યા છે, અને ૧૦૦,૦૦૦થી વધુ લોકોને ઘાયલ કર્યા છે. યુ.એસ., બ્રિટન, જર્મની અને કેટલાક યુરોપિયન દેશો ઈઝરાયેલને લશ્કરી સાધનો અને બોમ્બ પૂરા પાડવાનું ચાલુ રાખે છે, જેનો ઉપયોગ તેણે પેલેસ્ટીની નાગરિકોને નિશાન બનાવવા માટે કર્યો છે.



# ન્યૂયોર્ક થેંક્સ ગિવિંગ પરેડમાં પેલેસ્ટીન સમર્થક પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી

(એજન્સી) તા.૨૯

ન્યૂયોર્ક પોલીસે પેલેસ્ટીની સમર્થકોના એક સમૂહની ધરપકડ કરી છે જેમણે ગુરૂવારે રોનાલ્ડ મેકડોનાલ્ડ ફ્લોટ પહેલાં પરેડના માર્ગને અવરોધિત કરવાનો પ્રયાસ કરીને મેસીની થેંક્સ ગિવીંગ ડે પરેડમાં થોડા સમય માટે વિક્ષેપ પાડ્યો હતો, રોઈટર્સ અહેવાલ આપે છે. ૯૮મી વાર્ષિક પરેડ, જેનું સમગ્ર દેશમાં પ્રસારણ થાય છે, તે અમેરિકાની થેંક્સ ગિવિંગ રજા પરંપરાનો એક ભાગ છે, જેમાં કાર્ટૂન પાત્રોના વિશાળ ફુગ્ગાઓ, માર્ચિંગ બેન્ડ્સ અને લોકપ્રિય સંગીત કલાકારો દ્વારા લાઈવ પરફોર્મન્સ દર્શાવવામાં આવે છે. તેને જોવા માટે મેનહટનના રસ્તાઓ પર હજારો લોકો લાઈનમાં ઉભા છે. ન્યૂયોર્ક પોલીસ ડિપાર્ટમેન્ટે એક નિવેદનમાં જણાવ્યું કે, "વિરોધીઓને ઘટના વિના કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. અટકાયત કરાયેલ લોકોની સંખ્યા અજાણ છે અને આરોપો બાકી છે. રોઈટર્સના ફોટામાં સતત વરસાદ વચ્ચે રસ્તા પર બેઠેલા લગભગ ૨૦ વિરોધીઓની લાઈન દર્શાવવામાં આવી હતી. રોઈટર્સના એક સાક્ષીના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળ પરની પોલીસે શરૂઆતમાં પ્રદર્શનકારીઓને દખલ કર્યા વિના ત્યાંથી નીકળી જવાની સલાહ આપી હતી. ત્યારપછી સાયકલ પર સવાર પોલીસ અધિકારીઓની એક ટીમ ત્યાં આવી, પ્રદર્શનકારીઓનો સામનો કર્યો અને તેમનો પીછો કર્યો. પોલીસ કમિશનર જેસિકા ટિશે જેમણે સોમવારે શપથ લીધા હતા, તેમણે પરેડ પહેલાં જણાવ્યું કે પોલીસ વિરોધીઓની અપેક્ષા રાખતી નથી પરંતુ તેમના માટે તૈયાર છે. ટિશે જણાવ્યું કે, "અમારી પાસે ઘણા બધા સંસાધનો છે. અમારી પાસે એવા સંસાધનો છે જે તમે જોઈ શકો છો અને એવા સંસાધનો છે જે તમે જોઈ શકતા નથી. અમારી પાસે અમારા કૂતરા છે, અમારી પાસે અમારા ડ્રોન છે. પરેડ માટે અમારી પાસે સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા છે." વિરોધીઓ ગાઝામાં ઈઝરાયેલના યુદ્ધની કાર્યવાહીનો વિરોધ કરી રહ્યા હતા, જે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ શરૂ થયું હતું જ્યારે હમાસના પેલેસ્ટીની લડાકુઓએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો, જેમાં ૧,૨૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા અને લગભગ ૨૫૦ બંધકો બનાવ્યા હતા. જો કે, ત્યારથી, હારેટ્ઝ દ્વારા એવું બહાર આવ્યું છે કે ઈઝરાયેલના લશ્કરી હેલિકોપ્ટર અને ટેક્રોએ વાસ્તવમાં ૧,૧૩૯ સૈનિકો અને નાગરિકોને માર્યા હતા જેમનો ઈઝરાયેલે દાવો કર્યો કે પેલેસ્ટીની પ્રતિકાર દ્વારા મૃત્યુ પામ્યા હતા.



# યુદ્ધવિરામ વચ્ચે ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ લેબેનોનમાં હવાઈ હુમલો કર્યો

(એજન્સી) તા.૨૯

ઈઝરાયેલી સંરક્ષણ દળો (IDF)એ એક નિવેદનમાં જણાવ્યું કે, ઈઝરાયેલી ફાઈટર જેટે દક્ષિણ લેબેનોનમાં હવાઈ હુમલો કર્યો અને દાવો કર્યો કે હુમલાને ઉદ્દેશ્ય ‘ખતરાને નિષ્ફળ’ કરવાનો હતો. લેબેનોનમાં બુધવારે સવારથી ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ કરાર અમલમાં આવ્યા બાદ ગુરૂવારે આ પ્રકારનો પ્રથમ હુમલો છે. IDF નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ‘દક્ષિણ લેબેનોનમાં મધ્યમ-અંતરના રોકેટોને સંગ્રહિત કરવા માટે હિઝબુલ્લાહ દ્વારા ઉપયોગમાં લેવાતી સુવિધા પર આતંકવાદી પ્રવૃત્તિઓની ઓળખ કરવામાં આવી છે,’ અને ઉમેર્યું કે ‘આઈડીએફ સૈનિકો દક્ષિણ લેબેનોનમાં તૈનાત છે જે યુદ્ધવિરામના કોઈપણ ઉલ્લંઘનને રોકવા માટે કામ કરી રહ્યા છે.’ અગાઉ ગુરૂવારે, IDF એ ખાતરી કરી કે તેણે સવારે દક્ષિણ લેબેનોનમાં ડ્રોન હુમલો કર્યો હતો, તેને ચેતવણીની હુમલા ગણાવ્યા હતા. IDFએ જણાવ્યું કે ઘણા ‘શંકાસ્પદ’ લોકો, કેટલાક વાહનો સાથે, યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરીને દક્ષિણ લેબેનોનના વિસ્તારોમાં પ્રવેશ્યા હતા. જવાબમાં, સેનાએ માર્કાબા વિસ્તારમાં એક વાહનની નજીક ચેતવણીના ગોળીબાર કર્યા, કોઈ જાનહાનિ થયા વિના તેને રોકવાના ઉદ્દેશ્ય સાથે. જો કે, લેબેનીઝ સૈન્ય સૂત્રોએ અહેવાલ આપ્યો છે કે હુમલાના પરિણામે ઓછામાં ઓછા બે લોકો ઘાયલ થયા છે. દરમિયાન, લેબેનોનમાં અનામી સત્તાવાર અને લશ્કરી સ્ત્રોતોએ દક્ષિણ લેબેનોનના તૈબેહ ગામ પર ઈઝરાયેલી હુમલામાં ચાર વધારાના લોકો ઘાયલ થયાની જાણ કરી અને ઈઝરાયેલી દળો પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો. તેમણે જણાવ્યું કે આવા હુમલાઓ અલ-બિસારી, શેબા અને ખિયામના નગરો તેમજ કફરચૌબા, હલતા, તાયર હરફા, મેસ અલ-જબાલ, કાફ્ર કિલા અને એતરૌન ગામોમાં પણ થયા હતા. જોકે બુધવારે સ્થાનિક સમય અનુસાર સવારે ૪:૦૦ વાગ્યે હિઝબુલ્લાહ અને ઈઝરાયેલી દળો વચ્ચે યુદ્ધવિરામ અમલમાં આવ્યો ત્યારથી દક્ષિણ લેબેનોનના સરહદી વિસ્તારો શાંત રહ્યા છે, બંને પક્ષો હજુ પણ એકબીજા પર યુદ્ધવિરામના ઉલ્લંઘનનો આરોપ લગાવી રહ્યા છે.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# હવે અજમેર દરગાહનો વારો...

છેલ્લા કેટલાયે સમયથી દેશમાં સદીઓ જૂના મુસ્લિમ ધર્મસ્થાનો વિરૂદ્ધ પહેલા મંદિર હોવાનો દાવો કરી કોર્ટમાં અરજી કરવાની એક આયોજનબદ્ધ કવાયત શરૂ થઈ હોવાનું સમજાય છે. સમયાંતરે કોઈને કોઈ મુસ્લિમ ધર્મસ્થાન પર દાવો ઠોકવામાં આવે છે અને પછી આ બાબતે જે ક્રિયાકલાપો થઈ રહ્યા છે તેનાથી દેશનો કરોડોની સંખ્યામાં રહેલો મુસ્લિમ સમાજ એક ગંભીર ચિંતા અને તણાવમાં જીવી રહ્યો છે. જ્ઞાનવાપી મસ્જિદથી માંડીને સંભલની જામા મસ્જિદ સુધીના બનાવો આ કડવી વાસ્તવિકતાને વ્યકત કરી જાય છે.

જ્ઞાનવાપી મસ્જિદના સર્વેના આદેશ બાદ જે રીતે વાતાવરણ ડહોળાયું હતું ત્યારબાદ દેશના શાસક પક્ષ ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-આરએસએસના સુપ્રીમો મોહન ભાગવતે એક જાહેર ટિપ્પણી કરી હતી કે આપણે (હિન્દુ સમાજે) દરેક મસ્જિદમાં શિવલીંગ શોધવાની જરૂર નથી... પરંતુ લાગે છે કે મોહન ભાગવતની આ ટિપ્પણીની હિન્દુ સમાજ પર કોઈ અસર થઈ નથી અથવા તો સરસંઘચાલકે આ ટિપ્પણીઓ ખાલી કહેવા ખાતર કરી હોવાનું જણાય છે કારણ કે જમીની સ્તરે એમની ટિપ્પણીની કોઈ અસર થઈ નથી અને એક પછી એક મુસ્લિમ ધર્મસ્થાનોને ઉપર જણાવ્યા પ્રમાણે નિશાન પર લેવાનું કામ સતત જારી જ છે બલ્કે સંઘના વડાના ઉકત નિવેદન બાદ તો મુસ્લિમ ધર્મસ્થાનોને આ રીતે છંછેડવાનું પ્રમાણ વધી ગયાનું જણાય છે અને આ શ્રૃંખલામાં જ વધુ એક કડી જોડાઈ હોય એમ હિન્દુ સેનાએ અજમેરની સુપ્રસિદ્ધ સૂફી સંત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી (ર.અ.)ની આઠસો વર્ષ જૂની દરગાહ પર અદાલતમાં દાવો માંડયો છે અને કહ્યું છે કે અજમેર શરીફની દરગાહ એ શિવમંદિર છે. આ શિવમંદિર હોવા બાબતે અરજી કરનાર પાસે કોઈ પુરાવો નથી પરંતુ કોઈ પુસ્તકમાં એનો ઉલ્લેખ હોવાથી આવો દાવો કરાયાનું જાણવા મળ્યું છે ત્યારે સવાલ એ થાય છે કે જે દરગાહ આઠ-આઠ સદીથી મુસ્લિમ ઓલિયાનું જગપ્રસિદ્ધ સ્થાન છે ત્યાં દેશ વિદેશના ટોચના મહાનુભાવોથી માંડીને દરેક ધર્મના અદનાથી અદના લોકો પણ સતત જંગી સંખ્યામાં પોતાની શ્રદ્ધા-અકીદત પેશ કરવા આવતા રહે છે એવા દેશના સર્વમાન્ય અને તદ્દન બિનવિવાદાસ્પદ સ્થાનને પણ આ રીતે જો નિશાન બનાવાય તો પછી આગળ જતાં દેશમાં કેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ શકે છે એનો સહેજે અંદાજો લગાવી શકાય છે અને સૌથી આઘાતની વાત તો એ છે કે આપણા દેશની સંસદે છેક ૧૯૯૧માં સર્વાનુમતે કાયદો પસાર કરી દીધો છે કે ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારે જે ધર્મસ્થાન જે ધર્મ સાથે સંકળાયેલું હોય એની સ્થિતિમાં કોઈ ફેરફાર કરાશે નહીં છતાં અફસોસની વાત એ છે કે આ કાયદાની અવગણના કરીને દેશની નીચલી અદાલતોમાં આવા ધર્મસ્થાનો વિરૂદ્ધ દાવા થઈ રહ્યા છે અને આ નીચલી અદાલતો તેનું સંજ્ઞાન પણ લઈ રહી છે...નોટિસો જારી કરી રહી છે.... આદેશો આપી રહી છે.!!

આ અગાઉ તાજમહેલ જેવી માત્ર ભારતની જ નહીં પણ સમગ્ર વિશ્વની અદ્વિતીય વિરાસત સામે પણ આગ્રામાં અનેક વખત દેખાવો થઈ ચૂકયા છે અને ત્યાં મંદિર હોવાના દાવા કરાયા છે...અજમેરની દરગાહ શરીફ પણ માત્ર ભારતની જ નહીં પરંતુ વૈશ્વિક ધરોહર છે. એ માત્ર દરગાહ જ નથી પરંતુ દરેક ધર્મના લોકોની આસ્થાનું પ્રતીક છે. એ સહિયારી સંસ્કૃતિનું અદભૂત ચિહ્ન છે.... આ દરગાહને દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત નહેરૂથી માંડીને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના તમામ મહાનુભાવો સન્માન આપતા આવ્યા છે ત્યારે હવે આ દરગાહને મંદિર તરીકે ચીતરવાના પ્રયાસ પાછળનો પેંતરો શું છે ? અને આની પાછળ કઈ શકિતઓ કામ કરી રહી છે અથવા તો કોના આશીર્વાદ છે ? એ શોધવું અઘરૂં કામ નથી..પરંતુ લાગે છે કે કેટલાક લોકો દેશને આગળ લઈ જવાને બદલે પાછળ લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. હાલ દેશને વિકસીત બનાવવો હોય તો દેશમાં શાંતિ-સ્થિરતા જોઈએ અને દેશના દરેક વર્ગના નાગરિકોને વિકાસ યાત્રામાં સામેલ કરવા જોઈએ. એના બદલે દેશનો સૌથી મોટા લઘુમતી વર્ગ કે જે કરોડોમાં છે એને સતત અજંપા-તણાવ અને અસ્થિરતામાં રાખવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની લાગણી થઈ રહી છે. અજમેર દરગાહ સામે કરાયેલા કેસ જેવી ઘટનાઓ દેશની શાંતિને ખલેલ પહોંચાડનારી સાબિત થઈ શકે છે. માત્ર મુસ્લિમો જ નહીં પરંતુ ખુદ હિન્દુઓની લાગણી પણ આવા દાવાઓથી દુભાઈ શકે છે ત્યારે આરએસએસના વડા મોહન ભાગવત ભલે હવે મૌન થઈ ગયા હોય પરંતુ કમસેકમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તો આ બાબતે બોલવું જોઈએ. કારણ કે તેઓ કોઈ એક વર્ગના નહીં પરંતુ દેશના તમામ વર્ગોના વડાપ્રધાન છે..સમગ્ર ભારતના વડાપ્રધાન છે ત્યારે તેમની બંધારણીય ફરજ છે કે તેઓ આવા સંવેદનશીલ મુદ્દે એવું બોલે કે જેથી દેશમાં શાંતિ સૌહાર્દ અને સ્થિરતા જળવાઈ રહે...દર મહિને તેઓ પોતાની 'મન કી બાત'માં નાની નાની ઘટનાઓ પર ટિપ્પણી કરે છે ત્યારે કમસેકમ અજમેરની દરગાહ જેવી બાબતે તો હવે તેમણે વિના વિલંબે બોલવું રહ્યું...આ ઉપરાંત દેશની નામદાર સુપ્રીમ કોર્ટે પણ સ્વયંસંજ્ઞાન લઈને આ બાબતે કોઈ નિર્દેશ આપવો જોઈએ.

# લોકશાહી સરખી ચાલે એની જવાબદારી કોની ?

**લોકસભા અને વિધાનસભા એ આખરે 'ચર્ચાચોરો' છે. ધોરણસરની ચર્ચા ત્યાં થતી રહેવી જોઈએ એવી સર્વ સામાન્ય આશા અપેક્ષા હોય છે. બંધારણની જોગવાઈ પરિપૂર્ણ કરવા ખાતર તેની બેઠકો બોલાવાય છે. કોઈ બંધારણ કે મુસદ્દાનો અભ્યાસ કરતું નથી. ચર્ચાને બદલે માત્રને માત્ર જીભાજોડી ચાલતી હોય અને જે પક્ષ સત્તામાં હોય એ સત્તાના જોરે પોતાની મનમાની ચલાવવાનો પોતાને પરવાનો છે એવું કંઈક વાતાવરણ રચે એ આપણે જોઈએ છીએ. વધુ બિલો પાસ કર્યાના દાવા થાય છે પણ એ બિલમાં જે જોગવાઈઓ કરવામાં આવી હોય એની યોગ્યતા વિશે ભાગ્યે જ ચર્ચાઓ થાય છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ એવું કામ કરે છે કે પછી એ દડો બિનચૂંટાયેલા ન્યાયતંત્રના ખોળામાં જઈને પડે છે ! વિચક્ષણ રાજપુરૂષોએ આ બાબત પ્રત્યે પણ ધ્યાન દોર્યું છે. પરંતુ એમાં કોઈ સુધારો વર્તાતો નથી.**



ડંકનાદ

- ડંકેશ ઓઝા

લોકશાહી વિચાર, લોકશાહી પદ્ધતિ અને લોકશાહીની સંસ્થાઓ બાબતે લોકોના મનમાં લગાવ પેદા થયો હોય એવું જણાતું નથી. ભારત ૧૯૪૭માં આઝાદ થયું એટલે કે રાજકીય રીતે અંગ્રેજોના શાસનથી મુક્ત બન્યું. આઝાદી વખતે આપણે ત્યાં દેશી રજવાડા હતાં જ, પણ આપણે રાજાશાહી તરફ વળ્યા નથી. લોકશાહી તરફ ગયા છીએ.

છેક ૧૯૩૫ પછી ભારતની પ્રજા આઝાદી પૂર્વેથી લોકશાહી તરફ વળવા લાગેલી. આપણા લોકો પ્રાંતોમાં સરકાર બનાવે અને એ રીતે લોકશાહી પ્રક્રિયામાં ભાગીદાર બને એવો પ્રયોગ ચાલ્યો છે. આપણને તે માફક આવ્યો છે. એને જ કારણે આઝાદી પછી આપણે કઈ રાજકીય પદ્ધતિ અપનાવીશું એની ચર્ચા ચાલી નથી. આપણે અંગ્રેજોને કારણે લોકશાહીના માર્ગે હતા જ. એ માર્ગે આગળ વધવામાં આપણું શ્રેય એટલે કે કલ્યાણ જોયું છે.

આઝાદી પૂર્વેથી આઝાદ ભારતના બંધારણ ઘડતરની પ્રક્રિયા પણ ચાલુ થઈ ગઈ હતી. બંધારણ સભામાં જુદા જુદા વર્ગના પ્રતિનિધિઓ સામેલ હતા. ખૂબ ચર્ચાઓ ચાલી છે, પછી મુસદ્દા સમિતિને બંધારણ લખવાનું કામ સોંપાયું છે. ડો. બી.આર. આંબેડકર અને ક.મા. મુનશીનું તેમાં બહુમુલ્ય પ્રદાન રહ્યું છે. ચર્ચાથી બીજાનો મુદ્દો સમજાય છે, સ્વીકારાય છે. એ લોકશાહી પ્રક્રિયામાંથી આપણા નેતાઓ પસાર થયા છે.

આજે લોકશાહીના અમૃતપર્વે આપણે એવી સ્થિતિએ પહોંચી ગયા છીએ કે લોકસભા છે, વિધાનસભાઓ છે, ચૂંટણીઓ છે. છતાં લોકશાહીનું સત્વ કયાંક હણાતું ગયું હોય, કયાંક તો અદશ્ય થઈ જતું હોય એવું જોવા મળે એ હકીકત ચિંતાજનક છે. લોકો ચૂંટણીમાં ભાગ લે છે, છતાં એમને યોગ્ય ઉમેદવાર મળ્યો છે. અથવા યોગ્યને એમણે ચૂંટી કાઢયો છે એમ ખાતરીપૂર્વક કહી શકાતું નથી.

ચૂંટણી તો લોકશાહીનો પ્રાણ છે શાસન માટે, ચૂંટણીતંત્ર હેઠળ આપણે પ્રતિનિધિઓ ચૂંટીએ છીએ એ જ પદ્ધતિએ, બિનસરકારી સંસ્થાઓમાં પણ આપણે ચૂંટણી પદ્ધતિથી જ હોદ્દેદારો પસંદ કરીએ છીએ. એ ચૂંટણી વેપારી મહામંડળની હોય, જ્ઞાતિ મંડળની હોય સાહિત્ય પરિષદની હોય કે આપણે રહેતા હોઈએ તે સોસાયટીની હોય. બધે જ ચૂંટણી તત્વ અનિવાર્ય છે. પ્રત્યેકને માત્ર મત આપવાનો અધિકાર નથી, અને ઉમેદવાર બનવાનો પણ અધિકાર છે. નાનામાં નાનો માણસ ચૂંટાઈને મુખ્ય પદ હાંસલ કરી શકે છે.

લોકશાહીનું મૂલ્ય આ જ છે, નાના કે મોટાને એક જ મત. પ્રત્યેક મતદારને ઉમેદવારની યોગ્યતા હાંસલ કરીને પ્રતિનિધિ બનવાનો વિકલ્પ. છેલ્લા વર્ષોમાં આપણે એવું જોઈ રહ્યા છીએ કે કયારેક કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થતી નથી. શંભુમેળાથી નવી સરકાર બને છે. એમાં એવું પણ બને છે કે એક બીજાના હરીફ પક્ષો ભેગા મળી જાય છે. મતદારોએ તો ચોક્કસ પક્ષને હરાવવા અન્ય પક્ષ તરફે મતદાન કર્યું હોય છે ! પક્ષની વિચારધારા જુદી હોવાને કારણે જ અલગ પક્ષો રચાતા હોય છે જો કે પ્રત્યેક રાજકીય પક્ષનો ઈરાદો સમાન જ હોવાનો, તે એકે કોઈપણ ભોગે સત્તા હાંસલ કરવી. જયારે બને છે ત્યારે આશ્ચર્ય અને આઘાત પામવાનું મતદારના પક્ષે આવે છે. ! આવી સ્થિતિને આપણે 'સત્તાનું રાજકારણ' કહીને હસી કાઢીએ છીએ. કારણ કે એ સિવાય આપણે કશું જ કરી શકતા નથી. જયોર્જ બર્નાર્ડ શો અત્યંત વિચક્ષણ એવા બુદ્ધિશાળી હતા. તેમણે સરસ કહ્યું છે કે પ્રત્યેક રાજકીય પક્ષ એ માત્રને માત્ર લોકોને છેતરવાની ચતુરાઈ માટે જ સર્જાયો હોય છે.

લોકસભા અને વિધાનસભા એ આખરે 'ચર્ચાચોરો' છે. ધોરણસરની ચર્ચા ત્યાં થતી રહેવી જોઈએ એવી સર્વ સામાન્ય આશા અપેક્ષા હોય છે. બંધારણની જોગવાઈ પરિપૂર્ણ કરવા ખાતર તેની બેઠકો બોલાવાય છે. કોઈ બંધારણ કે મુસદ્દાનો અભ્યાસ કરતું નથી. ચર્ચાને બદલે માત્રને માત્ર જીભાજોડી ચાલતી હોય અને જે પક્ષ સત્તામાં હોય એ સત્તાના જોરે પોતાની મનમાની ચલાવવાનો પોતાને પરવાનો છે એવું કંઈક વાતાવરણ રચે એ આપણે જોઈએ છીએ. વધુ બિલો પાસ કર્યાના દાવા થાય છે પણ એ બિલમાં જે જોગવાઈઓ કરવામાં આવી હોય એની યોગ્યતા વિશે ભાગ્યે જ ચર્ચાઓ થાય છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ એવું કામ કરે છે કે પછી એ દડો બિનચૂંટાયેલા ન્યાયતંત્રના ખોળામાં જઈને પડે છે ! વિચક્ષણ રાજપુરૂષોએ આ બાબત પ્રત્યે પણ ધ્યાન દોર્યું છે. પરંતુ એમાં કોઈ સુધારો વર્તાતો નથી.

સરકારે ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓને વિશ્વાસમાં લઈને નીતિઓ અને કાયદાઓ ઘડવાની હોય છે. પણ ઘણું કામ એમના ધ્યાને પણ મુકાતું હોતું નથી. વટહુકમોથી કાયદા ઘડવા એ અપવાદરૂપ વ્યવસ્થા છે. એ બિનલોકશાહી પ્રક્રિયા છે છતાં એ માર્ગ અપનાવાય છે. વિરોધ પક્ષો પણ પોતાની ફરજો બજાવવામાં સરકારના હરીફ તરીકે પેશ આવે છે. એટલે કે બંને પક્ષ ખોટા માર્ગની હરીફાઈમાં કાબેલિયત પુરવાર કરવા મથે છે.

સૌથી ખરાબ સ્થિતિ તો એ છે કે ચૂંટણી પદ્ધતિનો ઘડોલાડવો કરવામાં આવે. વાત ચૂંટણીમાં થતી ગેરરીતિઓ કે ગોટાળાની નથી. પણ મતદારોનો અધિકાર ઝૂંટવી લેવાની છે. પંચાયતો અને નગરપાલિકાઓ એ સ્થાનિ સ્વરાજની સંસ્થાઓ છે. એમના નિયત વિસ્તાર પૂરતી એ સરકાર છે એ કર પણ લાદી શકે છે અને કલ્યાણકારી યોજના પણ કરી શકે છે મુદત પુરી થયે નવા પ્રતિનિધિઓને એ તક પ્રાપ્ત થતી હોય છે. મુંબઈ, ગુરૂગ્રામ, બેંગાલુરૂ, પતિયાળા, અમૃતસર, લુધિયાણા, જલંધર અને પૂણે તથા નાગપુર ભારતના એવા શહેરો છે જેમાં પાંચ વર્ષ પુરા થઈ ગયા હોવા છતાં ચૂંટણીઓ યોજવામાં આવી નથી ! ચૂંટાયેલા વોર્ડ પ્રતિનિધિઓ વિનાજ વહીવટકારો દ્વારા બધું ચાલે છે મૂળમાંથી લોકશાહીના વૃક્ષને ઉખાડી મુકવામાં આવ્યું હોય એવી આ સ્થિતિ કહેવાય. પ્રજા પોતાની વ્યથા પ્રતિનિધિને પહોંચાડી શકે અને પ્રતિનિધિ એની ફરજ મુજબ તે વ્યકત કરે એવી સ્થિતિનું નિર્માણ જ અટકાવી દેવામાં આવ્યું છે. નાગરિકો જાગૃત ન હોય તો લોકશાહી ફળીભૂત થતી નથી. લોકશાહી સરખી ચાલે એની પહેલી જવાબદારી લોકોની છે, બીજી સરકારની છે.

## મહિલા કોર્પોરેટરોની ચીમકી બાદ
# વડોદરામાં ૨૧ વર્ષ બાદ ભૂંડ પકડવાની કાર્યવાહી કરાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વડોદરા કોર્પોરેશનની સમગ્ર સભામાં વોર્ડ નંબર ૧૫ના બે મહિલા કોર્પોરેટર શહેરમાં ભૂંડોનો ત્રાસ વધી ગયો છે અને જો તેને પકડવામાં નહીં આવે તો અમારે ભૂંડોને પકડીને સભામાં રજૂ કરીશું તેવી ચીમકી ઉચ્ચારવામાં આવતા આજે કોર્પોરેશનનું તંત્ર એક્શનમાં આવ્યું છે અને કોર્પોરેશન દ્વારા ૨૧ વર્ષ બાદ પ્રથમવાર ૩૫ ભૂંડ પકડી લીધા છે. વડોદરા શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ હોવાને કારણે કોર્પોરેશન દ્વારા ઢોર પાર્ટીની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે અને તે મુજબ ગાયો પકડવાની કામગીરી કરવામાં આવે છે તેમજ ગેરકાયદે ઢોરવાડા પણ બંધ કરવામાં આવે છે, પરંતુ આજ દિન સુધી ૨૧ વર્ષમાં ભૂંડ પકડવાની કામગીરી કરવામાં આવી નથી. ત્યારે ગઈકાલે કોર્પોરેશનની સભામાં વોર્ડ નંબર ૧૫ના ભાજપના બે મહિલા કોર્પોરેટર પુનમબેન શાહ અને પારૂલબેન પટેલ દ્વારા ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી. જેમાં વાઘોડિયા રોડ વિસ્તારમાં ભૂંડોનો ત્રાસ વધી ગયો છે અને કેટલીક જગ્યાએ નાના બાળકોને ભૂંડ કરડ્યા પણ હોવાના કિસ્સા બન્યા છે. ભૂંડોના ત્રાસને કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે. કોર્પોરેશન દ્વારા ભૂંડો પકડવામાં નહીં આવે તો અમારે ભૂંડો પકડીને કોર્પોરેશનની સભામાં લાવીને છોડી મુકીશું તેવી ચીમકી ઉચ્ચારી હતી. મહિલા કોર્પોરેટરોની ચીમકી બાદ આજે વડોદરા કોર્પોરેશનના માર્કેટ ઈન્સ્પેક્ટર વિજયભાઈ પંચાલની ટીમ દ્વારા જે વિસ્તારમાં ભૂંડો રાખવામાં આવે છે તેવા બાપોદ સમર્પણ સોસાયટીની બાજુમાં ઉકાજીના વાડિયા પાસે ભાથુજીનગરમાં રહેતા રવિ શિકલીગરના મકાનના કમ્પાઉન્ડમાં ભૂંડો રાખવામાં આવ્યા હત્તા ત્યાંથી ૩૫ ભૂંડ પકડ્યા હતા અને કોર્પોરેશનના ઢોર ડબ્બામાં મૂકવામાં આવ્યા હતા.

### વડોદરામાં બે દિવસથી બેવડી ઋતુના કારણે ખાંસી-શરદીના દર્દીઓ વધ્યા

વડોદરા, તા.૨૯

ઠંડીની મોસમમાં વડોદરા ખાતે બે દિવસ ઠંડીનો ચમકારો જોવા મળ્યા બાદ હવે ૧૪ ડિગ્રી સેલ્સિયસ આસપાસ પારો રહેતા સામાન્ય ઠંડીનો અહેસાસ શહેરીજનો કરી રહ્યા છે. પરંતુ બપોરના સમયે ગરમી અને સાંજે પુનઃ ઠંડીનો અનુભવ લોકોને થાય છે. ઉલ્લેખનીય છે કે શિયાળાની મોસમમાં ગયા અઠવાડિયા દરમિયાન લઘુતમ તાપમાનનો પારો સૌથી ઓછો ૧૩.૬ ડિગ્રી સેલ્સિયસ આસપાસ બે દિવસ રહ્યો હતો ત્યારે એવો અહેસાસ થતો હતો કે હવે ઠંડીની ખરી મોસમનો અહેસાસ થશે. પરંતુ આવી કોઈ નોબત આવી નથી અને બે દિવસ બાદ ફરી એકવાર લઘુતમ તાપમાનનો પારો ૧૪ ડિગ્રી આસપાસ પહોંચી જતા ઠંડીની ખાસ અસર જણાતી નથી. જોકે બપોરે ગરમી અને સાંજે ફરી એકવાર સામાન્ય ઠંડીનો ચમકારો જોવા મળે છે. પરિણામે બેવડી ઋતુના કારણે ખાંસી-શરદીના દર્દીઓમાં વધારો થયો છે. આજે હવામાન ખાતાની આગાહી મુજબ લઘુતમ તાપમાનનો પારો ૧૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યો હતો.

# વડોદરામાં બાકી ભાડા અને પરવાનાની રકમ મામલે પિરામિતાર રોડનું મચ્છી માર્કેટ સીલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વડોદરા શહેરના રાજમહેલ રોડ પર આવેલ પિરામિતાર રોડ ખાતેના મચ્છી માર્કેટને બાકી ભાડા અને બાકી પરવાના ફી મામલે કોર્પોરેશનના માર્કેટ વિભાગ દ્વારા સીલ મારવામાં આવ્યું હતું. વડોદરા શહેરના પિરામિતાર રોડ ખાતે આવેલ મચ્છી માર્કેટમાં ઓટલા ધરાવતા ભાડુંઆતોના ઘણા લાંબા સમયથી ભાડા અને પરવાના ફી બાકી હતા. પાલિકાના માર્કેટ શાખાના સુપ્રીટેન્ડન્ટ ડો.વિજય પંચાલ દ્વારા આ મામલે અહીંના વેપારીઓને નોટિસ બજાવી ભાડું ચૂકતે કરવા અને પરવાના ફી તાત્કાલિક ભરવા જાણ કરવામાં આવતી હતી. અંદાજે ૨૦ વર્ષથી તેઓના બાકી ભાડા અને પરવાના ફી મામલે જયારે પાલિકા તંત્ર નોટિસ પાઠવે ત્યારે વેપારીઓ એક કે બે મહિનાના ભાડા ભરી જતી જતા હતા. પરંતુ ત્યારબાદ વારંવાર ભાડા બાકી નીકળતા હતા. અંતિમ નોટીસ આપવા છતાં અહીંના વેપારીઓએ ભાડું ન ભરતા આખરે આજે પાલિકાના માર્કેટ સુપ્રી સુપ્રીટેન્ડન્ટ ડો.વિજય પંચાલે દબાણ શાખા અને રાવપુરા પોલીસ સ્ટેશનના સ્ટાફને સાથે રાખીને મચ્છી માર્કેટ સીલ કરી કાર્યવાહી કરી હતી.

# ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્રની હત્યામાં વધુ એક આરોપી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વડોદરામાં પૂર્વ કોર્પોરેટરના પુત્ર તપન પરમારની સયાજી હોસ્પિટલમાં ઘાતકી હત્યા કરવામાં આવી હતી. આ ગુનામાં સામેલ ૯ આરોપીઓને પોલીસે અગાઉ ઝડપી પાડયા હતા. આ ગુનામાં સામેલ અને નાસતા ફરતા વધુ એક આરોપીને પોલીસે ઝડપી પાડયો છે.

ગત તા. ૧૭ મી ની રાતે નાગરવાડા નવી ધરતી વિસ્તારમાં વિક્કી પરમાર નામના યુવક પર બાબર પઠાણે ચાકુથી હુમલો કરતા તેને સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. વિક્કી પરમારની ખબર જોવા માટે તેના મિત્રો મિતેશ રાજપૂત, ધારક રાણા તથા ભાજપના પૂર્વ કોર્પોરેટરનો પુત્ર તપન પરમાર બાઈક લઈને સયાજી હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર વિભાગમાં ગયા હતા. અડધો કલાક સુધી તેઓ ત્યાં ઊભા રહ્યા બાદ તેઓ કેન્ટીનમાં ચા પીવા માટે ગયા હતા. તે દરમિયાન બાબર પઠાણ, એક મહિલા તથા અન્ય હુમલાખોરો દોડી આવ્યા હતા. બાબર પઠાણે અગાઉ વિક્કી તથા ધર્મેશ સાથે થયેલી મારામારીની અદાવત રાખી હુમલો કર્યો હતો. બાબરે તપન પરમાર પર ચાકૂ વડે હુમલો કરી ત્રણથી ચાર ઘા ઝીંકી દીધા હતા. તેની સાથે આવેલા અન્ય હુમલાખોરો પણ તપન પર તૂટી પડયા હતા. મિતેશ બાઈક પરથી નીચે પડી ગયો હતો. જયારે તપન પોતાનો જીવ બચાવવા માટે તાત્કાલિક સારવાર વિભાગ તરફ દોડયો હતો. હુમલાખોરોએ તેનો પીછો કરી ફરીથી હુમલો કરતા તપન ત્યાં જ ઢળી પડયો હતો. રાવપુરા પોલીસે ઈજાગ્રસ્ત મિતેશની ફરિયાદના આધારે ૧૦ આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો હતો. મુખ્ય આરોપી બાબર પઠાણ સહિત ૯ ને પોલીસે ઝડપી પાડયા હતા. જેઓ હાલમાં જેલમાં છે. જયારે અન્ય એક આરોપી પણ ગુનો કર્યા પછી નાસતો ફરતો હતો. ટેકનિકલ અને હ્યુમન સોર્સ મારફતે પોલીસે તપાસ હાથ ધરી આરોપી આસિફખાન કરીમખાન પઠાણ (રહે. શબનમ ચેમ્બર્સની સામે, નવાબવાડા)ની ધરપકડ કરી છે.

# બીઝેડ ફાઈનાન્સની વડોદરા ઓફિસ સીઆઈડીની રેડ પછી બંધ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

ત્રણ વર્ષમાં રૂપિયા ડબલ કરવાની લાલચ આપી રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવી બીઝેડ ફાઈનાન્સ કંપનીની વડોદરામાં સમા-સાવલી રોડ પર આવેલી ઓફિસ પર તપાસ માટે સી.આઈ.ડી.ની ટીમ આવી હતી.

સી.આઈ.ડી. ક્રાઈમને થોડા સમય પહેલા એક અરજી મળી હતી. આ અજાણી અરજદારવાળી અરજીમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, બી ઝેડ ફાઈનાન્સ કંપનીના સંચાલક દ્વારા ગુજરાત તેમજ રાજસ્થાનમાં ઓફિસો શરૂ કરી એજન્ટોની ચેન ઉભી કરવામાં આવી છે. રોકાણકારોને વધુ વળતરની લાલચ આપવામાં આવતી હતી. માત્ર ત્રણ મહિનામાં રકમ ડબલ થઈ જશે. તેવી ઓફર કરીને ભેજાબાજે લોકો પાસેથી રૂપિયા ઉઘરાવવાનું શરૂ કર્યુ હતું. પ્રાથમિક તપાસ દરમિયાન આ કૌભાંડનો આંક ૬ હજાર કરોડને પાર જાય તેવી શક્યતા છે. સી.આઈ.ડી.ના ૫૦થી વધુ અધિકારીઓની ૭ ટીમ બનાવવામાં આવી હતી. આ ટીમ દ્વારા કંપનીની ઓફિસમાં સર્ચ કરી કેટલાક દસ્તાવેજો મેળવવામાં આવ્યા હતા. સમા - સાવલી રોડ પરના લોટસ ઓરા કોમ્પલેક્સમાં બીઝેડ ફાઈનાન્સની ઓફિસ છે. સી.આઈ.ડી. દ્વારા ત્યાં પણ તપાસ કરવામાં આવી હતી. રેડ પછી ઓફિસ બંધ કરી દેવામાં આવી છે.

# ડીસાના આસેડા ગામે ધોળા દિવસે બંધ મકાનમાંથી રૂા.૨૦.૩૨ લાખની ચોરી

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૯

ડીસા તાલુકાના આસેડા ગામે ખેડૂતના બંધ મકાનમાંથી ધોળા દિવસે તસ્કરો ચોરી કરી ૧૫ લાખની રોકડ રકમ અને સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૨૦,૩૨,૫૦૦નો મુદ્દામાલ ઉઠાવી જતા ચકચાર મચી જવા પામી છે. ડીસા તાલુકાના આસેડા ગામે રહેતા અનિલભાઈ કાનજીભાઈ રબારી તેઓના ગામની બાજુમાં આવેલા વાડામાં બનાવેલા તબેલા ઉપર ગયા હતા. જ્યારે તેમના પરિવારજનો ગ્રામ પંચાયત ખાતે આધાર કાર્ડ લિંક કરાવવા ગયેલા હતા તેમજ ઘરની ચાવી અનિલભાઈ પાસે હતી. જેથી તેઓ તેમજ તેમના માતાજી ચારેક વાગે ભેંસો દોહવાના કામમાં વ્યસ્ત હતા ત્યારે તેમના પડોશીનો ફોન આવેલ કે તમારા ઘરે ચોરી થયેલ છે. જેથી અનિલભાઈ ઝડપથી ઘરે પહોંચી તપાસ કરતા તેઓના ઘરના મુખ્ય દરવાજાનું નકુચો તોડી કોઈ તસ્કરો અંદર પ્રવેશ કરેલ હોવાનું જણાયુ હતું. તસ્કરો ઘરમાં દીવાલમાં ચણેલી તિજોરી તોડી સામાન વેરણ કરી દીધેલો હતો. તેઓએ તપાસ કરતા ઘરમાં મુકેલા રૂપિયા ૧૫ લાખ રોકડા તેમજ સોના અને ચાંદીના અલગ અલગ દાગીનાઓ કિંમત રૂપિયા ૫,૩૨,૫૦૦ એમ કુલ મળી તસ્કરો રૂપિયા ૨૦,૩૨,૫૦૦નો મુદ્દા માલ ઉઠાવી ગયેલા હતા. જે બનાવની અનિલભાઈ રબારીએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી પોલીસે ડોગ સ્ક્વોર્ડ તેમજ એફએસએલની ટીમને બોલાવી તપાસ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# વેળાવદર ભાલમાંથી રૂા.૩.૪૪ લાખના દારૂ અને બિયર ભરેલા ટ્રક સાથે એક ઝડપાયો

ભાવનગર, તા.૨૯

વેળાવદર ભાલ તાબેના કાળા તળાવ ગામ, સનેસ તથા નિરમા ચોકડી તરફ જતા ત્રણ રસ્તા પરથી એલસીબી પોલીસે રૂા.સાડા ત્રણ લાખની કિંમતના વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલા ટ્રક સાથે એક શખ્સને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે. એલસીબી પોલીસ સ્ટાફ ગત રાત્રિના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, રમેશ ઉર્ફે બાદશાહ ગોહેલ (રહે. મફતનગર, સ્ટીલ કાસ્ટ પાસે, રૂવાપરી રોડ, ભાવનગર) ટ્રકની અંદર વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરી ભાવનગર તરફ આવી રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબી ટીમ કાળા તળાવ ગામ નજીક સનેસ તથા નિરમા ચોકડી તરફ જતા ત્રણ રસ્તા પર વોચ ગોઠવી આ સ્થળેથી પસાર થઈ રહેલ અશોક લેલેન્ડ કંપનીના ટ્રક નં.જી.જે.૨૭-ટી.ડી.-૨૪૫૪ને અટકાવી ટ્રકમાં તપાસ કરતા ટ્રકની અંદર વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબી પોલીસે તપાસ કરતા ટ્રકની અંદર દારૂની નાની મોટી ૩૬૦બોટલ તેમજ બિયરના ટીન નંગ-૨૪ બંનેની કુલ કિંમત રૂા.૩,૪૪,૮૮૮/- મળી આવી હતી. એલસીબી પોલીસે ઈંગ્લિશ દારૂ તેમજ બિયરનો જથ્થો, ૦૧ મોબાઈલ ફોન અને ટ્રક મળી કુલ રૂા.૧૩,૪૪,૮૮૮/-ના મુદ્દ માલ સાથે રમેશ ઉર્ફે બાદશાહ તળશીભાઈ ગોહેલ (રહે. મફતનગર, સ્ટીલ કાસ્ટ પાસે રૂવાપરી રોડ ભાવનગર)ની ધરપકડ કરી તેની વિરૂદ્ધ વેળાવદર ભાલ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે.

### વાઘોડિયા ચોકડીના બ્રિજ ઉપર ફરી એકવાર બે ટ્રક વચ્ચે અકસ્માત, ટ્રાફિક જામના દૃશ્યો

વડોદરા, તા.૨૯

વાઘોડિયા ચોકડી બ્રિજ ઉપર આજે પરોઢિયે અમદાવાદથી સુરત તરફ જતી બે ટ્રક ધડાકાભેર ભટકાતા એક ટ્રકનો ડ્રાઈવર ફસાઈ ગયો હતો. બનાવને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થતા પોલીસ દોડી ગઈ હતી. ફાયર બ્રિગેડને જાણ કરાતા ડ્રાઈવર કેબિનના પતરા ચીરીને ફસાયેલા ડ્રાઈવરને બહાર કાઢી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપરોક્ત બ્રિજ પરનો ટ્રાફિક પૂર્વવત થયો હતો. નોંધનીય છે કે, બે દિવસ પહેલા આ બ્રિજ ઉતરતા ચાર વાહનો વચ્ચે અકસ્માત થયો હતો અને તેમાં પણ કન્ટેનરનો ડ્રાઈવર ફસાતાં ફાયર બ્રિગેડ દ્વારા તેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

**હદીસ બોધ**

એકબીજાની સાથે ભલાઈથી વર્તો, એથી ભાઈચારો વધશે. (હદીસ બોધ)

**બોધ વચન**

સૌથી મોટી બદનામી સૌથી મોટા હોદ્દા સાથે જોડાયેલી છે.
-શેકસપિયર

**આજની આરસી**

૩૦ નવેમ્બર શનિવાર ૨૦૨૪
૨૭ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬
કારતક વદ ચૌદસ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૩૯ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૮ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૦૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૩ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**ગિરતે રહે સજદોં મેં હમ અપની હી હસરતોંકી ખાતિર 'ઈકબાલ',**
**અગર ઈશ્ક-એ-ખુદામેં ગિરે હોતે તો કોઈ હસરત અધૂરી ના હોતી**

અલ્લાહમા કહે છે કે આપણે જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે અથવા કંઈક મેળવવું હોય ત્યારે જ ખુદાને યાદ કરીએ છીએ, પણ જો ખુદાની લગનમાં, કોઈ અપેક્ષા વગર તેની ઈબાદત કરતા રહીએ તો આપણી તમામ ઈચ્છાઓ પૂર્ણ થાય

**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

# દ. આફ્રિકાની જીતથી પોઇન્ટ ટેબલમાં આવશે ભૂકંપ, ઓસી. ટોપ-૨માંથી બહાર થઈ જશે

નવી દિલ્હી, તા.૨૯
દ.આફ્રિકા અને શ્રીલંકા વચ્ચે બે ટેસ્ટ મેચની સિરીઝની પ્રથમ મેચ ડરબનમાં રમાઈ રહી છે. શ્રીલંકાને પ્રથમ ઈનિંગમાં ફક્ત ૪૨ રને સમેટ્યા બાદ યજમાન ટીમે મેચ પર પોતાની મજબૂત પકડ જમાવી લીધી છે. આવામાં ટીમ જીત સાથે સિરીઝમાં તો ૧-૦ની લીડ બનાવી જ લેશે. સાથે જ તેને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ પોઈન્ટ ટેબલમાં મોટો ફાયદો થશે. જો દ.આફ્રિકા પ્રથમ ટેસ્ટ જીતશે તો તે ન્યુઝીલેન્ડ, શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયાને પછાડી ભારતની સાથે ટોપ-૨માં પોતાનું સ્થાન મેળવી લેશે. બાવુમાની દ.આફ્રિકાની ટીમ WTC પોઈન્ટ ટેબલમાં હાલ ૫૪.૧૭ ટકા પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે. શ્રીલંકા વિરુદ્ધ મેચ જીતતા જ ટીમના ખાતામાં ૫૯.૨૬ ટકા પોઈન્ટ થઈ જશે. આ સ્થિતિમાં દ.આફ્રિકા પાંચમા નંબરેથી છલાંગ લગાવી સીધું ભારત સાથે ટોપ-૨માં પોતાનું સ્થાન મેળવી લેશે. જ્યારે પેટ કમિન્સના નેતૃત્વવાળી ઓસ્ટ્રેલિયાની ટીમ ૫૭.૬૯ ટકા પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને ખસી જશે. ઓસ્ટ્રેલિયાને પર્થ ટેસ્ટમાં ખરાબ રીતે હરાવ્યા બાદ ટીમ ઈન્ડિયાના ખાતામાં હાલ ૬૧.૧૧ ટકા પોઈન્ટ છે અને ભારત ટોપ પર છે. જો ભારત બીજી મેચ હારશે તો તેના ખાતામાં ૫૭.૨૯ પોઈન્ટ થઈ જશે. જ્યારે ઓસ્ટ્રેલિયા ૬૦.૭૧ ટકા પોઈન્ટ સાથે તેનાથી આગળ નીકળી જશે.

### મુરલીએ ૧૩૩ ટેસ્ટમાં ૪૪,૦૩૯ બોલ ફેંક્યા

# ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે બોલ ફેંકવાનો મુરલીધરનનો વર્લ્ડ રેકોર્ડ

### ભારતના અનિલ કુમ્બલે ૪૦,૮૫૦ બોલ સાથે બીજા સ્થાને



નવી દિલ્હી, તા.૨૯
ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે બોલ ફેંકવાનો રેકોર્ડ શ્રીલંકાના મહાન સ્પિનર મુથૈયા મુરલીધરનના નામે છે તેમણે ૧૩૩ ટેસ્ટમાં ૪૪,૦૩૯ બોલ ફેંક્યા છે. ભારતના અનિલ કુમ્બલે આ લિસ્ટમાં બીજા સ્થાને છે. કુમ્બલેએ પોતાની ટેસ્ટ કારકિર્દીમાં ૧૩૨ ટેસ્ટ રમી છે, જેમાં તેમણે ૪૦,૮૫૦ બોલ ફેંક્યા છે. ઓસ્ટ્રેલિયાના જાદુઈ સ્પિનર શેન વોર્ને પોતાની કારકિર્દીમાં ૧૪૫ ટેસ્ટ રમી છે, જેમાં તેમણે ૪૦,૭૦૫ બોલ ફેંક્યા છે. ઈંગ્લેન્ડના ઝડપી બોલર જેમ્સ એન્ડરસને ટેસ્ટ ક્રિકેટમાં રમેલી ૧૮૮ મેચોમાં ૪૦,૦૩૭ બોલ ફેંક્યા છે. ઈંગ્લેન્ડના જ ઝડપી બોલર સ્ટુઅર્ટ બ્રોડે પોતાની કારકિર્દીમાં ૧૬૭ ટેસ્ટ મેચ રમી છે, જેમાં તેણે ૩૩,૬૯૮ બોલ ફેંક્યા છે. ઓસ્ટ્રેલિયાનો નાથન લિયોન પણ આ લિસ્ટમાં સામેલ છે, તેણે અત્યાર સુધી રમેલી ૧૩૦ ટેસ્ટ મેચમાં ૩૩,૦૨૫ બોલ ફેંક્યા છે. વેસ્ટ ઈન્ડિઝના કોર્ટની વોલ્શે ટેસ્ટમાં રમેલી ૧૩૨ મેચોમાં ૩૦,૦૧૯ બોલ ફેંક્યા છે.

# કેવી રીતે કેન્દ્ર સરકારનો સર્વે રાજ્યોને છેતરપિંડીથી એ જાહેર કરવાની મંજૂરી આપે છે કે તેઓ મેન્યુઅલ સ્કેવેન્જિંગ ફ્રી છે

### મોજણીકર્તાઓને કંટાળાજનક માર્ગદર્શિકાના સમૂહને અનુસરીને આ અમાનવીય મજૂરીમાં રોકાયેલા મેન્યુઅલ સફાઈ કામદારોના સ્પષ્ટ, એકલા ફોટોગ્રાફ્સ અપલોડ કરવા માટે નિર્દેશિત કરવામાં આવે છે

(એજન્સી) તા.૨૯
એક વ્યક્તિ દોરડાનો ઉપયોગ કરીને મેન હોલમાં ઉતરે છે, જેમાં ઉપરથી ઘણા લોકો મદદ કરે છે. ઓવરલે કરેલ સ્ક્રીનશૉટ મેન્યુઅલ સ્કેવેન્જિંગને સંબોધતા કમ્પ્યુટર ફોર્મને આબેહૂબ રીતે હાઈલાઈટ કરે છે. ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ, ગોવાએ પોતાને મેન્યુઅલ સ્કેવેન્જિંગથી મુક્ત જાહેર કર્યું. વધુ દક્ષિણમાં, મીડિયાએ અહેવાલ આપ્યો કે કેરળ રાજ્યએ પણ ૨૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પોતાને મેન્યુઅલ સ્કેવેન્જિંગથી મુક્ત જાહેર કર્યું છે. વ્યંગાત્મક રીતે, ગોવાની જાહેરાત રાજ્યમાં ૧૨ જાન્યુઆરીએ માપુસામાં સેપ્ટિક ટાંકીમાં પડી જવાથી ૨૮ વર્ષીય વ્યક્તિનું શ્વાસ રૂંધાવાથી મૃત્યુ થયું ત્યારે રાજ્યમાં આ મેન્યુઅલ સફાઈ કામદારના મૃત્યુના નવ મહિના પછી આવી. કેરળએ આ જાહેરાત રાજ્યની રાજધાની તિરૂવનંતપુરમમાં સ્વચ્છતા કાર્યકર જોયનું ગટરની સફાઈ કરતી વખતે અમાયખંજન કેનાલમાં પડી જવાથી મૃત્યુ થયું હતું તેના એક મહિના પછી કરી. તેના એક મહિના પહેલા જ કોઝિકોડમાં રેસ્ટોરન્ટની ગટરની ટાંકી સાફ કરતી વખતે બે કામદારોના મોત થયા હતા. ભારતમાં કાયદા દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જિંગ પર પ્રતિબંધ છે, પરંતુ મેન્યુઅલ સફાઈ કામદારોના મૃત્યુના આ નોંધાયેલા કિસ્સા દર્શાવે છે કે આ પ્રથા હજુ પણ અસ્તિત્વમાં છે. તે કિસ્સામાં, રાજ્યો કેવી રીતે દાવો કરવા સક્ષમ છે કે તેઓ મેન્યુઅલ સ્કેવેન્જિંગ-મુક્ત છે ? આનો જવાબ કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક રાજ્યોમાં ચાલી રહેલા ડિજિટલ સર્વેમાં છે, જેમાં કામદારો પાસે પુરાવા માંગવામાં આવ્યા છે કે તેઓ ફોટા સહિત મેન્યુઅલ સ્કેવેન્જિંગ કરે છે. અન્ય મુખ્ય કાનૂની છટકબારી એ 'મેન્યુઅલ સ્કેવેન્જિંગ' અને 'જોખમી સફાઈ'ની વ્યાખ્યા છે. સેપ્ટિક ટાંકીઓ અને ગટરોની સંખ્યામાં વધારો થયો હોવા છતાં, આની સફાઈ એ જ કામ છે. જો કે, તે 'જોખમી સફાઈ'ની શ્રેણી હેઠળ આવે છે અને જો કામદારોને 'રક્ષણાત્મક ગિયર્સ' આપવામાં આવે તો તે કાયદેસર રીતે માન્ય છે. સર્વેયરોને, જેમાં નગરપાલિકાઓ અને સ્થાનિક સંસ્થાઓનો સમાવેશ થાય છે, તેમને કંટાળાજનક માર્ગદર્શિકાઓના સમૂહને અનુસરીને, આ અમાનવીય શ્રમમાં રોકાયેલા મેન્યુઅલ સફાઈ કામદારોના સ્પષ્ટ, એકલા ફોટોગ્રાફ્સ અપલોડ કરવા માટે નિર્દેશિત કરવામાં આવે છે. મેન્યુઅલ સફાઈ કામદારોને આદર્શ શૉટ માટે સીધા ઊભા રહેવાની અને સીધા કેમેરામાં જોવાની અપેક્ષા રાખવામાં આવે છે. આ સર્વેક્ષણ, શબ્દો ચોર્યા વગર કહી તો, આંખમાં ધૂળ નાખવા સમાન કહી શકાય, જે રાજ્યોને એ સાબિત કરવા માટે ડેટા ફીડ કરવા સક્ષમ બનાવે છે કે દેશમાં મેન્યુઅલ સ્કેવેન્જિંગ અસ્તિત્વમાં નથી. કાર્યકર અને સફાઈ કર્મચારી આંદોલન (એસકેએ)ના રાષ્ટ્રીય કન્વીનર બેઝવાડા વિલ્સને જણાવ્યું હતું કે, "કાગળ પર દર્શાવેલ વિસ્તૃત પ્રક્રિયા હોવા છતાં, સરકાર મેન્યુઅલ સફાઈ કામદારોને ઓળખવામાં સક્ષમ નથી કારણ કે તેઓ ઈચ્છતા નથી. સરકારે તેની વસાહતી માનસિકતામાંથી બહાર આવવું જોઈએ અને નકારવું જોઈએ અને સ્વીકારવું જોઈએ કે દેશમાં મેન્યુઅલ સ્કેવેન્જિંગ પ્રચલિત છે. તો જ તેને નાબૂદ કરી શકાય છે. કોઈપણ જે આ વિશે વાત કરે છે તેને દુશ્મન તરીકે જોવામાં આવે છે. પરંતુ અમે ફક્ત દેશ અને તેના નાગરિકોની ગરિમાને જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, "

**સમસ્યારૂપ જરૂરિયાતો સાથે વિસ્તૃત પ્રક્રિયા**

કેન્દ્ર સરકારે અત્યાર સુધીમાં બે રાષ્ટ્રીય સર્વેક્ષણો હાથ ધર્યા છે - ૨૦૧૩ અને ૨૦૧૮-અને મેન્યુઅલ સફાઈ કામદારોને ઓળખવા માટે મોબાઈલ એપ્લિકેશન દ્વારા સ્વ-ઘોષિત સર્વેક્ષણ ચાલુ છે. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ, ન્યાયમૂર્તિ એસ રવિન્દ્ર ભટ અને અરવિંદ કુમારની બનેલી સર્વોચ્ચ અદાલતની બેન્ચે અવલોકન કર્યું હતું કે સરકાર દ્વારા એકત્રિત કરવામાં આવેલ ડેટા 'અસંગત અને વિરોધાભાસી' છે. કોર્ટે નવા રાષ્ટ્રીય સર્વેક્ષણનો આદેશ આપતા કહ્યું, "સરકાર દ્વારા રાજ્યસભામાં અલગ-અલગ તારીખો અને આ કોર્ટ સમક્ષ યુનિયનની એફિડેવિટમાં અલગ-અલગ નંબરો પણ જણાવવામાં આવ્યા છે. તે ઓળખવામાં આવેલા મેન્યુઅલ સફાઈ કામદારોની સંખ્યા પર પણ અસ્પષ્ટ અને અસંગત છે, ". એક વ્યક્તિ દોરડાનો ઉપયોગ કરીને મેન હોલમાં ઉતરે છે, જેમાં ઉપરથી ઘણા લોકો મદદ કરે છે. ઓવરલે કરેલ સ્ક્રીનશૉટ મેન્યુઅલ સ્કેવેન્જિંગને સંબોધતા કમ્પ્યુટર ફોર્મને આબેહૂબ રીતે હાઈલાઈટ કરે છે.

**કેન્દ્ર સરકાર કહે છે કે ૨૦૨૩માં કોઈ મેન્યુઅલ સ્કેવેંજિંગ મૃત્યુ નથી, કાર્યકરો દ્વારા ગેરમાર્ગે દોરતા ડેટાની નિંદા કરવામાં આવી છે**

ત્યારબાદ આ જવાબદારી નેશનલ કમિશન ફોર સફાઈ કર્મચારીઓ (NCSK), નેશનલ કમિશન ફોર શેડ્યુલ્ડ કાસ્ટ્સ (NCSC), નેશનલ કમિશન ફોર શેડ્યુલ્ડ ટ્રાઈબ્સ (NCST) અને સેક્રેટરી, કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયને સોંપવામાં આવી હતી. તેઓને આદર્શ રીતે હાથ ધરવા અને આગામી વર્ષમાં પૂર્ણ કરવા માટે રાષ્ટ્રીય સર્વેક્ષણ હાથ ધરવા માટે મોડલિટી તૈયાર કરવા નિર્દેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે, 'તેને અગાઉની જેમ સમાન ભાવિ ભોગવવું ન પડે તેની ખાતરી કરવા માટે, તમામ સંબંધિત સમિતિઓને શિક્ષિત કરવા અને તાલીમ આપવા માટે યોગ્ય મોડલ તૈયાર કરવામાં આવશે.' પરિણામે, સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હેઠળ કાર્યરત નેશનલ સફાઈ કર્મચારી ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSKFDC)એ ડિજિટલ સર્વેની રચના કરી. આ સર્વેક્ષણ આ વર્ષની શરૂઆતમાં શરૂ થયું હતું અને NSKFDCએ તેના માટે વિસ્તૃત વપરાશકર્તા માર્ગદર્શિકા બહાર પાડી હતી. મેન્યુઅલ કહે છે કે ૨૦૧૩ અને ૨૦૧૮ના સર્વેક્ષણોએ ૨૦૧૩ના કાયદા અને નિયમોનું પાલન કર્યું ન હતું, જે તેમને વિવાદાસ્પદ બનાવે છે. 'સરવેક્ષણ વૈધાનિક નગરોમાં હાથ ધરવામાં આવ્યું હતું અને તે ગ્રામીણ વિસ્તારોમાં વિસ્તર્યું ન હતું. આના પરિણામે મેન્યુઅલ સ્કેવેન્જિંગને શહેરી સમસ્યા તરીકે રજૂ કરવામાં આવી છે. ડેટા પોઈન્ટમાં વિસંગતતાઓ અયોગ્ય અમલીકરણમાં પરિણમે છે મેન્યુઅલ સફાઈ કામદારોના રાહત અને પુનર્વસન માટે ઘડવામાં આવેલા કાયદા અને યોજનાઓ. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે તમામ રાજ્યો અને જિલ્લાઓને આવરી લેતું રાષ્ટ્રવ્યાપી સર્વે મેન્યુઅલ સફાઈ કામદારો અને સંબંધિત ઘરોના મજબૂત ડેટાબેઝને ઓળખવા અને તેની સાથે આવવું આવશ્યક છે.' આ સર્વેક્ષણ માટે સમાન ભાવિને રોકવા માટે, અધિકારીઓએ નક્કી કર્યું કે તે 'તારીખ મુજબ અસ્તિત્વમાં છે તે અસ્વચ્છ શૌચાલય અને હાલમાં તેની સાથે સંકળાયેલા મેન્યુઅલ સફાઈ કામદારો' માટે દેશભરના તમામ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવશે. કેરળના કોઝિકોડના એક અધિકારીએ, જેમણે અનામી રહેવાનું પસંદ કર્યું, તેણે TNMને જણાવ્યું કે પ્રક્રિયામાં ત્રણ મુખ્ય તબક્કાઓ છેઃ પહેલો તબક્કો સર્વેક્ષણ, જે સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા રોકાયેલા વ્યક્તિઓ દ્વારા હાથ ધરવામાં આવે છે; બીજો તબક્કો, સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા સોંપાયેલ અધિકારીઓ દ્વારા તપાસ; અને ત્રીજો તબક્કો, સ્થાનિક સત્તાવાળાઓ અને અધિકારીઓ દ્વારા માન્યતા. સર્વેક્ષણ ડેટા સંગ્રહને સુવ્યવસ્થિત કરવા માટે રચાયેલ મોબાઈલ એપ્લિકેશન પર આધાર રાખે છે. એપ અધિકારીઓને વ્યક્તિઓના ફોટોગ્રાફ્સ, તેમના ઓળખ પત્રો અને જીઓ-ટેગ કરેલા સ્થાનો સાથે જિલ્લા અને રાજ્ય મુજબની માહિતી દસ્તાવેજ કરવાની મંજૂરી આપે છે. મહત્ત્વની વાત એ છે કે, એપની એક્સેસ નિયુક્ત અધિકારીઓ સુધી જ સીમિત છે. જો જિલ્લામાં કોઈ મેન્યુઅલ સફાઈ કામદારોની ઓળખ ન થઈ હોય, તો જિલ્લા મેજિસ્ટ્રેટે તેને એપ્લિકેશન દ્વારા 'NIL માહિતી' તરીકે જાહેર કરવી આવશ્યક છે. આ ઘોષણા પછી બે સ્થાનિક અખબારોમાં પ્રકાશિત થાય છે, જેમાં એક સ્થાનિક ભાષામાં છે. સર્વેક્ષણ દરમિયાન અવગણના કરાયેલા કોઈપણને સમાવેશ માટે આગળ આવવા માટે ૧૫-દિવસની મહેતલ આપવામાં આવે છે. સર્વેક્ષણ શરૂ થાય તે પહેલાં, સ્થાનિક સત્તાવાળાઓ, ગણતરીકારો અને જિલ્લા-સ્તરની સમિતિઓને એપનો ઉપયોગ કેવી રીતે કરવો અને પ્રશ્નાવલી કેવી રીતે પૂર્ણ કરવી તેની તાલીમ આપવામાં આવે છે. વધુમાં, જાગરૂકતા અને સહભાગિતા સુનિશ્ચિત કરવા માટે પ્રિન્ટ અને ઑડિયો-વિઝ્યુઅલ મીડિયા, આઉટડોર જાહેરાતો અને અખબારની સૂચનાઓનો ઉપયોગ કરીને સર્વેક્ષણની શરૂઆતનો પ્રચાર કરવામાં આવે છે. મલયાલમ અખબારની ક્લિપિંગ કે જે મુનરો ટાપુમાં મેન્યુઅલ સફાઈ કામદારોને તેમના ID પુરાવા સાથે ગ્રામ પંચાયત કચેરીમાં નોંધણી કરાવવાનું કહે છે. મલયાલમ અખબારમાંથી એક ક્લિપિંગ જેમાં લખ્યું છે કે 'સફાઈ કામદારોએ નોંધણી કરાવવી જોઈએ' વિશેષ વ્યવસ્થા પેરૂમ્બાવુર ગ્રામ પંચાયત દ્વારા ઘોષણા કે જે નગરપાલિકામાં મેન્યુઅલ સફાઈ કામદારોને તેમના આઈડી પ્રૂફ સાથે ઓફિસમાં નોંધણી કરાવવા માટે કહે છે. પેરૂમ્બાવુર નગરપાલિકામાં સર્વેક્ષણ વિશેષ વ્યવસ્થા અંગેની જાહેરાત કરવામાં આવી છે ૬૦થી વધુ પ્રશ્નો સાથે, સર્વેને ચાર વ્યાપક શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યો છેઃ સામાન્ય માહિતી અને નોકરીની વિગતો વિભાગ, જેમાં નામ, સંપર્ક વિગતો, સામાજિક આર્થિક પૃષ્ઠભૂમિ અને શૈક્ષણિક સ્થિતિનો સમાવેશ થાય છે; લાભોની સ્થિતિ, જે ભંડોળ વિશે છે, જો તેમને કોઈ મળ્યું હોય અને જો તેઓ કોઈ વધારાની કુશળતા ધરાવતા હોય; કુટુંબ સભ્ય વિભાગ; અને બેંક વિગતો. પ્રથમ વિભાગમાં, એક ઈનપુટ જે બહાર આવે છે તે 'મેન્યુઅલ સ્કેવેન્જિંગમાં રોકાયેલ વ્યક્તિનો ફોટો' છે. મોજણીકર્તાઓને આ અમાનવીય શ્રમમાં રોકાયેલા મેન્યુઅલ સફાઈ કામદારોના સ્પષ્ટ, એકલા ફોટોગ્રાફ્સ અપલોડ કરવા માટે નિર્દેશિત કરવામાં આવે છે, જેમાં 'સ્વચ્છ પૃષ્ઠભૂમિ' હોય છે, જેમાં ઝીણવટભરી ફોટોગ્રાફિક માર્ગદર્શિકાઓનો સમૂહ હોય છે. આ સૂચનાઓમાં યોગ્ય પ્રકાશની ખાતરી કરવી, કામદારને સ્વચ્છ, અવ્યવસ્થિત પૃષ્ઠભૂમિમાં સ્થાન આપવું અને તેમના માથા, ખભા અને કમરને ફ્રેમમાં કેપ્ચર કરવાનો સમાવેશ થાય છે. માર્ગદર્શિકા સર્વેયરને મેન્યુઅલ સ્કેવેન્જિંગમાં રોકાયેલી વ્યક્તિનો ફોટો લેવાનો નિર્દેશ આપે છે. મોજણીકર્તાઓને આ અમાનવીય શ્રમમાં રોકાયેલા મેન્યુઅલ સફાઈ કામદારોના સ્પષ્ટ, એકલા ફોટોગ્રાફ્સ અપલોડ કરવા માટે નિર્દેશિત કરવામાંઆવેછે, જેમાં 'સ્વચ્છ પૃષ્ઠભૂમિ' હોય છે, જેમાં ઝીણવટભરી ફોટોગ્રાફિક માર્ગદર્શિકાઓનો સમૂહ હોય છે. વપરાશકર્તા માર્ગદર્શિકા NSKFDCના વપરાશકર્તા માર્ગદર્શિકામાં માર્ગદર્શિકાની ક્લિપિંગ મેન્યુઅલ સ્કેવેન્જર, એક વ્યક્તિ જે અત્યંત અધોગતિજનક અને ખતરનાક કાર્યો માટે છોડી દેવામાં આવે છે, તેની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ સીધા ઊભા રહે, કેમેરામાં સીધા નજર નાખે અને આદર્શ શોટ માટે ત્રણ ફૂટનું અંતર જાળવી રાખે. લાઈટ ચાલુ કરવા અથવા અસ્પષ્ટ ફોટાઓ ફરીથી લેવા જેવા સૂચનો મેન્યુઅલ સ્કેવેન્જિંગની ક્રૂર વાસ્તવિકતાઓથી સર્વેના સર્જકોની અલગતાને સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે. સફાઈ કર્મચારી આંદોલન (એસકેએ)ના તમિલનાડુ રાજ્ય કન્વીનર, સેમ્યુઅલ વેલાંગન્નીએ જણાવ્યું હતું કે મોટાભાગના કામદારો પોતાને જાહેર કરવામાં ડરતા હોય છે. "જમીન પર, વાસ્તવિકતા એ છે કે અધિકારીઓએ કામદારોને તેમની નોકરી જાહેર કરવા પર ધરપકડ કરવાની ધમકી આપી છે, જોકે આને સમર્થન આપવા માટે કોઈ કાયદો નથી. ડરના કારણે, કોઈ કાર્યકર આગળ નહીં આવે અને સ્વીકારશે નહીં કે તેઓ આ કામ કરી રહ્યા છે. તેણે ફોટોગ્રાફ્સની માંગની હાસ્યાસ્પદતા તરફ પણ ધ્યાન દોર્યું. 'મેન્યુઅલ સફાઈ કામદારને સ્વચ્છ પોઝ આપવાનું કહેવાનું આ કૃત્ય કેટલું અમાનવીય છે? અમે લડી રહ્યા છીએ જેથી કોઈ વ્યક્તિ એક વખત પણ આ કામ ન કરે, પરંતુ બીજી તરફ સરકાર ઈચ્છે છે કે તેઓ આ કામ કરે જેથી તેમનો ફોટો પડે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને પીડિત જીવનનું દસ્તાવેજીકરણ કરતી વખતે 'સ્વચ્છ પૃષ્ઠભૂમિ' અથવા 'સારી લાઈટિંગ'ની માંગ કરવી એ પ્રક્રિયાની વાહિયાતતાને રેખાંકિત કરે છે અને આ કામદારોના જીવંત અનુભવોને માત્ર તબીબી દસ્તાવેજીકરણમાં ફેરવી દે છે જે ગૌરવ અથવા સંદર્ભથી વંચિત છે.' TNM પર, અમે મેન્યુઅલ સ્કેવેન્જિંગ પરના દરેક થ્રેડને અનુસરીએ છીએ-વ્યક્તિગત દુર્ઘટનાથી લઈને પ્રણાલીગત નિષ્ફળતાઓ સુધી. આ એક વખતનો પ્રયાસ નથી; તે એક મિશન છે અને તમારા સબ્સ્ક્રિપ્શન સાથે અમારા કાર્યને સમર્થન આપો.

**યુનિયનના દાવા, કાનૂની છટકબારી**

છેલ્લાં બે વર્ષથી કેન્દ્ર સરકાર સંસદમાં દાવો કરી રહી છે કે ભારતમાં કોઈ મેન્યુઅલ સફાઈ કામદારો નથી, માત્ર 'જોખમી સફાઈ કામદારો' છે. TNMએ અગાઉ આ અંગે અહેવાલ આપ્યો હતો, જેમાં હાઈલાઈટ કરવામાં આવી હતી કે સફાઈ કર્મચારી આંદોલન (SKA) દેશમાં મેન્યુઅલ સફાઈ કામદારોના નાબૂદી તરફ કામ કરતી એક ચળવળ-એ ૨૦૨૨-૨૩માં મેન્યુઅલ સફાઈ કામદારોના ૩૩૯ મૃત્યુ નોંધ્યા હતા. કેન્દ્ર સરકારે જાળવી રાખ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં (૨૦૧૯-૨૦૨૩) ગટર અને સેપ્ટિક ટાંકીઓની 'જોખમી સફાઈ'ને કારણે ૩૭૭ મૃત્યુ થયા છે. આ વર્ષે, સંસદમાં, સરકારે જણાવ્યું હતું કે સામાજિક ન્યાય મંત્રાલયે ડિસેમ્બર ૨૦૨૦માં 'સ્વચ્છતા અભિયાન' નામની એક મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી હતી, જેથી તેમની સાથે સંકળાયેલા અસ્વચ્છ શૌચાલયો અને મેન્યુઅલ સફાઈ કામદારો પરનો વર્તમાન ડેટા મેળવવા માટે. ૧૧૪ જિલ્લામાંથી મોબાઈલ એપ્લિકેશન પર કુલ ૬,૨૫૬ કેસ અપલોડ કરવામાં આવ્યા હોવાનું જણાવતા મંત્રાલયે દાવો કર્યો હતો કે તે બધાની ચકાસણી કરવામાં આવી હતી અને કોઈ પણ "વિશ્વસનીય હોવાનું જણાયું નથી." જ્યારે સામાજિક ન્યાય મંત્રાલયે દાવો કર્યો હતો કે ભારતમાં હાલમાં કોઈ મેન્યુઅલ સફાઈ કામદાર નથી, ૨૦૧૩ અને ૨૦૧૮માં હાથ ધરવામાં આવેલા બે સર્વેક્ષણો જેને SCએ અસંગત ગણાવ્યા હતા, જેમાં ૫૮,૦૯૮ 'અગાઉના મેન્યુઅલ સ્કેવેન્જર્સ'ની ઓળખ કરવામાં આવી હતી. દક્ષિણના રાજ્યોના ડેટા અનુસાર, કર્ણાટકમાં અગાઉના સફાઈ કામદારોની સૌથી વધુ સંખ્યા હતી – ૨,૯૨૭; ત્યારબાદ આંધ્ર પ્રદેશ-૧,૭૯૩; કેરળ-૫૧૮ અને તમિલનાડુ-૩૯૮. મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર નિષેધ અને તેમના પુનર્વસન અધિનિયમ, ૨૦૧૩ પસાર કરીને, ૨૦૧૩થી સમગ્ર ભારતમાં મેન્યુઅલ સ્કેવેન્જિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કે, વ્યાખ્યાઓમાં છટકબારીને કારણે સરકારો દાવો કરીને એમ કહીને હાથ ખંખેરી નાખે છે કે કોઈ મેન્યુઅલ સ્કેવેન્જર્સ નથી. મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર પર પ્રતિબંધ અને તેમના પુનર્વસન અધિનિયમની કલમ ૨(S) મુજબ, 'મેન્યુઅલ સ્કેવેન્જર' એ એવી કોઈપણ વ્યક્તિ છે જે 'મેન્યુઅલી સફાઈ, વહન, નિકાલ અથવા અન્યથા કોઈપણ રીતે માનવ મળ-મૂત્ર હેન્ડલ કરવા માટે કાર્યરત છે અથવા સંકળાયેલી છે, ' ચાહે તે અસ્વચ્છ શૌચાલયમાં હોય, ખુલ્લી ગટરમાં હોય અથવા ખાડામાં હોય કે શૌચાલય હોય જેમાંથી જે માનવ મળમૂત્ર અસ્વચ્છતાથી બહાર આવે છે તેનો નિકાલ રેલવે ટ્રેક પર અથવા અન્ય કોઈપણ જગ્યાઓ અથવા પરિસરમાં કરવામાં આવે છે. એ નોંધવું જોઈએ કે ગટર અને સેપ્ટિક ટાંકીની સફાઈ તકનીકી રીતે મેન્યુઅલ સ્કેવેન્જિંગની શ્રેણીમાં આવતી હોવા છતાં, ઉપર આપવામાં આવેલી સીમિત વ્યાખ્યાને કારણે તેને ધ્યાનમાં લેવામાં આવતું નથી, જેમાં ગટર અથવા સેપ્ટિક ટાંકીનો સમાવેશ થતો નથી જે અલગથી છે. કલમ ૨(ડી) હેઠળ વ્યાખ્યાયિતઃ ગટર અથવા સેપ્ટિક ટાંકીની 'જોખમી સફાઈ'એ એમ્પ્લોયર દ્વારા રક્ષણાત્મક ગિયર, અન્ય સફાઈ ઉપકરણો અને સલામતી સાવચેતીઓનું પાલન કર્યા વિના અને પ્રદાન કર્યા વિના 'મેન્યુઅલ સફાઈ' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. વાત માત્ર અહીં જ પૂરી થતી નથી. જો કોઈ વ્યક્તિ 'ઉપકરણો અને રક્ષણાત્મક ગિયરનો ઉપયોગ કરીને' માનવ મળમૂત્રને સાફ કરવા માટે રોકાયેલ અથવા કાર્યરત છે, તો આવી વ્યક્તિને 'મેન્યુઅલ સ્કેવેન્જર' તરીકે ગણવામાં આવતી નથી. જો કે, તે સ્પષ્ટ નથી કે અહીં ઉપકરણો અથવા રક્ષણાત્મક ગિયરમાં શું સામેલ છે. બીજો અને મુખ્ય તફાવત સજાને લગતો છે. મેન્યુઅલ સફાઈ કામદારને સામેલ કરવા માટે એક વર્ષ સુધીની કેદ અને/અથવા રૂા.૫૦,૦૦૦ પચાસ હજાર સુધીનો દંડ થઈ શકે છે.

# બુલંદશહેરમાં વાલ્મિકી આશ્રમના દલિત કેરટેકરની માર મારી હત્યા

(એજન્સી) મેરઠ, તા.૨૯
બુલંદશહેરમાં ખુર્જામાં વાલ્મિકી આશ્રમનો ૨૬ વર્ષીય દલિત કેરટેકર જ્યારે તે આશ્રમની અંદર સૂઈ રહ્યો હતો ત્યારે તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે તેના માથા અને ચહેરાને વારંવાર ઈંટના પ્રહાર કરી છૂંદી નાખવામાં આવ્યો હતો, જે ઘટનાસ્થળેથી મળી આવ્યા હતા. ખુર્જાના એસએચઓ રાજપાલ તોમરે કહ્યું, "બીએનએસ કલમ ૧૦૩ (હત્યા) હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. અમને સ્થળ પરથી લોહીથી લથપથ ઈંટ પણ મળી આવી છે. હત્યા પાછળનો હેતુ હજુ અસ્પષ્ટ છે અને અમે કેસની તપાસ કરી રહ્યા છીએ. રજત વાલ્મિકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે અને અમે રિપોર્ટની રાહ જોઈ રહ્યા છીએ. આ ઘટનાથી દલિત સમુદાયમાં આક્રોશ ફેલાયો હતો, સભ્યોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ખુર્જા મુખ્ય માર્ગને અવરોધિત કર્યો હતો. વાલ્મિકી સમાજના વડા સોની પ્રધાને કહ્યું, "રજત અમારા માટે પુત્ર જેવો હતો. તેની હત્યાએ અમારા સમગ્ર સમુદાયને ગુસ્સા અને શોકમાં મૂકી દીધો છે. અમે પોલીસ પાસેથી ઝડપી કાર્યવાહીની માંગ કરીએ છીએ અને તેઓએ અમને ખાતરી આપી છે કે ગુનેગારની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે."

### પૂણેના મેદાનની દુઃખદ ઘટના, પરિવાર આઘાતમાં

# ચાલુ મેચમાં હાર્ટ એટેકથી યુવા ક્રિકેટર ઈમરાન પટેલનું મોત

પૂણે, તા.૨૯
ક્રિકેટના મેદાનમાં હાર્ટ એટેકથી મોત થવાના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. પૂણેમાં એક ૩૫ વર્ષીય ક્રિકેટર ઈમરાન પટેલનું હૃદયરોગના હુમલાથી નિધન થયું છે. પૂણે ખાતે ક્રિકેટ મેચ રમાઈ રહી હતી. ઈમરાન પટેલ લકી બિલ્ડર્સ ટીમનો કેપ્ટન અને ઓપનિંગ બેટસમેન હતો. મેચ દરમિયાન બેટિંગ કરતી વખતે ઈમરાનને છાતી અને હાથમાં ભારે દુઃખાવો થયો હતો. ચાલુ મેચમાં ઈમરાને છાતીમાં દુઃખાવો થવાની જાણ અમ્પાયરોને કરી હતી. ઈમરાન પેવેલિયન તરફ જતો હતો તે વખતે જ મેદાનમાં જ બેભાન થઈને પડી ગયો હતો. આ જોઈને તેની ટીમના સાથીઓ તેની તરફ દોડ્યા અને તેને તાત્કાલિક હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઈમરાનના નિધનથી તેના મિત્રો અને સાથી ખેલાડીઓ આઘાતમાં ગરકાવ થઈ ગયા છે. ઈમરાન ઓલરાઉન્ડર હતો અને ખેલાડી તરીકે ઘણો ફિટ હતો. ઈમરાનના પરિવારમાં તેની પત્ની અને ત્રણ પુત્રીઓ છે.

### દિલ્હીના નામે નોંધાયો અનોખો રેકોર્ડ

# સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની મેચમાં ૧૧ ખેલાડીઓએ બોલિંગ કરી !!

નવી દિલ્હી, તા.૨૯
સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૪ના ગ્રુપ-સીમાં દિલ્હી અને મણિપુર વચ્ચે મેચમાં ટી-૨૦ ક્રિકેટમાં દિલ્હીના નામે અનોખો રેકોર્ડ નોંધાયો છે, જેમાં દિલ્હી તરફથી તમામ ૧૧ ખેલાડીઓએ બોલિંગ કરી. આયુષ બદોની ટીમના કેપ્ટન હોવાની સાથે વિકેટકીપર પણ છે. આ મેચમાં તેણે પણ બોલિંગ કરી હતી. હર્ષ ત્યાગી, દિગ્વેશ રાઠી અને મયંક રાવતે ત્રણ-ત્રણ ઓવર, જ્યારે મણિપુરે ૨૦ ઓવરમાં આઠ વિકેટ પર ૧૨૦ રન બનાવ્યા હતા, જેમાં ૪૧ રન સુધીમાં મણિપુરે છ વિકેટ ગુમાવી હતી. મણિપુર તરફથી અહેમદ શાહે ૩૨ રનની ઈનિંગ રમી હતી. જો મણિપુર માટે છેલ્લી ઓવરોમાં લોઅર મિડલ ઓર્ડરના બેટ્સમેનોએ રન ન બનાવ્યા હોત તો ટીમનો સ્કોર ૧૦૦ રન પણ ન હોત. ટી-૨૦ ક્રિકેટમાં આવું પહેલાં ક્યારેય બન્યું નથી કે ટીમના તમામ ૧૧ ખેલાડીઓએ બોલિંગ કરી હોય. હવે આ વર્લ્ડ રેકોર્ડ દિલ્હીના નામે નોંધાયો છે. મેચમાં મણિપુરે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ગ્રુપ-સીમાં દિલ્હી તેની ત્રણેય મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં હાલમાં ટોચ પર છે.

# જમીન પરત મેળવવા માટે દલિત વિધવાની દાયકા લાંબી લડત

(એજન્સી) જયપુર, તા.૨૯
એક ૮૫ વર્ષીય દલિત મહિલાએ પોતાની બે વીઘા ખેતીની જમીનને ગેરકાયદેસર અતિક્રમણમાંથી મુક્ત કરાવવા માટે દાયકાઓ સુધી ચાલેલા સંઘર્ષને બહુ ઓછી સફળતા મળી છે. સૌથી ખરાબ વાત એ છે કે તેણે હવે આરોપ લગાવ્યો છે કે વ્યાપારી હેતુઓ માટે તેની જમીન ગેરકાયદેસર રીતે વેચવાના પ્રયાસો ચાલુ છે. જયપુરના મચવા ગામમાં કલવાર રોડની રહેવાસી સંત્રા દેવી તેના પરિવાર સાથે પોલીસ કમિશનરની ઓફિસમાં જોવા મળી હતી. તેઓએ ઓફિસને એક પત્ર સોંપ્યો, જેમાં તેની જમીન પરત મેળવવા માટે અધિકારીઓના હસ્તક્ષેપની વિનંતી કરવામાં આવી. તેણે જણાવ્યું હતું કે તેની જમીન તેના પતિના મૃત્યુ પછી ગામના બે સ્થાનિક વડાઓ અને તેમના પરિવારો દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરવામાં આવી હતી. દેવીએ કહ્યું, 'મેં મારી જમીન વેચી નથી. હું મારી જમીન કેમ વેચીશ ? પરંતુ મને સત્તાવાળાઓ દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે મારી જમીન વેચી દેવામાં આવી છે,". તેણે કહ્યું "મારી જમીન પર હાલમાં ૨૩ દુકાનો કાર્યરત છે, જેની કિંમત રૂા.૫૦ લાખથી રૂા.૧ કરોડની વચ્ચે છે. આ જમીનની સંચિત કિંમત ઓછામાં ઓછી રૂા.૨૩ કરોડ હોવાનો અંદાજ છે,'. દેવીએ અગાઉ મુખ્યમંત્રી કાર્યાલય, જનપ્રતિનિધિઓ, જયપુર કલેક્ટર, પોલીસ કમિશનર, માનવાધિકાર આયોગ અને એસસી કમિશન સહિતની ટોચની કચેરીઓનો સંપર્ક કર્યો છે, પરંતુ હજુ સુધી તેમને ખેતીની જમીન તેમના નામે કરાવવામાં કોઈ મદદ મળી નથી. જુલાઈમાં કલવાર પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂદ્ધ એફઆઈઆર પણ નોંધવામાં આવી હતી. નવ બાળકોની માંતા એવી દેવીએ આરોપ મૂક્યો કે, 'અગાઉ, જ્યારે હું ફરિયાદ લઈને પોલીસ પાસે પહોંચી, ત્યારે તેઓએ મારા બાળકો સાથે મારપીટ કરી' દેવીએ કહ્યું, 'સ્થાનિક અધિકારીઓએ મારી બધી વિનંતીઓને અવગણી છે. મારા પતિ ખૂબ જ ગરીબ દલિત હતા, જેઓ ઈમારતોને ધોળીને ગુજરાન ચલાવતા હતા. એક ભૂમિહીન દલિત તરીકે, સરકારે તેમને કૂવા વગરની બે વીઘા રેતીની જમીન ફાળવી હતી, જેમાં તેઓ વર્ષમાં માત્ર એક જ વાર ખેતી કરી શકતા હતા. જ્યારે ૨૦૧૩માં તેમનું અવસાન થયું, ત્યારે બે સ્થાનિક સરપંચો-મચવાના રાજેન્દ્ર શેરાવત અને સરના પંચાયતના ઝર્ઝરા- અને તેમના પરિવારોએ જમીનનો ગેરકાયદેસર કબજો લીધો હતો'. તેણીએ આક્ષેપ કર્યો હતો કે બે કપટી મંડળીઓ-વિજયપુરા ગૃહ નિર્માણ સહકારી સમિતિ અને સિરોહી ગૃહ નિર્માણ સહકારી સમિતિની રચના કરવામાં આવી છે અને તેની જમીન પર દુકાનો ખોલવા માટે બેકડેટેડ પટ્ટાઓ જારી કરવામાં આવ્યા છે. દેવીએ કહ્યું, "હું અને મારો પરિવાર ભૂમિહીન રહીએ છીએ.


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**
બુધવાર, 4 ડિસેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ ઓરિઝોન, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ – 396 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હિતેશ ખેની, મોબાઈલ : 95103 09027.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધાયેલા મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારો એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# મહારાષ્ટ્રના પરાજયની અસર, પુણે મહાનગરપાલિકા ચૂંટણીઓ એકલા હાથે લડવા ઉદ્ધવ શિવસેનાનો ઈરાદો : કોંગ્રેસ MVAના ભાગ તરીકે ચાલુ રહેવા આતુર

**૨૦૧૭માં પુણે મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી, હવે નવી સરકાર મહારાષ્ટ્રમાં શપથ લઈ રહી છે ત્યારે લાંબા સમયથી વિલંબમાં મૂકાયેલી પુણેની ચૂંટણીઓ આગામી મહિનાઓમાં યોજાય તેવી શક્યતા**

(એજન્સી) મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં નબળો દેખાવો થયા બાદ હવે એવી શક્યતા છે કે ઉદ્ધવ ઠાકરે શિવસેના પુણે મહાનગરપાલિકાની ચૂંટણીઓ એકલા હાથે લડવાનું પસંદ કરશે. જોકે પુણે શહેર કોંગ્રેસ અને એનસીપી પવાર જોડાણમાં સાથે રહેવા અને સાથે મળીને લડવા માટે આતુર છે.

પુણે શિવસેના ઉદ્ધવના પ્રમુખ ગજાનંદ હરકુડેએ જણાવ્યું હતું કે, પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી એકલા હાથે લડવા માટેની માગણી મુંબઈમાં જોર પકડી રહી છે એટલે પુણે શિવસેના પણ એવું થાય એ ઈચ્છે છે અને અમારી પણ એકલા તે લડવાની માગણી છે. છેલ્લે ૨૦૧૭માં પુણે મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી પણ હવે મહારાષ્ટ્રમાં નવી સરકાર બની રહી હોવાથી ખૂબ જ વિલંબમાં મૂકાયેલી ચૂંટણીઓ પુણેમાં આગામી મહિનાઓમાં જાહેર થાય એવી શક્યતા છે. શિવસેના ઉદ્ધવના શહેર પ્રમુખ કહે છે કે પુણેમાં જે શિવસેનાના ગઢ સમાન વિસ્તારો હતા એ ભાજપે કબજે કરી લીધા છે એટલે પુણે ચૂંટણીઓ એ માત્ર બેઠકો જીતવા માટે નહીં હોય પરંતુ સ્થાનિક કક્ષાએ પક્ષના સંગઠનને પુનઃ સક્રિય અને મજબૂત બનાવીને વધુ સારા ભવિષ્ય માટે તૈયાર કરવા માટેની ચૂંટણીઓ હશે. જોકે પુણે એનસીપી પવારના પ્રમુખ પ્રશાંત જગતાપ આશા રાખે છે અને માને છે કે કોંગ્રેસ તથા પવાર જૂથ અને ઉદ્ધવ શિવસેનાએ પુણે મહાનગરપાલિકાની ચૂંટણીઓ સાથે મળીને લડવી જોઈએ અને લડશે એવું મને લાગે છે. ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપે વિજય મેળવ્યો હતો અને



પહેલી વખત જ મહાનગરપાલિકા કબજે કરી હતી. પ્રશાંત કહે છે કે આપણે સાથે મળીને લડીશું તો જ ખોટા રાજકીય પક્ષો પુણેમાં સત્તા પર આવતા રોકી શકાશે. પુણે કોંગ્રેસના પ્રમુખનું અરવિંદ શિંદેનું પણ એવું બયાન રહ્યું છે કે વર્તમાન રાજકીય પરિસ્થિતિની વાસ્તવિકતા આપણે સ્વીકારવી જોઈએ. ભાજપ અને તેના સાથી પક્ષો મજબૂત હરીફ તરીકે સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ દ્વારા શિવસેના ઉદ્ધવ અને શરદ પવાર એનસીપી સાથે જોડાણ કરવામાં આવ્યું છે અને ચૂંટણી લડ્યા છીએ. જો હવે પુણેમાં એકલા જઈને લડીએ તો સાથી પક્ષો જ એકબીજાની સામે આવીને લડવા લાગશે અને તેનાથી હરીફનો જ ફાયદો થશે.

# ‘કોંગ્રેસનો અતિશય આત્મવિશ્વાસ અમને મોંઘો પડ્યો’ : મહારાષ્ટ્રમાં ધબડકા બદલ ટીમ ઠાકરે

**કોંગ્રેસે ૧૦૩ બેઠકો પર ચૂંટણી લડી હતી પરંતુ માત્ર ૧૬ બેઠકો જીતી હતી, ૮૯ બેઠકો પર ચૂંટણી લડનાર સેના (UBT) ૨૦ બેઠકો જીતવામાં સફળ રહી હતી**

(એજન્સી) મુંબઈ, તા.૨૯

શિવસેના (UBT)ના વરિષ્ઠ નેતાએ રાજ્યની ચૂંટણીમાં વિપક્ષી જૂથ પરાજિત થયાંના એક અઠવાડિયા પછી કહ્યું કે, મહારાષ્ટ્રમાં કોંગ્રેસનો "અતિ વિશ્વાસ" અને સીટ-વહેંચણીની વાટાઘાટો દરમિયાન તેના "વલણે " મહા વિકાસ અઘાડીની સંભાવનાઓને નુકસાન પહોંચાડ્યું છે. ભાજપની આગેવાની હેઠળની મહાયુતિએ ૨૮૮ સભ્યોની વિધાનસભામાં ૨૩૦ બેઠકો જીતીને ચૂંટણીમાં જોરદાર વિજય મેળવ્યો હતો. મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિપક્ષના નેતા અંબાદાસ દાનવેએ કહ્યું કે મહા વિકાસ અઘાડીએ ઉદ્ધવ ઠાકરેને મુખ્ય પ્રધાન ચહેરા તરીકે રજૂ કરવા જોઈતા હતા. તેમણે કહ્યું, "લોકસભાની ચૂંટણીના પરિણામો પછી, કોંગ્રેસ હરિયાણા અને જમ્મુ અને કાશ્મીરની જેમ મહારાષ્ટ્રમાં પણ વધુ પડતા આત્મવિશ્વાસમાં હતી. આ પરિણામોમાં પ્રતિબિંબિત થયું હતું. સીટ-વહેંચણીની વાટાઘાટો દરમિયાન તેના વલણથી અમને નુકસાન થયું હતું. ઉદ્ધવજીને મુખ્ય પ્રધાન ચહેરા તરીકે રજૂ કરવા જોઈતા હતા. જો આમ કરવામાં આવ્યું હોત તો પરિણામ અલગ હોત.

કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં તેમણે કહ્યું કે, "તેઓ પરિણામો પહેલા જ સૂટ અને ટાઈ સાથે તૈયાર થઈ રહ્યા હતા."

કોંગ્રેસે મહિનાઓ પહેલાની લોકસભા ચૂંટણીમાં ૧૩ બેઠકો જીતી હતી, જે મહા વિકાસ અઘાડી સહયોગીઓમાં સૌથી વધુ છે. તેના આવા જોરદાર પ્રદર્શનથી



ઉત્સાહિત, નાના પટોલેની આગેવાની હેઠળના રાજ્ય કોંગ્રેસ એકમે રાજ્યની ચૂંટણીઓ પહેલા બેઠક વહેંચણીની વાટાઘાટો દરમિયાન સખત સોદાબાજી કરી, જેના કારણે ગઠબંધનમાં ઘર્ષણ થયું. આખરે, તેણે ૧૦૩ બેઠકો પર ચૂંટણી લડી હતી પરંતુ માત્ર ૧૬ જ જીતી હતી. ૮૯ બેઠકો પર ચૂંટણી લડનાર સેના (UBT) ૨૦ બેઠકો જીતવામાં સફળ રહી હતી. ત્રીજા સાથી શરદ પવારની એનસીપીએ ૮૭ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૧૦ જીતી હતી.

શ્રી દાનવેએ કહ્યું કે સેના (યુબીટી)ના કેટલાક ઉમેદવારોએ સંગઠનાત્મક પાસાં તરફ ધ્યાન દોર્યું હતું, પરંતુ કોઈ પક્ષનું નામ લીધું ન હતું. તેમણે કહ્યું કે સેના (UBT) રાજ્યની તમામ ૨૮૮ બેઠકો પર ચૂંટણી લડી શકે ત્યાં સુધી તેની તાકાત બનાવવાની તૈયારી કરશે.

તેમના ભૂતપૂર્વ પક્ષના સાથીદાર અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિશે, જેમના બળવાથી શિવસેનાનું વિભાજન થયું, શ્રી દાનવેએ કહ્યું કે ભાજપ પાસે "ઘણા શિંદે" છે. તેમણે કહ્યું,"ભાજપ પાસે ઘણા રાજ્યોમાં ઘણા શિંદે છે. ભાજપ તેમનો ઉપયોગ કરે છે અને ફેંકી દે છે,"

આગામી મુખ્યમંત્રી કોણ હશે તે અંગે મહાયુતિ ગઠબંધનની અંદર ચર્ચાઓ વચ્ચે આ ટિપ્પણી આવી છે. એનડીએના સાથી પક્ષોમાં ભાજપે સૌથી વધુ સ્કોર કર્યો છે અને મુખ્ય પ્રધાન પદ માટે દબાણ કર્યું હોવાનું જાણવા મળે છે. સેનાના કેટલાક નેતાઓ દ્વારા દિવસો સુધીના અક્કડ વલણ પછી, શ્રી શિંદે ગઈકાલે પીછેહઠ કરી અને કહ્યું કે તેઓ મુખ્ય પ્રધાન પદ અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયને સ્વીકારશે.

# ભાજપ અને ગૃહ મંત્રાલયે દિલ્હીને ખંડણી અને હિંસાનું કેન્દ્ર બનાવી દીધું : કેજરીવાલ

(એજન્સી) તા.૨૯

AAPના વડા અરવિંદ કેજરીવાલે વિધાનસભા ચૂંટણી પહેલા NCRમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં કેન્દ્રની દોષનો પુનરોચ્ચાર કર્યો AAP સુપ્રીમો અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવતા ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકાને વધુ ઉગ્ર બનાવી. આમ આદમી પાર્ટીના કાર્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કેજરીવાલે કહ્યું, ‘દિલ્હીમાં દરેક જગ્યાએ ભય અને અસુરક્ષાનું વાતાવરણ છે. મહિલાઓ સાંજે ૭ વાગ્યા પછી બહાર નીકળવામાં અસુરક્ષા અનુભવે છે અને માતા-પિતા તેમની દીકરીઓ બહાર મોકલવામાં ચિંતા અનુભવે છે.’ તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની દેખરેખ હેઠળ છેડતી, ગોળીબાર અને જાહેર ગુનાઓની ઘટનાઓ ચિંતાજનક રીતે સામાન્ય બની ગઈ છે. કેજરીવાલે





આરોપ લગાવ્યો કે, ભાજપ અને ગૃહ મંત્રાલયે દિલ્હીને ખંડણી અને હિંસાનું કેન્દ્ર બનાવી દીધું છે. તેમના કાર્યકાળ દરમિયાન આરોગ્ય, શિક્ષણ અને વીજળીમાં AAPની સિદ્ધિઓને પ્રકાશિત કરતી વખતે, દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાને કાયદાના અમલીકરણના ગેરવહીવટ માટે ભાજપની ટીકા કરી હતી. તેમણે નોંધ્યું હતું કે દિલ્હી પોલીસ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકારક્ષેત્ર હેઠળ છે અને તે ‘તેની જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ ગઈ છે’. પ્રેસ કોન્ફરન્સમાં પાર્ટીના નેતાઓ મનીષ સિસોદિયા, સંજય સિંહ અને સૌરભ ભારદ્વાજ પણ હાજર હતા. ફેબ્રુઆરી ૨૦૨૫માં રાજધાનીમાં વિધાનસભાની ચૂંટણીઓ થવાની હોવાથી, AAP અને BJP રાષ્ટ્રીય રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને સામસામે છે.

# મહારાષ્ટ્રના રાજકારણમાં જબરી ચર્ચા; શું ઉદ્ધવ ઠાકરેની શિવસેના MVAમાંથી નીકળી જશે ?

**વિધાનસભાની ચૂંટણીઓમાં નબળો દેખાવ થયા બાદ તડાં પડ્યાની શક્યતા દર્શાવતા નિરીક્ષકો**

(એજન્સી) મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં ધબડકો થવાના પગલે વિપક્ષી મહા વિકાસ અઘાડી એટલે MVAમાં તડાં પડ્યા હોવાની શક્યતા નિરીક્ષકો દર્શાવી રહ્યા છે અને એવું લાગે છે કે ઉદ્ધવ ઠાકરેની શિવસેના કદાચ એમવીએ સાથે છેડો ફાડીને જોડાણમાંથી નીકળી જશે અને આ બાબત મહારાષ્ટ્રના રાજકારણમાં જબરી ચર્ચાનો વિષય બની છે.

જાણકાર સૂત્રો કહે છે કે MVAમાંથી નીકળી જવા માટે અત્યારે ઉદ્ધવ શિવસેનામાં નેતાગીરી વચ્ચે જોરદાર ચર્ચા વિચારણા ચાલી રહી છે અને કાયમ માટે જોડાણને તિલાંજલિ આપવાનું નક્કી થાય તેવી શક્યતા જોવામાં આવી રહી છે.

લોકસભાની ચૂંટણીઓમાં વિપક્ષના જોડાણ દ્વારા ખૂબ સારો દેખાવ થયો હતો ત્યારે વિધાનસભાના પરિણામો વિપક્ષના નેતાઓ અને ખાસ કરીને મહા વિકાસ અઘાડીના નેતાઓ અને સાથી પક્ષો માટે ભારે આઘાતજનક રહ્યા છે અને એમને પરિણામો ત્યાં આશ્ચર્ય પણ થયું છે કેમ કે એમને રાજ્યમાં ખૂબ જ ગળાકાપ હરીફાઈ થવાની ધારણા હતી તેના બદલે ભાજપની મહાયુતિને પ્રચંડ વિજય મળ્યો છે અને સ્પષ્ટ બહુમતીથી પણ આગળ નીકળીને ઘણી બધી વધારે બેઠકો મેળવી છે. લોકસભાની ચૂંટણીઓમાં ઈન્ડિયા બ્લોકને ૩૦ બેઠકો મળી હતી અને ભાજપ પ્રેરિત NDAને માત્ર ૧૭ બેઠકો મળી હતી પણ વિધાનસભાનું પરિણામ બિલકુલ ઊલટું રહ્યું છે. ૨૦૧૯માં ઉદ્ધવ શિવસેનાએ ભાજપ સાથે છેડો ફાડી નાખ્યો હતો અને કોંગ્રેસ તથા NCP શરદ પવારના જોડાણમાં ભાગ બનવાનું નક્કી કર્યું હતું. ઉદ્ધવ ઠાકરે



મુખ્યમંત્રી પણ બન્યા હતા પરંતુ એકનાથ શિંદેએ બળવો પોકારતા મહા વિકાસ અઘાડી સરકાર ઊથાળી પડી હતી.

# રાજસ્થાની વ્યક્તિએ ૮૧ વર્ષની ઉંમરે LLBની ડિગ્રી શરૂ કરી, જાણો તેની પ્રેરણાદાયી વાર્તા

**સતપાલ અરોરા નિયમિતપણે કૉલેજમાં જાય છે અને તેમના કરતાં ઘણા નાના વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરે છે**

(એજન્સી) તા.૨૯

ચિત્તોડગઢના પ્રતાપગઢના રહેવાસી ૮૧ વર્ષીય સતપાલ અરોરાએ સાબિત કર્યું છે કે શિક્ષણ મેળવવા માટે કોઈ વય મર્યાદા હોતી નથી. લૉ કૉલેજમાં એલએલબી પ્રોગ્રામના પ્રથમ વર્ષમાં નોંધણી કરીને, તેણે વિદ્યાર્થીઓની યુવા પેઢીની સાથે શૈક્ષણિક સફર શરૂ કરી છે. તેમનો દ્રઢ નિશ્ચય અને પ્રયાસ માત્ર પ્રેરણાદાયી જ નથી પરંતુ કોલેજના સ્ટાફ અને સાથી વિદ્યાર્થીઓ માટે પણ નોંધપાત્ર છે. સતપાલ અરોરા નિયમિતપણે કૉલેજમાં જાય છે અને તેમના કરતાં ઘણા નાના વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરે છે. વર્ગમાં બેસીને શીખવા માટેનો તેમનો ઉત્સાહ એવો ઉત્સાહ દર્શાવે છે જે કોઈપણ યુવાન વિદ્યાર્થી સાથે મેળ ખાય છે. જેમણે અગાઉ એમએ પૂર્ણ કર્યું હતું તેવા ૪૦ વર્ષ પછી કૉલેજમાં પાછા ફરતા અરોરાની નજર હવે કાયદાની ડિગ્રી મેળવવા પર છે. એમએલવી કોલેજના લેક્ચરર સાથે ચર્ચા કર્યા પછી તેમણે એલએલબી કરવાનું નક્કી કર્યું, જેણે તેમને આ પગલું ભરવા માટે પ્રોત્સાહિત કર્યા. અરોરા માને છે કે જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરવામાં ઉંમર ક્યારેય અવરોધ ન હોવી જોઈએ. તેમના મતે, પરિપૂર્ણ જીવન જીવવા માટે જીવનભરનું શિક્ષણ જરૂરી છે. એલએલબી પૂર્ણ કર્યા પછી, તે પીએચડી કરવાની પણ ઈચ્છા ધરાવે છે. તેમના બે પુત્રો સાથે સુખી જીવન જીવતા અરોરાએ તેમના જુસ્સા અને સખત પરિશ્રમ દ્વારા દર્શાવ્યું છે કે શિક્ષણને સ્વીકારવામાં અને નવો માર્ગ નક્કી કરવામાં ક્યારેય મોડું થતું નથી. તેમની યાત્રા તમામ ઉંમરના લોકો માટે પ્રેરણારૂપ છે. આ ઉપરાંત, ૭૦ વર્ષીય મલેશિયન તોહ હોંગ કેંગે પણ નિવૃત્તિ પછી પણ પોતાનું લક્ષ્ય હાંસલ કર્યું . ફિલિપાઈન્સના સેબુમાં આવેલી સાઉથવેસ્ટર્ન યુનિવર્સિટી PHINMAમાંથી આ વર્ષે



જુલાઈમાં તેમની મેડિકલ ડિગ્રી પૂર્ણ કરીને હવે તેમને સૌથી વૃદ્ધ મેડિકલ ગ્રેજ્યુએટ તરીકે ઓળખવામાં આવી છે. અહેવાલો અનુસાર, જ્યારે તોહ હોંગ કેંગે પ્રથમ વખત સાઉથવેસ્ટર્ન યુનિવર્સિટી ફિન્મા ખાતે ક્લાસમાં હાજરી આપી ત્યારે વિદ્યાર્થીઓએ ભૂલથી માની લીધું કે તે નવા મેડિકલ સ્ટુડન્ટને બદલે પ્રોફેસર છે. જુલાઈ ૨૦૨૪માં આ નિવૃત્ત મલેશિયન એક્ઝિક્યુટિવે મેડિકલ સ્કૂલમાંથી સ્નાતક થઈને એક નોંધપાત્ર માઈલસ્ટોન હાંસલ કર્યો, જેનાથી તે વિશ્વના સૌથી વધુ વયે મેડિકલ સ્નાતક બનનાર પૈકીનો એક બન્યો.

# ચૂંટણીઓ અને લાંબા ચોમાસા જેવો પડકાર હોવા છતાં મુંબઈનો મહત્ત્વાકાંક્ષી ધારાવી પુનઃ વિકાસ પ્રોજેક્ટ ગતિમાં, અત્યાર સુધીમાં ૨૫,૦૦૦ મકાનોનો સર્વે

**અધિકારીઓ કહે છે કે સમગ્ર પ્રોજેક્ટ માટે સર્વે સૌથી મહત્ત્વનો અને પ્રચંડ મહત્ત્વ ધરાવતો હિસ્સો છે અને આ ભવ્ય આયોજનના ઝડપી અને સફળ અમલીકરણની દિશામાં ખૂબ જ નિર્ણાયક અને મહત્ત્વનું એકમાત્ર પગલું છે, દેશની સૌથી મોટી ઝૂંપડપટ્ટીને કોઈપણ સ્થાનિક અને અહીં રહેનારા નાગરિકને વિસ્થાપિત કર્યા વિના ધારાવીને આધુનિક તથા રહેણાક માટે એકદમ યોગ્ય સ્થાન બનાવવામાં મદદરૂપ બનશે**

(એજન્સી) મુંબઈ, તા.૨૯

મુંબઈના લાંબો સમય ચાલતા ચોમાસા અને બાદમાં ચૂંટણીઓ જેવા પડકારો છતાં મુંબઈનો સૌથી વધુ મોટો અને દેશનો કદાચ સૌથી મોટો અને મહત્ત્વનો ધારાવી પુનઃ વિકાસ પ્રોજેક્ટ ગતિશીલ બની રહ્યો છે અને અત્યાર સુધીમાં ૬૦,૦૦૦માંથી ૨૫,૦૦૦ જેટલા મકાનોનો સર્વે કરી લેવામાં આવ્યો છે. બે ચૂંટણીઓ થઈ છે અને ચોમાસું પણ લાબું ચાલ્યું છે છતાં આ પડકારો વચ્ચે કામ ચાલુ છે અને અધિકારીઓ જણાવે છે કે સર્વેનું આ પ્રોજેક્ટ માટે ખૂબ જ પ્રચંડ મહત્ત્વ છે કેમકે એ મહત્ત્વાકાંક્ષી આયોજનના ઝડપી અને સફળ અમલીકરણની દિશામાં એકમાત્ર નિર્ણાયક પગલું છે જેનાથી આ પ્રોજેક્ટ સમગ્ર ધારાવીને અને તેના રહેવાસીને વિસ્થાપિત કર્યા વિના અને એક પણ ધારાવી નાગરિકને અસર કર્યા વિના એક આધુનિક તથા સરસ રીતે રહેવા યોગ્ય ટાઉનશીપ બનાવી નાખશે.

અધિકારીઓ જણાવે છે કે સચોટ અને સર્વગ્રાહી સર્વે કર્યા વિના આટલા મોટા પાયાનો પ્રચંડ અને વ્યાપક પ્રોજેક્ટ આગળ વધારી શકાય નહીં. આ કામગીરી ખૂબ જ મહેનત, સંકલન અને પુરૂષાર્થ માંગી લે છે. આ વિસ્તારના ભૂગોળનો નકશો જાણવા માટે અત્યંત આધુનિક લીડાર મેપિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને પાયાનો નકશો સમગ્ર વિસ્તારનો જે નિર્ણાયક છે તે તૈયાર થઈ ગયા પછી નિર્ણાયક તબક્કાની કામગીરી એટલે કે ડોર ટુ ડોર ચકાસણી શરૂ થશે. દરેક મકાનને અને રહેણાક જગ્યાને એક વિલક્ષણ અલગ પ્રકારના ઓળખ કોડ આપવામાં આવ્યા છે જેનાથી કામગીરી વધુ સરળ બનશે અને અસરકારક બનશે.

એક સિનિયર અધિકારી જણાવે છે કે ૫૦ જેટલી મહેનતુ ટીમ ધારાવીના પાંચ સેક્ટર અને ૩૪ ઝોનમાં દૈનિક ધોરણે ફરી વળે છે અને સર્વે કરે છે. દૈનિક સરેરાશ ૩૦૦થી ૪૦૦ જેટલા ટેનામેન્ટનો સર્વે પૂરો કરી દેવામાં આવે છે અને ૨૦૦થી ૨૫૦ જેટલા મકાનોનું વેરિફિકેશન પૂરૂં કરી લેવાય છે. એ ઝડપે કામગીરી થઈ રહી છે એ અમારી ફિલ્ડ ટીમોના સંકલ્પ



અને નિશ્ચયને આભારી છે.

ધારાવી પ્રોજેક્ટનો સર્વે એ કોઈ અમલદારશાહી તંત્રની ઔપચારિકતાની કામગીરી નથી પણ ધારાવીના દરેક નાગરિક માટે એ જરૂરી છે કેમ કે જો તેઓનો સહકાર મળ મળે તો ધારાવી વિસ્તારના એકે એક નાગરિકને આધુનિક સુવિધાઓ સાથેના પાકા, નવા મકાનો મળવાને પાત્ર બનશે એટલે દરેક ધારાવી રહેણાક નાગરિક કે ધંધાર્થી સર્વે પૂરો કરવામાં સહકાર આપે એ જરૂરી છે અને જરૂર પડશે તો એશિયાની સૌથી મોટી આ ઝૂપડપટ્ટીમાં વધારાની સર્વે ટીમો પણ જોડવામાં આવશે. પુનઃ વિકાસ આયોજન અને પ્રોજેક્ટ મુજબ દરેક ધારાવી નાગરિકને પોતાના રસોડા તથા ટોયલેટ સાથેના આધુનિક સગવડવાળા મકાન મળશે અને પાણી તથા વીજળીનો સતત પુરવઠો પણ મળતો રહેશે જેથી કરીને આ સમગ્ર વિસ્તારમાં વાતાવરણ પણ એકદમ શુદ્ધ આરોગ્યલક્ષી અને વધુ તંદુરસ્ત હવામાન ઊભું થશે અને હરિયાળુ હવામાન થશે. વધુ પહોળા રસ્તા તથા ખુલ્લી જગ્યા અને આધુનિક આરોગ્ય સારવારની સુવિધાઓ તથા વધુ સારૂં પાયાનું માળખું ધારાવીને મળશે. નવી આધુનિક શાળાઓ તથા આરોગ્ય ક્લિનિક અને જાહેર પરિવહન વ્યવસ્થા સહિતની તમામ સામાજિક પાયાની સુવિધાઓ આધુનિક ધારાવી નગરીને પ્રાપ્ત થશે.

# મુંબઈ : વાશીના ઘરમાંથી ૩.૫ લાખ રૂપિયાના દાગીના અને રોકડની ચોરી કર્યા પછી ૫૦થી વધુ ચોરીના આરોપસર નોકરાણીની ધરપકડ

(એજન્સી) મુંબઈ, તા.૨૯

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૫૦થી વધુ ચોરીના આરોપીની ઘરેલું સહાયકની ધરપકડ કરવામાં આવી છે. આરોપી, જેની ઓળખ વનિતા ઉર્ફે આશા શૈલેન્દ્ર ગાયકવાડ તરીકે થઈ છે, તે સમૃદ્ધ ઘરોમાં નોકરાણી તરીકે કામ કરતી અને એક અઠવાડિયાની અંદર ભાગી જતાં પહેલાં રોકડ અને કિંમતી વસ્તુઓની ચોરી કરી હતી. ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યાં અનુસાર, વનિતા વિરૂદ્ધ મુંબઈ, થાણે અને નવી મુંબઈમાં ચોરીના ૫૦થી વધુ કેસ નોંધાયેલા છે. તપાસમાં જાણવા મળ્યું કે, તેણીએ તેના ગુનાઓ દ્વારા કરોડો રૂપિયા એકઠા કર્યા હતા અને ટ્રેસ ન થાય તે માટે વારંવાર તેનું રહેઠાણ બદલ્યું હતું. તેની તાજેતરની ઘટનામાં, વનિતા વાશી સેક્ટર ૯માં ૫૯ વર્ષીય ઝાકિર અહેમદબાબાના પરિવારમાં નોકરાણી તરીકે કામ કરી હતી. ચાર દિવસમાં તે ૩.૫ લાખ રૂપિયાના દાગીના અને રોકડની



ચોરી કરીને ભાગી ગઈ હતી. તેના વિરૂદ્ધ વાશી પોલીસ સ્ટેશનમાં ચોરીનો કેસ નોંધવામાં આવ્યો હતો. એક કાર્યવાહી દરમિયાન, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ યુનિટ ૭ને જાણ થઈ કે વનિતા RCF મ્હાડા કોલોનીમાં ચેમ્બુરના માહુલ ગાંવમાં છુપાઈ છે. ઈન્સ્પેક્ટર આત્માજી સાવંતની આગેવાની હેઠળની એક ટીમે સબ-ઈન્સ્પેક્ટર કાલે અને અન્ય લોકો સાથે છટકું ગોઠવી અને તેની ધરપકડ કરી. પૂછપરછ દરમિયાન વનિતાએ વાશીમાં થયેલી ચોરીની કબૂલાત કરી હતી. વનિતા ગાયકવાડ મુંબઈ, થાણે અને નવી મુંબઈમાં અપસ્કેલ રહેણાંક વિસ્તારોને નિશાન બનાવતી, પોતાની જાતને અલગ-અલગ નામોથી ઓળખાણ કરાવતી. તે ચોકીદાર સાથે તાલમેલ બનાવતી અને ઘરેલું સહાય શોધતા ઘરો વિશે પૂછપરછ કરતી. એકવાર નોકરી કર્યા પછી, તે ઘરની કિંમતી વસ્તુઓ પર નજર કરવા માટે થોડાં દિવસો માટે ખંતપૂર્વક કામ કરશે. પ્રથમ તક પર, તે રોકડ અને કિંમતી વસ્તુઓની ચોરી કરીને ભાગી જતી. તપાસ ટાળવા માટે, તેણીએ વારંવાર તેનું નામ બદલી નાખ્યું અને ખોટા સરનામાં આપ્યા, જેથી પોલીસ માટે તેને શોધવાનું મુશ્કેલ બન્યું. પોલીસે તેની વ્યાપક ગુનાહિત પ્રવૃત્તિઓ અંગે તપાસ ચાલુ રાખી છે.

# બી.ઝેડ. ગ્રુપની પાલનપુર બ્રાન્ચની ઓફિસને તાળાં મારી સંચાલકો ફરાર થઈ ગયા હોવાની ચર્ચા

પાલનપુર, તા.૨૯

ગુજરાતમાં ચકચાર મચાવનાર BZ ગ્રુપના આર્થિક કૌભાંડ મામલે CID ક્રાઈમે તપાસ તેજ કરી છે. જોકે, તગડા વ્યાજની લાલચ આપી અનેકને ઠગનાર બીઝેડ ગ્રુપની બ્રાન્ચ પાલનપુરમાં છેલ્લા કેટલાક સમયથી કાર્યરત છે. જોકે, કૌભાંડનો પર્દાફાશ થતા પાલનપુર અમદાવાદ હાઈવે પર ગઠામણ પાટિયા પાસે બીઝેડ ગ્રુપની ઓફિસને તાળા મારી સંચાલક ફરાર થઈ ગયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં BZ GROUP પર CIDએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગરમાં CID ક્રાઈમની ટીમે પોંઝી સ્કીમ ચલાવતા માફિયાઓ વિરૂદ્ધ મોટા પાયે કાર્યવાહી કરી છે. છેલ્લા એક મહિનાથી અલગ- અલગ સ્થળોએ સર્વેલન્સ ગોઠવી અને સાબરકાંઠા તેમજ મહેસાણામાં રેડ કરી આ ગોટાળાનો પર્દાફાશ કર્યો હતો. જોકે બીઝેડ ગ્રુપની બ્રાન્ચ જિલ્લા મથક પાલનપુરમાં અમદાવાદ હાઈવે પર હોવાથી બનાસકાંઠામાં પણ મોટા વ્યાજની લાલચમાં અનેક રોકાણકારો બીઝેડ ગ્રુપમાં છેતરાયા હોય તેવી આશંકા સેવાઈ રહી છે. કારણ કે છેલ્લા કેટલાક સમયથી બીઝેડ ગ્રુપની ઓફિસ પાલનપુરમાં કાર્યરત છે. ત્યારે બી ઝેડ ગ્રુપના કૌભાંડો પર્દાફાશ થતાં પાલનપુરની ઓફીસને ખંભાતી તાળા મારી સંચાલકો ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. માહિતી અનુસાર, આ ગેરકાયદે સ્કીમ ૨૦૨૦થી ચાલુ હતી. લાયસન્સ વગર ૩%થી ૩૬% સુધી વ્યાજ આપવાના લાલચમાં સરકારી નિવૃત્ત કર્મચારીઓ, શિક્ષકો અને સામાન્ય નાગરિકોને ફસાવી મલ્ટી લેવલ માર્કેટિંગ મારફતે કરોડોનું ફ્રોડ કરાયું હતું.જોકે એજન્ટો અને BZ ગ્રુપમાં રોકાણકારોની યાદી પણ મળી છે. એજન્ટો ઉત્તર ગુજરાતના નિવૃત્ત લોકોને ટાર્ગેટ કરતા હતા. રોકાણના નાણાં ક્યાં રોક્યા, કેટલી મિલકતો વસાવી છે તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ધર્મ અને નાત-જાતના ભેદભાવ વગર સામાજિક કાર્યમાં અગ્રેસર એવા હફીઝ રાણાને સન્માનિત કરાયા




પટેલ વેલ્ફર હોસ્પિટલ કેમ્પસમાં આવેલી ડેન્ટલ કોલેજના ઓડિટોરિયમ હોલ. ભરૂચ ખાતે તાજેતરમાં યોજાયેલ ગુજરાત મુસ્લિમ ગરાસિયા પ્રગતિ મંડળ દ્વારા આયોજિત એક ભવ્ય સમારંજમાં મુસ્લિમ સોશિયલ ગ્રુપ વડોદરાના ઉપમુખ હફીઝ રાણા દરબારને ધર્મના ભેદભાવ વગર દરેક વર્ગ અને સમાજ માટે ઉ-તમ સામાજિક સેવાઓ પૂરી પાડવા બદલ Harmony and Service Excellence એવોર્ડ આપી શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુસ્લિમ સોશિયલ ગ્રુપ, વડોદરા સંસ્થાના પ્રમુખ લાલાભાઈ શ્યામવાલા, સંસ્થાના કારોબારી સભ્યો અને અન્ય સભ્યો દ્વારા હફીઝ ભાઈ રાણાને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. (તસવીર : અતિક શેખ, વડોદરા)

### અંકલેશ્વરના કોસમડી ગામે

# વક્ફ બોર્ડ જમીનના બોગસ મંજૂરી પત્ર આપનાર વક્ફ બોર્ડના મહિલા કર્મી સહિત બેની ધરપકડ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર તાલુકાના કોસમડી મુકામે વક્ફ બોર્ડ જમીનમાં બોગસ મંજૂરી પત્ર આપનાર વક્ફ બોર્ડ મહિલા કર્મચારી સહિત વધુ એકની ધરપકડ કરાઈ હતી. અગાઉ પોલીસ દ્વારા પથી વધુ આરોપીની ધરપકડ કરી હતી. ખોટા દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા બદલ સબ રજિસ્ટ્રાર દ્વારા જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે મામલે પોલીસે વધુ આરોપીની ધરપકડ કરતા અમરેલી ના ઈસમ સહિત મહિલા કર્મચારીને પોલીસ ટ્રાન્સફર વોરંટ પર ધરપકડ કરી રિમાન્ડની તજવીજ શરૂ કરી હતી. બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામ ખાતે મસ્જિદ મદ્રેસા ટ્રસ્ટના ટ્રસ્ટી દ્વારા ટ્રસ્ટની કોસમડી ગામ ખાતે આવેલ સર્વે નંબર ૩૭૮. બ્લોક/સર્વે નંબર ૮૦૯ની ક્ષેત્રફળ ૨-૬૪-૯૧ વાળી જમીન ધાર્મિક ગોધાણીને ભાડે પત્તે આપવા માટે ગુજરાત વક્ફ બોર્ડનો ધાર્મિક ગોધાણીને ભાડે પત્તે આપ તો મંજૂરી પત્ર અંકલેશ્વર સબ રજિસ્ટ્રાર કચેરીમાં રજૂ કરી ભાડા પટ્ટાની નોંધણી ટ્રસ્ટી યાકુબ યુસુફ નાંધલાએ કરાવી હતી. જે પત્ર અંગે કચેરી દ્વારા ખરાઈ કરતા વક્ફ બોર્ડ દ્વારા આવી કોઈ મંજૂરી પત્ર આપવામાં આવ્યો ના હોવાનો ખુલાસો થયો હતો. અને વકફ બોર્ડની દેખરેખ હેઠળની જમીન બારોબાર ભાડે પટ્ટે આપવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. જેની જાણ થતા જ કોસમડી મસ્જિદ મદ્રેસા ટ્રસ્ટના ટ્રસ્ટી યાકુબ યુસુફ નાંધલા દ્વારા વકફ બોર્ડની મંજૂરી પત્ર ખોટો હોવા છતાં ખરા તરીકે ઉપયોગ કરી કચેરીમાં રજૂ કરી ગુનાહિત કાવતરૂં રચી વકફ બોર્ડની મિલકત પડાવી લીધી હોવાની ફરિયાદ સબ રજિસ્ટ્રાર પ્રકાશ પટેલ દ્વારા જીઆઈડીસી પોલીસ મથકે આપી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. અને આ મામલે પોલીસ દ્વારા પથી વધુ આરોપીની ધરપકડ કરી હતી. દરમિયાન બી ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલા જીતાલી વક્ફ બોર્ડ જમીન મામલે પોલીસે અમદાવાદ ખાતે વક્ફ બોર્ડની કચેરી ખાતે કાયમી નોકરી કરતી મહિલા કમર્ચારી અફસાના બાનો મોહંમદ રફીક કાજીની ધરપકડ કરતા તેમના દ્વારા કોસમડી વક્ફ બોર્ડ જમીનમાં પણ બોગસ સહમતી પત્ર આપ્યો હોવાની કબૂલાત સાથેની વિગતો સામે આવી હતી. જે બાદ હાલ કર્મચારી સબ જેલમાં હતા દરમિયાન તેના ટ્રાન્સફર વોરંટ પર અંતે બી ડિવિઝન પોલીસ એ ધરપકડ કરી હતી. આ મામલે પોલીસે અમરેલીના ઈકબાલ ઈસા આદમ દરૈયાની પણ બોગસ સહમતી પત્ર આપવામાં ભૂમિકા હોવાનું સામે આવતા પોલીસે તેના પણ ટ્રાન્સફર વોરંટ મેળવ્યા હતા અને બનેને અંકલેશ્વર લઈ આવી રિમાન્ડની તજવીજ શરૂ કરી હતી.

# મુંબઈ ખાતે સુરતના સોએબ અન્સારીને સ્ટાર એજ્યુકેશન એવોર્ડ એનાયત




સુરત, તા.૨૯

સુરત શહેરના રામપુરા ખાતે રહેતા અંજૂમન તાલીમુલ મુસ્લિમીના સભ્ય એવા સોએબ અનસારીને બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ (મુંબઈ) ખાતે યોજાયેલ એવોર્ડ ફંકશનમાં સ્ટાર એજયુકેશન એવોર્ડ ૨૦૨૪થી સન્માનિત કરવામાં આવ્યાં છે. મુંબઈ ખાતે દેશભરના ટોચના શિક્ષણ વિદોને સન્માનિત કરવા માટે એવોર્ડ ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.કે.સી. મુંબઈમાં આયોજીત સમાન એવોર્ડ ફંકશન ઈએસએફટીએફટી ઈન્ડિયા અને શિક્ષણ મંત્રાલય મહારાષ્ટ્ર દ્વારા સંયુક્ત રીતે આયોજીત કરવામાં આવ્યું હતું. સ્ટાર એજ્યુકેશન એવોર્ડ ૨૦૨૪ દ્વારા દેશભરના ટોચના શિક્ષણ શાસ્ત્રીઓને એવોર્ડ એનાયતકરવામાં આવ્યા છે. પુરસ્કાર સમારંભમાં નીટ, જે ઇઇ અને સમગ્ર શિક્ષણ પ્રણાલીના વિકાસમાં નોંધપાત્ર ભૂમિકા બદલ પ્રશંસાના પ્રતિક તરીકે અંજૂમન તાલીમુલ મુસ્લિમનના સભ્ય સોએબ અનસારીને સ્ટાર એજયુકેશન એવોર્ડ ૨૦૨૪થી સનમાનિત કરવામાં આવ્યા હતા. સોએબ અનસારીને આ મહાન સિદ્ધિ અને સન્માન માટે અંજુમને તાલીમિલ મુસ્લિમના સભ્યોને અભિનંદન પાઠવ્યા છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમખુ ગુલામ નબી પઠાણ મંત્રી ડો.અબ્દુલ રસીદ પટેલ અને બોર્ડના સભ્યોને તમામ અંજુમ પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગરબાડાના પાંદડી ગામે દંપતી પર દીપડાએ હુમલો કર્યો

### ગ્રામજનોમાં ભયનો માહોલ, દીપડાને પાંજરે પૂરવા માંગ

દાહોદ, તા.૨૯

ગરબાડા તાલુકાના પાંદડીમાં ખેતરમાં કામ કરવા જઈ રહેલા દંપતી પર રસ્તામાં વન્યપ્રાણી દીપડાએ ઓચિંતો હુમલો કરતા દીપડાના હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા બંને પતિ પત્નીને નજીકના હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. સાથે સાથે વન્યપ્રાણી દીપડાના હુમલાના બનાવ અંગે વન વિભાગને જાણ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ગરબાડા તાલુકાના પાંદડી ગામના ગુદરાં ફળિયામાં રહેતા સેવાભાઈ પરમાર તેમની પત્ની ભુરીબેન પરમાર તેમના આંબાવાડી વાળા ખેતરે ખેતી કામ કરવા માટે જઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક દીપડાએ હુમલો કરતા ભુરીબેનને ડાબા હાથના ભાગે દીપડાએ પંજો મારતા ગંભીર ઈજાઓ થઈ હતી તેમજ સેવા ભાઈને પગના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. ત્યારબાદ દીપડાએ હુમલો કર્યાની જાણ આજુબાજુના લોકોને થતા લોકોને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ઈજાગ્રસ્ત ભુરીબેન તેમજ સેવાભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જે બાદ આ બનાવની જાણ વન વિભાગને કરાતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ બાબતે R.F.O એમ.એલ. બારીયા સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું કે જે જગ્યાએ દીપડાએ હુમલો કર્યો છે તેને સ્થળ તપાસ કરવામાં આવી છે અને દીપડાને લઈને આગળની કાર્યવાહી વન વિભાગની ટીમે હાથ ધરી છે.

# હિંમતનગર નજીક રૂા. ૩૭ લાખના દારૂ સાથે આઈશર ચાલકની અટકાયત



( તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર )

હિંમતનગર, તા.૨૯

હિંમતનગર એ ડીવીજન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, આઈશરમાં શામળાજી તરફથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી અમદાવાદ રિંગ રોડ તરફ જનાર છે.'' જે બાતમી હકીકત આધારે શામળાજી અમદાવાદ હાઈ વે રોડ ઉપર સેવન-સ્કાય કોમ્પ્લેક્સથી ૫૦૦ મીટર આગળ બાતમી વાળા વાહનની વોચમાં હતા દરમ્યાન બાતમી મુજબનાં વાહનને ઉભું રાખી તેના ચાલકને પૂછતાં તેણે અંદર વેસ્ટ સફેદ પાવડરની બેગોની આડસમાં ઈંગ્લીશ દારૂની પેટીઓ ભરેલ હોવાનું જણાવતા અને પોતાની પાસે કોઈ પરમીટ ન હોઈ ગાડીમાં ચેક કરતાં તેમા સફેદ પાવડરની બેગોની આડસમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ હતો. જે દારૂ પેટી નંગ-૪૬૩ કુલ બોટલ નંગ-૧૧,૫૩૨ કિંમત રૂ.૩૭,૫૭,૬૨૦/, અને આઈશર કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦/-મળી કુલ કિંમત રૂા.૪૭,૬૪,૪૨૦/-નો મુદ્દામાલ મળી આવતા તપાસ અથે કબ્જે કરી આરોપીઓ વિરૂદ્ધ હિંમતનગરએ ડીવીજન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

**ફરાર આરોપીઓ**

(૨) શૈલેષ જૈન રહે. ડુંગરપુર રાજસ્થાન, (૩) પવન ચૌધરી રહે. ડુંગરપુર રાજસ્થાન

**પકડાયેલ આરોપી :-**

(૧) લુના બાલા અલસા જાટ (ઉં. વ.૩)૨નો સમાવેશ થાય છે.

### નડિયાદમાં સરદાર પ્રતિમા નજીક

# સ્ટેબિલિટી રિપોર્ટ જર્જરિત આવતા ૧૫ દિવસમાં દુકાનો ખાલી કરવા નોટિસ

નડિયાદ, તા.૨૯

નડિયાદમાં સરદારની પ્રતિમા પાસે આવેલ દુકાનોનો સ્ટેબિલિટી રિપોર્ટ પૂવર આવતા દુકાનો ગમે ત્યારે પડી જાય તેવી શક્યતાને લઈ પાલિકાએ દુકાનદારોને નોટિસ આપી ૧૫ દિવસમાં દુકાનનું કબજો પાલિકાને સોપવા જણાવ્યું છે જેના કારણે પુનઃ એક વખત પાલિકાની આ દુકાનોના મામલે ચહલ પહલ મચી ગઈ છે. નડિયાદ સરદાર પ્રતિમા પાસેની સરદાર ભુવન કોમ્પલેક્ષની વર્ષો જૂની ૪૦થી વધુ દુકાનોનો સ્ટેબિલિટી રીપોર્ટ નડિયાદ પાલિકા દ્વારા તાજેતરમાં કરાવાયો હતો. જે રીપોર્ટ નેગેટિવ(પુવર એટલે જર્જરિત) આવ્યો છે અને દુકાનોના સ્લેબની સ્ટેબિલિટી ન હોય દુકાનોની સ્ટેબિલિટી ચેક કરવાનું મહત્ત્વ રહેતુ નથી, તેમ નગરપાલિકાએ નોટીસમાં ઉલ્લેખ્યુ છે. જો કે, તેમ છતાં દુકાનોની સ્ટેબિલિટી ચકાસતા સુપર સ્ટ્રક્ચર પણ નબળુ જણાઈ આવ્યુ છે. જેથી આ વિગતો ધ્યાને લઈ નડિયાદ નગરપાલિકાની ટીમ દ્વારા અગાઉની નોટીસો ટાંકી અને નગરપાલિકાની સામાન્ય સભાનો ઠરાવ પણ જોડી સમગ્ર બાબતે ૪૬ દુકાનદારોને રજિસ્ટર એડીથી ૧૫ દિવસમાં દુકાનો ખાલી કરી નગરપાલિકાને સોંપી દેવા જણાવાયુ છે.જો દુકાનદારો નગરપાલિકાને કબ્જો નહીં સોંપે તો નગરપાલિકા આ દુકાનોનો કબજો મેળવી લેશે અને કોઈ પણ જાનહાનિ થાય તો તેની જવાબદારી દુકાનના ભાડુઆતોની રહેશે, તેમ સ્પષ્ટ આ નોટીસમાં જણાવ્યુ છે. નગરપાલિકાના આ નિર્ણયના પગલે હવે આ ૪૦ દુકાનદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. નડિયાદ પાલિકાના ચીફ ઓફિસરને આ મામલો પૂછતા તેમને જણાવ્યું હતું કે નડિયાદ પાલિકા દ્વારા તાજેતરમાં સ્લેબની સ્ટેબિલિટીનો રિપોર્ટ કરાવાયો હતો. જે રિપોર્ટ નેગેટિવ (પુવર એટલે જર્જરિત) આવ્યો છે અને દુકાનોના સ્લેબની સ્ટેબિલિટી ન હોય દુકાનો ખાલી કરવા માટે નોટિસ આપી છે.

# સુરેન્દ્રનગરમાં માતા-પુત્ર અને પત્નીએ મહિલા પર જીવલેણ હુમલો કર્યો



સુરેન્દ્રનગર, તા.૨૯

સુરેન્દ્રનગરના ફીરદોષ સોસાયટી પાસે ભીમરાવ સોસાયટીના રહીશ ગીતાબેન રાઠોડે સિટી એ ડિવિઝન પોલીસ મથકે માર માર્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ એકલા રહી ઘર કામ કરે છે. ૨૭-૧૧-૨૦૨૪ના રોજ તેઓ ઘરે કામ કરતા હતા ત્યારે પડોશમાં રહેતા સુરેશભાઇ રાયસંગભાઇ સુરેલા લાકડી લઇ આવી ઘરનો દરવાજો ખખડાવ્યો હતો. જેથી મહિલા બહાર આવતા સુરેશભાઇ ઘરમાં આવી ગાળો આપવા લાગ્યા અને જાતિ અંગે અપમાન કરી અને પડોશમાં રહેતા છોકરા પર લેમ્પ લઇ ગયા બાબતની ફરિયાદ કરી હતી તેમ કહી ઝઘડો કરવા લાગ્યા હતા. આથી ગીતાબેને ના પાડતા સુરેશભાઇએ માથે લાકડી મારી હતી. દરમિયાન સુરેશભાઇના બા શાંતાબેન, પત્ની જ્યોત્સનાબેન પણ આવી જઇ લાકડી મારી હતી. સુરેશભાઇએ છરીથી મહિલા પર હુમલો કરતા માથે વાગ્યું હતું. લોકો ભેગા થઇ જતા મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. મહિલાને ગાંધી હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવાયા હતા.

### ગેરકાયદે વૃદ્ધાશ્રમનાં બાંધકામને પણ દૂર કરાયું

# તાલાલાના બોરવાવ ગામે ૧૫૦ હેક્ટર ગૌચર-સરકારી જમીન ખુલ્લી કરાઈ

પ્રભાસપાટણ, તા.૨૯

જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા આજરોજ તાલાલા તાલુકાના બોરવાવ ગામે આશરે ૧૫૦ હેક્ટર ગૌચર અને સરકારી પડતર જમીન ખુલ્લી કરાવવા કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પડતર જમીનની અંદર ૧૩૦ જેટલા આસામીઓ દ્વારા અનઅધિકૃત રીતે દબાણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટરની હાજરીમાં જ તબેલાની ભેંસોને ગૌચરમાં દબાણ કરી બેસેલા ખેતરમાં ખૂલ્લી છોડી દેવામાં આવી હતી. તદુપરાંત, કલેક્ટર દ્વારા હિરણ નદીના કિનારે ચેકડેમ પાસે બિન નંબરી સરકારી સર્વે નંબરમાં વૃદ્ધાશ્રમના નામે બિનઅધિકૃત રીતે બનાવેલ બાંધકામને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ માટે કલેક્ટરની સૂચના અનુસાર પાંચ ટીમોનું આયોજન કરી રેવન્યૂ વિભાગ મામલતદાર તાલુકા વિકાસ અધિકારી, એસીએફ ફોરેસ્ટ, પોલીસ વિભાગ, પીજીવીસીએલ તમામ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ-કર્મચારીઓના સંકલનથી દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### ચાંદીની લકી ન આપતા લીધો જીવ

# સુરતના લૂંટના મુદ્દામાલની ભાગ બટાઈમાં બે ભાઈઓએ યુવકની હત્યા કરી

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૨૯

સુરત કામરેજના ઉધોગ અને ઉંભેળથી રીક્ષામાં પેસેન્જર બેસાડી મોબાઇલ લૂંટી લેવામાં આવતાં હતાં. પકડાયેલા અન્ય પૈકી વોન્ટેડ આરોપી અને અમરોલીના કોસાડ આવાસ ખાતે રહેતા રાહુલ ઉગરેજીયાની લાશ લાડવી ગામની સીમમાંથી મળી આવી હતી. બાદમાં મુદ્દામાલની ભાગબટાઈમાં હત્યા થઈ હતી. જેમાં આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ મોબાઈલ ચોરી વાળી રિક્ષા ગેંગ દ્વારા કોસમાડી નજીક રોડ પર ઉભેલા કામરેજના એકટીવા સવાર તેમજ તેના મિત્ર સહિત ત્રણ મોબાઈલ અને ચાંદીની લકીની લૂંટમાં મૃતક રાહુલ ઉગરેજીયા સામેલ હતો. જે લૂંટનો ભોગ બનેલ બાઈક સવારે કલ્પેશ વાઘેલા, રોહિત ઉગરેજીયા, રાહુલ ઉગરેજીયા, દેવો તેમજ સુજલ સામે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.લૂંટી લીધેલી ચાંદીની લકી વાળી ઘટનામાં રોહિતનો ભાઈ રવી સામેલ ના હોવા છતાં તેને લૂંટ વાળું લકી પસંદ આવી જતા રાહુલ પાસે માંગતા રાહુલે આપવાની ના પાડી દીધી હતી. બોલાચાલી બાદ રાહુલે રોહિતને ઘા મારી દેતા ગુસ્સામાં આવેલા તેના ભાઈ રવિએ ચપ્પુનો એક ઘા રાહુલને મારી દીધો હતો. ત્યારે રોહિતે તેના ભાઈ રવી પાસેથી ચપ્પુ લઈ ભાગેલા રાહુલને પાછળના ભાગે ઘા મારી ભાગી ગયા હતા. ચપ્પુના ઘાથી ઈજાગ્રસ્ત રાહુલ ઉગરેજીયાનું મોત થતાં ઘટના સ્થળે શોધખોળ બાદ તેના પરિવારને લાશ લાડવીની સીમમાંથી મળી આવી હતી. કામરેજ પોલીસે અમરોલીના કોસાડ આવાસ ખાતે રહેતા રવી કિરણભાઈ ઉગરેજીયા અને રોહિત કિરણભાઈ ઉગરેજીયા સહિત બંને ભાઈની અટક કરી હતી.

# હાડગુડ ગામે રૂા. ૪૫ લાખના ખર્ચે નિર્માણ થનાર પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત

આણંદ, તા.૨૯

આણંદ નજીકના હાડગુડ ગામ ખાતે રૂપિયા ૪૫ લાખના ખર્ચે નવીન આયુષ્માન આરોગ્ય મંદિર પેટા કેન્દ્ર હાડગુડનું આજે વિધિવત રીતે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. હાડગુડ ગામ અને આસપાસના લોકોને સરકારની યોજનાઓનો લાભ મળી રહે તે માટે આયુષ્માન આરોગ્ય મંદિર (પેટા આરોગ્ય કેંદ્ર)નું ભૂમિ પૂજન કરાયું. આ પેટા આરોગ્ય કેન્દ્રનું ખાત મહુર્ત કરતા આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ હસમુખભાઈ પટેલ એ પોતાના મત વિસ્તારમાં થયેલા વિકાસ અંગે ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેન જયંતસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત સભ્ય ખલીલ સૈયદ, તાલુકા પંચાયત સભ્ય રંજનબેન શૈલેષભાઈ પરમાર, તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો.કે.ડી. પાઠક, તેમજ ગામના સરપંચ અને ડેપ્યુટી સરપંચ રાજેશભાઇ રબારી અને સ્થાનિક આગેવાનો, તાલુકા હેલ્થ સુપર વાઈઝર, હાડગુડ પ્રા. આરોગ્ય કેન્દ્ર સ્ટાફ હાજર રહ્યો હતો.

### ક્ષત્રિય ઠાકોર સમાજની અરવલ્લી કલેક્ટરને રજૂઆત

# રાજકીય કિન્નાખોરી રાખી બી.ઝેડ. ગ્રુપના સંચાલક સામે કાર્યવાહી કરાઈ



મોડાસા, તા.૨૯

કરોડોનું ફુલેકું ફેરવવાના કેસમાં સંડોવાયેલ બી.ઝેડ. ગ્રુપના સંચાલક ભૂપેન્દ્રસિંહ ઝાલા સામે રાજકીય કિન્નાખોરી અને તેમની કારકિર્દી ખતમ કરવાનો કારસો રચાતો હોવાનું જણાવી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ક્ષત્રિય-ઠાકોર સમાજે અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી તટસ્થ અને ન્યાયી તપાસ કરવા માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, હાલમાં ચાલી રહેલ બી.ઝેડ. ગ્રુપના સંચાલક ભૂપેન્દ્રસિંહ ઝાલાની વિવિધ ઓફિસ અને મોલમાં દરોડા પાડ્યા અને મુદ્દામાલ જપ્ત કર્યો. ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે નનામી અરજી પર મોટી કાર્યવાહી કરીને ૭ જેટલા એજન્ટોની ધરપકડ પણ કરી છે. તેઓના ઘરેથી કાર પણ જપ્ત કરવામાં આવી ત્યારે ક્ષત્રિય ઠાકોર સમાજના ભૂપેન્દ્રસિંહ ઝાલા ૨૦૧૬થી બી.ઝેડ ફાઈનાન્સ ચલાવતા હતા. તે દરમ્યાન સરકારના કે તંત્રના કોઈ અધિકારીએ તેમની ઓફિસ સુધી જવા તસ્દી લીધી ન હોય અને અચાનક રાજકારણના ઈશારે અને હિંમતનગરના રાજકીય આગેવાનને ભૂપેન્દ્રસિંહ ઝાલા કણાની જેમ ખૂંચતા હતા એટલે રાજકીય કિન્નાખોરી રાખી સરકારી તંત્રનો ઉપયોગ કરી અમારા ક્ષત્રિય ઠાકોર સમાજના ઉત્થાન માટે ઘણા સેવા કાર્યો કરનાર ભૂપેન્દ્રસિંહ ઝાલાની કારકિર્દી ખતર કરવાનો કારસો રચવામાં આવ્યો છે. ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ક્ષત્રિય ઠાકોર સમાજની સરકારને ભલામણ છે કે તટસ્થ, ન્યાયિક, સત્ય તપાસ થાય અને રાજકીય કિન્નાખોરી રાખનાર હિંમતનગરના નામી નેતાના ઈશારે સરકારી મશીનરી કામગીરી ન કરે તેવી સમાજની અપીલ છે.

# હેરી બ્રુકે ૯૬ વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરી

### સૌથી ઝડપી બે હજાર રન બનાવનાર સંયુક્તરૂપથી ઈંગ્લિશ બેટ્સમેન બન્યો

ક્રાઈસ્ટચર્ચ, તા.૨૯

ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ઈંગ્લેન્ડના બેટસમેન હેરી બ્રુકે ધમાકેદાર બેટિંગ કરી ક્રાઈસ્ટચર્ચના હેંગલે ઓવલમાં રમાઈ રહેલી મેચમાં પાંચમા નંબરે બેટિંગ કરવા આવેલો હેરી બ્રુક દિવસના અંતે ૧૩૨ રન બનાવી રમી રહ્યો હતો. ૨૦૨૨માં ટેસ્ટ ડેબ્યુ કરનાર ૨૫ વર્ષીય બેટસમેન અત્યારસુધી ક્રીઝ પર ૧૬૩ બોલનો સામનો કરતા ૧૦ ચોગ્ગા અને બે સિક્સર ફટકારી છે. શુક્રવારે ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ દરમ્યાન ૬૯ રનના આંકડાને પાર કરતા બ્રુકે ટેસ્ટ ક્રિકેટમાં બે હજાર રન પૂરા કરી લીધા અને આવું કરીને તેણે ૯૬ વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. બ્રુક ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી બે હજાર રન બનાવનાર સંયુક્તારૂપથી ઈંગ્લેન્ડનો બેટસમેન બની ગયો છે. તેણે આ સિદ્ધિ પોતાની ૨૨મી ટેસ્ટમાં પ્રાપ્ત કરી છે. ઈંગ્લેન્ડ માટે ૫૪ ટેસ્ટ મેચ રમનાર હરબર્ટ સ્ટક્લિફે ૨૨ મેચોમાં બે હજાર રન પૂરા કર્યા હતા. તેમણે જુલાઈ ૧૯૨૮માં માન્ચેસ્ટરમાં વેસ્ટઈન્ડિઝ વિરૂદ્ધ રમાયેલી મેચમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. પૂર્વ કતાન કેવિન પીટરસને પણ ઈંગ્લેન્ડ માટે ૨૨ ટેસ્ટમાં બે હજાર રન પૂરા કર્યા હતા. જો કે ઈનિંગના મામલામાં પીટરસન ત્રીજા સ્થાને છે. સ્ટક્લિફને બે હજારનો આંકડો પાર કરવામાં ૩૩ ઈનિંગની જરૂર પડી હતી. જ્યારે બ્રુકની આ ૩૩મી ટેસ્ટ ઈનિંગ છે.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **દૂધાવાલા હનીફા ઈકયુબાલ** હતું તે બદલીને નવું નામ **દૂધવાલા હનીફા ઈકબાલ** કરેલ છે. જેની નોંધ લેવી.

સરનામું : ૪૧૩/ દૂધવાળી સ્ટ્રીટ મુ.પો.વરેડીઆ તા.જિ. ભરૂચ-૩૯૨૨૧૦

# બાંગ્લાદેશની પરિસ્થિતિ અંગે મમતાએ કહ્યું, બીજા દેશની બાબતોમાં હું દખલગીરી કરી ન શકું, કેન્દ્રના વલણને અમે અનુસરીશું

**વિધાનસભામાં બોલતા મુખ્યમંત્રીએ કહ્યું કે, આ મુદ્દા અંગે આગળ વધવાનું કામ કેન્દ્ર સરકારનું છે અને રાજ્ય સરકાર કેન્દ્રના નિર્ણયને માન્ય રાખવા બંધાયેલી છે**

(એજન્સી) કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ બાંગ્લાદેશમાં પ્રવર્તી રહેલી પરિસ્થિતિ અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી પરંતુ સાથે સાથે સ્પષ્ટતા કરી હતી કે હું બીજા દેશની બાબતમાં દખલગીરી કરી ન શકું.

વિધાનસભામાં બોલતા મુખ્યમંત્રી મમતાએ સ્પષ્ટતા કરી હતી કે આ મુદ્દો કેન્દ્ર સરકારનો છે અને એમણે હાથ પર લેવાનું રહે છે રાજ્ય સરકાર કેન્દ્રના નિર્ણયને માન્ય રાખવા બંધાયેલી છે. બાંગ્લાદેશ એક જુદો દેશ છે અને ભારત સરકાર એ પરિસ્થિતિ અંગે પગલાં લેશે પણ અમારા એટલે કે રાજ્ય સરકારના અધિકાર ક્ષેત્રની વાત નથી. આપણને એ વિશે ચર્ચા કરવાની કે દખલગીરી કરવાની સત્તા નથી. ત્યાંની સ્થિતિને કારણે અંદરથી દુઃખ તો થાય છે પરંતુ કેન્દ્રની નીતિઓને આપણે અનુસરવું પડે. તેમણે ગૃહોમાં માહિતી આપી હતી કે મેં ઈસ્કોનના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરી છે.



# કોલકાતામાં વક્ફ સુધારા ખરડા સામે દેખાવો અને આંદોલન ચાલુ, મમતાએ રાજ્યોની સલાહ લીધા વિના ખરડો લાવવા બદલ કેન્દ્રની ટીકા કરી

**મમતાએ જણાવ્યું હતું કે, વકફની માલમિલકતો સુધારા અને વિકાસની પ્રવૃત્તિઓ માટે મહત્ત્વપૂર્ણ યોગદાન રૂપ છે તો શું હવે એમને બુલડોઝરનો સામનો કરવો પડશે, એવો મુખ્યમંત્રીએ સવાલ કર્યો**

(એજન્સી) કોલકાતા, તા.૨૯

કોલકાતામાં વકફ સુધારા ખરડા સામે શરૂ થયેલું આંદોલન ચાલુ રહ્યું છે. પશ્ચિમ બંગાળ જમિયત ઉલેમા સંગઠન દ્વારા ગુરૂવારે પણ કોલકાતામાં વિશાળ વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. એસપ્લાનડેડ વિસ્તારમાં રેલી યોજાઈ હતી જેમાં જમિયતના નેતા અને મમતા સરકારના મંત્રી સિદ્ધિ કુલ્લા ચૌધરી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આસપાસના જિલ્લાઓના મુસ્લિમો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પછી મંગળ સરકારના માસ એજ્યુકેશન એક્સટેન્શન એન્ડ લાઈબ્રેરી સર્વિસ મંત્રી એસ. ચૌધરીએ પણ વક્તવ્ય આપ્યું હતું અને તેમણે આ ખરડાને દેશભરની વકફ સંપત્તિઓ પર કબજો જમાવી દેવાના ભાજપ સરકારના કાવતરા સમાન ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે મુસ્લિમ વકફ મિલકતોમાં મસ્જિદો છે મદ્રેસા છે તથા હોસ્પિટલો આવેલા છે. આ ખરડો મુસ્લિમોના મૂળભૂત બંધારણીય અધિકારો પર તરાપ સમાન છે. તેમણે જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકાર બળજબરીથી ખરડો પસાર કરાવશે તો અમે મોતનો ડર રાખ્યા વિના ખરડા પાછળની સચ્ચાઈને જાહેર કરીશું. ૭૫ વર્ષના મંત્રી ચૌધરીએ તેમના ભાષણ દરમિયાન આ વાક્ય કહેતા જ ગગન ભેદી હર્ષનાદો થયા હતા અને તાળીઓથી એમને



વધાવી લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ રાજકીય રમત રમવાનો સમય નથી અને પક્ષાપક્ષીનો સમય નથી. આ તો કરેંગે યા મરેંગે જેવી પરિસ્થિતિ છે. આપણા અસ્તિત્વની લડાઈ છે અને આપણી મિલકતોના રક્ષણ માટેની લડાઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે વકફનો મામલો એ રાજકીય મુદ્દો નથી પણ અમારી આસ્થા અને શ્રદ્ધાનો અતૂટ હિસ્સો છે. દેશમાં ઘણી મસ્જિદો એવી છે જેમની પાસે ખૂબ જ મિલકતો છે તો તમે એ મિલકતો પર દાવો કરનારા કોણ ?

# વકફ સુધારા ખરડા અંગે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારના વલણની ટીકા કરતાં રાબડી દેવી

**રાબડી દેવીએ કહ્યું કે, આ મુદ્દા પર નીતિશકુમારનું વલણ બિલકુલ સ્પષ્ટ ન હોવાથી એવું લાગે છે કે તેઓ બંને પક્ષને રાજી રાખવાના પ્રયાસો કરી રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડીદેવીએ વકફ સુધારા ખરડા પરના મુખ્યમંત્રી નીતિશકુમારના અસ્પષ્ટ વલણની ટીકા કરી હતી. રાબડી દેવીએ જણાવ્યું હતું કે આ સુધારા ખરડા અંગે નીતિશકુમારે એમનું વલણ સ્પષ્ટ કર્યું નથી એટલે એવું લાગે છે કે તેઓ બંને પક્ષોને રાજી રાખવાનો પ્રયાસો કરી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે નીતિશકુમાર ખરડા અંગે અત્યાર સુધી મૌન રહ્યા છે એટલે તેનો અર્થ એવો થાય કે તેઓ તેનો વિરોધ કરે છે છતાં એમના પક્ષના સભ્યો સુધારા ખરડાને ટેકો આપતા નિવેદનો કરે છે અને આના પરથી એવું લાગે છે કે જનતા દળ(યુ) અને બિહારના મુખ્યમંત્રીના આ મુદ્દા પરના અભિગમ વચ્ચે મોટો તફાવત છે અને વિરોધાભાસ છે. આ બિલની વિચારણા કરવા માટે પટણામાં





લઘુમતી સમાજ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં હાજરી ન આપવા બદલ અંગે તેમણે ઘેરી નિરાશા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે એમની હાજરીથી મહત્વના મુદ્દાઓ ઉપર પ્રકાશ ફેંકી શકાયા હોત. રાબડી દેવીએ કેન્દ્રને પણ આડે હાથ લીધું હતું અને ટકોર કરી હતી કે આ ખરડો લઘુમતી સમાજ અને ખાસ કરીને મુસ્લિમોને નિશાન બનાવવા માટેનો હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે આવો સુધારા ખરડો લાવીને મુસ્લિમ સમાજની મિલકતોને કબજે કરવાના શસ્ત્ર રૂપે તેનો ઉપયોગ કરવાનો કેન્દ્રનો ઈરાદો છે પણ મારો પક્ષ આવા કોઈ પણ પગલાનો સખત અને મજબૂત વિરોધ કરશે એ અમારો નિર્ધાર છે. તેમણે ઝારખંડમાં ઈન્ડિયા બ્લોકની સરકાર રચાઈ એ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે મારા પક્ષનો દેખાવ ઝારખંડમાં વધુ સારો રહ્યો છે અને અમારા ધારાસભ્યની સંખ્યામાં વધારો થયો છે એ તમામ સાથી પક્ષો વચ્ચેની એકતાને કારણે શક્ય બન્યું છે અને પ્રજાનું સમર્થન મળ્યું છે.

# પોર્નોગ્રાફી કેસ : મુંબઈમાં શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા સાથે સંકળાયેલા પરિસર પર EDના દરોડા

(એજન્સી) તા.૨૯

ફેમસ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા ફરી એકવાર મુશ્કેલીમાં છે. શિલ્પા શેટ્ટીને મોટો ઝટકો લાગ્યો છે. EDએ શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની આ કાર્યવાહીથી જુહુમાં શિલ્પા-રાજના ઘર અને ઓફિસમાં ખળભળાટ મચી ગયો છે. પોર્નોગ્રાફીના કેસમાં EDની ટ્રાયલ ચાલી રહી હોવાનું સામે આવ્યું છે. EDએ બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીના પતિ બિઝનેસમેન રાજ કુન્દ્રા સહિત અનેક લોકોના ઘરે સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. આ તપાસ મોબાઈલ એપ દ્વારા પોર્ન કન્ટેન્ટના સર્જન અને સર્ક્યુલેશન સાથે સંબંધિત છે. ઈડીની તપાસ મુંબઈ પોલીસના ૨૦૨૧ના કેસ પર આધારિત છે. શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જુલાઈ ૨૦૨૧માં પણ ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં સિટી કોર્ટે તેને જામીન આપ્યા હતા. કુન્દ્રાએ પોતાના પર લાગેલા તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. કુન્દ્રાની જૂન ૨૦૨૧માં 'અશ્લીલ' ફિલ્મો બનાવવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસ અધિકારીઓએ દાવો કર્યો હતો કે કુન્દ્રા આ કેસમાં મુખ્ય કાવતરાખોર હતો. બે મહિના જેલમાં વિતાવ્યા બાદ તે હાલમાં સપ્ટેમ્બર ૨૦૨૧થી જામીન પર છે. પોલીસનો દાવો છે કે રાજ કુન્દ્રા અને તેની કંપની પોર્ન ફિલ્મો દ્વારા મોટી કમાણી તો કરે જ છે, પરંતુ સાથે સાથે તેમણે દેશના કાયદાને તોડી પાડવા માટે પણ સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાંચના મતે, રાજ વિરૂદ્ધ ફેબ્રુઆરી ૨૦૨૧માં કેસ કરવામાં આવ્યો હતો. રાજે પોર્ન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૮-૧૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. રાજ તથા બ્રિટનમાં રહેતા તેના ભાઈએ કેનરિન નામની કંપની બનાવી હતી. ભારતમાં વીડિયો શૂટ કરીને વી ટ્રાન્સફર (આ એક ફાઈલ ટ્રાન્સફર સર્વિસ)ના



માધ્યમથી કેનરિનને મોકલવામાં આવતો હતો. રાજે આ કંપની બનાવી હતી અને વિદેશમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેથી ભારતના સાયબર લૉથી બચી શકાય. ફેબ્રુઆરી ૨૦૨૧માં, પોલીસે મડ આઈલેન્ડ પર દરોડા પાડ્યા અને પોર્ન રેકેટનો પર્દાફાશ કર્યો. આ કેસમાં ટીવી એક્ટ્રેસ ગેહાના વશિષ્ઠનું નામ સામે આવ્યું છે. રાજ કુન્દ્રાની કંપની વિહાન એન્ટરપ્રાઈઝમાં કામ કરતા ઉમેશ કામત વિશે પોલીસને ગેહના પાસેથી જાણ થઈ હતી. ઉમેશ તમામ વીડિયો રાજ કુન્દ્રાના લંડન સ્થિત સાળા પ્રદીપ બક્ષીને શેરિંગ એપ્લિકેશન દ્વારા મોકલતો હતો. પ્રદીપ કેનરીન કંપનીની એપ પર તમામ વીડિયો અપલોડ કરતો હતો. ઉમેશ રાજની ઓફિસમાંથી જ આ ટ્રાન્સફર કરાવતો હતો. ચાર્જશીટ મુજબ ઉમેશના મોબાઈલમાંથી 'હોટશોટ' એપનું એકાઉન્ટ અને 'હોટશોટ' ટેકન ડાઉન નામના બે વોટ્સએપ ગ્રૂપ મળી આવ્યા હતા. આ બંને જૂથના સંચાલક પણ રાજ હતા.

# PTIનો વિરોધ સમાપ્ત : પરંતુ 'બુશરાના નેતૃત્વ'ને લીધે ઈમરાન ખાનની મુક્તિની આશા જીવંત

**ઈમરાન ખાનની પત્ની બુશરા બીબીની સહભાગિતાએ PTI દ્વારા તાજેતરના વિરોધને સ્પષ્ટ રીતે અલગ સ્વરૂપ આપ્યું છે**

(એજન્સી) તા.૨૯

મંગળવાર, ૨૬ નવેમ્બરની રાત્રે પાકિસ્તાનના પૂર્વ I&B મંત્રી અને ઈમરાન ખાનના પૂર્વ નજીકના સાથી ફવાદ ચૌધરીએ જણાવ્યું હતું કે, વિરોધીઓ ઈસ્લામાબાદના ડી-ચોક પર પહોંચી ગયા છે અને જ્યાં સુધી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)ની માગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી તેઓ ત્યાં છાવણીમાં રહેવાનો ઈરાદો ધરાવે છે. તેના થોડા કલાકો પછી મધ્યરાત્રિની આસપાસ, પાકિસ્તાન પોલીસ અને આર્મી રેન્જર્સે ડી-ચોકમાં દરોડા પાડ્યા અને સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો કે ૭૨ વર્ષીય ખાનને મુક્ત કરવાની માંગ કરવા બદલ ઓછામાં ઓછા ૪૫૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જેઓ ડઝનેક ભ્રષ્ટાચારના આરોપોના સંબંધમાં મે ૨૦૨૩થી જેલમાં બંધ છે.

ઈસ્લામાબાદ સ્થિત પત્રકાર એઝાઝ સૈયદે કહ્યું કે, ડી-ચોક ખાલી કરાવવામાં આવ્યો છે અને પોલીસ અને રેન્જર્સે સમગ્ર વિસ્તારનો કબજો મેળવી લીધો છે. PTIએ તેમના અધિકૃત એક્સ હેન્ડલ પર કહ્યું કે, કાયદા અમલીકરણ દ્વારા કરાયેલી કાર્યવાહી વડાપ્રધાન શેહબાઝ શરીફની આગેવાની હેઠળના ક્રૂર, ફાસીવાદી લશ્કરી શાસન દ્વારા નરસંહાર કરતાં ઓછી નથી. તેઓએ એવો પણ દાવો કર્યો હતો કે, શક્ય તેટલા લોકોને મારવાના ઉદ્દેશ્યથી સુરક્ષા દળોએ કથિત રીતે જીવંત રાઉન્ડ ફાયર કર્યા પછી પક્ષના ઓછામાં ઓછા આઠ કાર્યકરો માર્યા ગયા અને ડઝનેક વધુ ઘાયલ થયા હતા. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાનમાં હત્યાકાંડ પછી પાકિસ્તાન તેની સૌથી અંધકારમય ઘડી અનુભવી રહ્યું છે.

લશ્કરી કાર્યવાહી બાદ PTIએ બુધવારે વહેલી સવારે કહ્યું હતું કે, તેઓ હાલમાં વિરોધ પ્રદર્શનને બંધ કરી રહ્યા છે. સરકારની નિર્દયતા અને નિઃશસ્ત્ર નાગરિકો માટે રાજધાનીને કતલખાનામાં ફેરવવાની સરકારની યોજનાને ધ્યાનમાં રાખીને, અમે શાંતિપૂર્ણ વિરોધને તે સમય માટે સ્થગિત કરવાની જાહેરાત કરીએ છીએ, ભવિષ્યમાં ઈમરાન ખાનના આદેશ પર આંદોલનનો માર્ગ નક્કી કરવામાં આવશે.

નજીકના ભવિષ્યમાં વિરોધ ફરી શરૂ થશે કે કેમ તે જોવાનું છે, ત્યારે એ હકીકતને નકારી શકાય નહીં કે તાજેતરના PTIની કૂચમાં રાવલપિંડીની અદિયાલા જેલમાંથી ઈમરાન ખાનની મુક્તિની માગણી કરતા અગાઉના આવા આંદોલનોની તુલનામાં નોંધપાત્ર તફાવત છે.

ફવાદ ચૌધરીએ કહ્યું કે, આ વિરોધ ચોક્કસપણે અલગ છે; જ્યારે અગાઉ વિરોધ પ્રદર્શનો થતાં હતા, ત્યારે દેશના તમામ ભાગોમાંથી PTIના કાર્યકરો ડી-ચોક પર ભેગા થાય તે પહેલા જ તેઓને કચડી નાખવામાં આવ્યા હતા. પરંતુ આ વખતે લોકો મોટી સંખ્યામાં ઈસ્લામાબાદ પહોંચવામાં સફળ થયા છે. સોમવાર, ૨૫ નવેમ્બરના રોજ શરૂ થયેલા





આંદોલનો વચ્ચે ઓછામાં ઓછા છ સુરક્ષાકર્મીઓના કથિત રીતે મોત થયા હોવાનું કહેવાય છે. રાજ્ય સંચાલિત મીડિયા અનુસાર સરકારે સૈન્ય તૈનાત કર્યા છે અને 'શૂટ એટ સાઈટ' આદેશો જારી કર્યા છે.

પાકિસ્તાન સ્થિત પત્રકાર કુંવર ખુલદુને શાહિદે જણાવ્યું હતું કે, પાકિસ્તાની રાજ્ય અને મીડિયાનું સત્તાવાર વર્ણન એ છે કે, PTIના વિરોધ વચ્ચે છ લોકો માર્યા ગયા છે, પરંતુ આ દાવાને નકારી કાઢવામાં આવ્યો છે. રાજ્યનું પહેલું પગલું ગોળી મારવાના આદેશો આપવાનું હતું, જે પહેલેથી જ ખૂબ જ આત્યંતિક છે. લોકતાંત્રિક રાજ્યમાં વિરોધ એ દરેક નાગરિકનો અધિકાર છે, સરકાર તેમને તે અધિકાર કેવી રીતે નકારી શકે?

આ વિરોધનું બીજું કારણ એ છે કે, પ્રથમ વખત તેઓ ખાનની બહેન અલીમા ખાન અને તેમની પત્ની બુશરા બીબી દ્વારા નેતૃત્વ કરવામાં આવી રહ્યું છે, જેમણે સોમવારે ખૈબર પખ્તુનખ્વાના મુખ્યપ્રધાન અલી અમીન ગાંડાપુર સાથે પાકિસ્તાનની રાજધાની તરફ કૂચની શરૂઆત કરી હતી. પાકિસ્તાનમાં ઘણી વખત બન્યું છે તેમ જ્યારે મોટા પાયે રાજકીય નેતાઓને કેદ કરવામાં આવે છે, ત્યારે તેમના પરિવારની મહિલાઓ રાજકીય મેદાનમાં ઉતરે છે.

**કૂચ શરૂ કરતા પહેલા બીબીએ કહ્યું હતું કે, ત્રણ મુખ્ય માગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી આ ચાલુ રહેશે :**

- ઈમરાન ખાન અને અન્ય રાજકીય કેદીઓની મુક્તિ, જેમાંથી ઘણા અન્ડરટ્રાયલ છે.
- ૮ ફેબ્રુઆરીના પાકિસ્તાનના ચૂંટણી પરિણામને રદબાતલ ઝેર કરવા. PTIએ દાવો કર્યો છે કે, શેહબાઝ શરીફની આગેવાની હેઠળના છ-પક્ષીય જોડાણની તરફેણમાં ગેરીરીતિ કરવામાં આવી હતી.
- ૨૬મો સુધારો રદ કરવો, જે પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ માટે ત્રણ વર્ષની નિશ્ચિત મુદ્દત નક્કી કરીને પાકિસ્તાનના ન્યાયિક માળખાને સંપૂર્ણપણે બદલી નાંખે છે, જે નવા કાયદા મુજબ હવે સંસદીય પેનલ દ્વારા નિયુક્ત કરવામાં આવશે.

વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરવાના બુશરા બીબીના નિર્ણયથી PTIના સભ્યોમાં નવેસરથી ઉત્સાહ આવ્યો તે અંગે ફવાદ ચૌધરીએ કહ્યું કે, આપણા ઉપખંડનો ઈતિહાસ આપણને શીખવે છે કે, જ્યારે રાજકારણીઓના પરિવારના સભ્યો તેમને જેલમાંથી મુક્ત કરાવવા માટે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરે છે, ત્યારે સમર્થકો અવિશ્વસનીય ઉત્સાહ સાથે તે વિરોધ પ્રદર્શનોમાં ભાગ લે છે. જ્યારે જવાહરલાલ નહેરૂની ૧૯૩૯માં ધરપકડ કરવામાં આવી ત્યારે તેમની પત્ની કમલા નહેરૂએ આંદોલનનું નેતૃત્વ કર્યું હતું. તે જ રીતે જ્યારે ઝુલ્ફીકાર અલી ભુટ્ટો ૧૯૭૭માં જેલમાં હતા ત્યારે તે તેમની પત્ની નુસરતે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું અને ૧૯૯૯માં નવાઝ શરીફની જેલવાસ સાથે પણ આવું જ થયું હતું.

પાકિસ્તાનના ગૃહપ્રધાન મોહસિન નકવી બુધવારે સવારે ડી-ચોક પહોંચ્યા અને મીડિયાને જણાવ્યું કે, બુશરા બીબી સુરક્ષા કાર્યવાહી બાદ આ વિસ્તારમાંથી ભાગી ગઈ છે. નકવીએ કહ્યું કે, આ ક્ષેત્રમાં વહેલામાં વહેલી તકે મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ પુનઃ સ્થાપિત કરવાની છે. પાકિસ્તાનના માહિતી પ્રધાન અત્તા તરારે જણાવ્યું હતું કે, ઈસ્લામાબાદમાં વ્યૂહાત્મક રેડ ઝોનમાં પ્રવેશવાની અને પાકિસ્તાનની સંસદ અને અન્ય સરકારી ઈમારતો પર હુમલો કરવાની PTIની યોજનાઓની વિગતો આપતા દસ્તાવેજો કથિત રીતે મળી આવ્યા પછી આ ક્રેકડાઉન શરૂ કરવામાં આવ્યું હતું.

હાઈકોર્ટના ચુકાદા છતાં PTIએ સોમવારે ઈસ્લામાબાદ તરફ તેમની કૂચ શરૂ કરી હતી. કોર્ટે શરીફ સરકારને રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તમામ જરૂરી પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો છે. કુંવર ખુલદુને શાહિદે ધ ક્વિન્ટને કહ્યું કે, આ પ્રતિરોધ શરૂઆતમાં ઓકટોબરમાં થવાનું હતું, પરંતુ તેને આગળ વધવાની મંજૂરી આપવામાં આવી ન હતી કારણ કે, તે સમયે પાકિસ્તાન SCO સમિટનું આયોજન કરી રહ્યું હતું. હવે કોર્ટે કૂચ માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો છે કારણ કે, બેલારૂસિયન નેતા ઈસ્લામાબાદમાં છે.

# ઝારખંડ ચૂંટણી : ભાજપ સાથે સંલગ્ન ફેસબૂક પેજ પર ECIના મૌન સમયગાળાના નિયમનો ભંગ કર્યો હતો

**કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન પણ આવું સમાન ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું અને ભાજપનું પ્રોક્સી પેજ ચૂંટણીના દિવસે જ રાજકીય જાહેરાતો ચલાવતું હતું**

(એજન્સી) તા.૨૯

તાજેતરમાં સમાપ્ત થયેલ ઝારખંડ વિધાનસભાની ચૂંટણીએ ફરી એકવાર ચૂંટણીના નિયમોને અસરકારક રીતે લાગુ કરવામાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મની અસમર્થતાને પ્રકાશિત કરી છે. ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકા હોવા છતાં ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા અંગે ચિંતા ઊભી કરતાં ઉલ્લંઘનો થતાં રહે છે. આ ઉમેદવારો, રાજકીય પક્ષો અને મેટા જેવા પ્લેટફોર્મ દ્વારા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવાના પડકારને દર્શાવે છે. જનપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૬(૧)(બી) મુજબ ફરજિયાત 'મૌન સમયગાળો' મતદાનના સમાપનના ૪૮ કલાક પહેલા શરૂ થાય છે. આ સમયગાળો મતદારોને અનુચિત પ્રભાવ વિના નિર્ણયો લેવા માટે જાહેરાતો સહિત કોઈપણ પ્રકારના પ્રચારને પ્રતિબંધિત કરે છે. ECIએ આ જોગવાઈના મહત્ત્વ પર સતત ભાર મૂક્યો છે અને આદર્શ આચારસંહિતાનું પાલન સુનિશ્ચિત કરવા માટે રાજકીય પક્ષો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માટે માર્ગદર્શિકા જારી કરી છે.

ઝારખંડ વિધાનસભાની ચૂંટણી ૧૩ નવેમ્બર અને ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ બે તબક્કામાં હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી પહેલા ૯ નવેમ્બરના રોજ ECIએ મૌન સમયગાળા દરમિયાન મીડિયા કવરેજ અંગે ચોક્કસ સૂચનાઓ જારી કરી હતી, જેમાં ટેલિવિઝન અને આ નિર્ણાયક સમયમર્યાદા દરમિયાન સોશિયલ મીડિયા જેવા પ્લેટફોર્મ પર ચૂંટણી સંબંધિત સામગ્રી પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂક્યો હતો. આ નિર્દેશો હોવા છતાં આ મૌન સમયગાળા દરમિયાન ભાજપના ઉમેદવારો અને પ્રોક્સી પૃષ્ઠો સાથે સીધા જોડાયેલા કેટલાક ફેસબૂક પૃષ્ઠો ચૂંટણી જાહેરાતો કરતાં જોવા મળ્યા હતા. ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતદાનના અંતિમ તબક્કાના એક દિવસ પહેલા Alt Newsએ આ નિયમોના ઉલ્લંઘન



બદલ આવા સાત પૃષ્ઠો મેટાને ફ્લેગ કર્યા હતા. તેમાં ભાજપના વ્યક્તિગત નેતાઓ, પ્રોક્સી જૂથો અને ન્યુઝ પોર્ટલ માટેના પ્રચાર પૃષ્ઠોનો સમાવેશ થાય છે.

**ECI માર્ગદર્શિકાનો ભંગ કરવા માટે નીચેના પૃષ્ઠોની ઓળખ કરવામાં આવી હતી :**

૧. રાજધર્મ, ૨. માધુપુર માંગે ગંગા નારાયણ સિંહ, ૩. જર્મુંડી માંગે દેવેન્દ્ર કુંવર, ૪. જામા કા ભરોસા સુરેશ મુર્મુ, ૫. શિકારીપરા માંગે પરિતોષ સોરેન, ૬. એક અકેલા સબ પર ભારી, ૭. ઝારખંડ ચૌપાલ.

મેટાને આ ઉલ્લંઘનો વિશે ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ અત્યાર સુધીમાં કોઈ સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી. Alt News દ્વારા આપવામાં આવેલી ચેતવણી બાદ ઝારખંડ ચૌપાલ અને એક અકેલા સબ પર ભારી જેવા પ્રોક્સી પેજ પરની કેટલીક રાજકીય જાહેરાતો સ્થાનિક રીતે દૂર કરવામાં આવી હતી. આ પૃષ્ઠો ઝારખંડની ચૂંટણી દરમિયાન જાહેરાતો પર સૌથી વધુ ખર્ચ કરનારાઓમાં સામેલ હતા.

વધુમાં અન્ય પૃષ્ઠોમાંથી પાંચ હવે ફેસબૂક પર એક્સેસિબલ નથી. જો કે, શું મેટાએ તેમને નીતિઓના ઉલ્લંઘન માટે દૂર કર્યા છે અથવા તે તેમના સંચાલકો દ્વારા સ્વૈચ્છિક રીતે નિષ્ક્રિય કરવામાં આવ્યા છે.

આ કોઈ અલગ ઘટના નથી. કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન સમાન ઉલ્લંઘનની જાણ કરવામાં આવી હતી, જ્યાં ભાજપ પ્રોક્સી પેજ ચૂંટણીના દિવસે જ રાજકીય જાહેરાતો ચલાવતું હતું. મેટાએ તે કિસ્સામાં ઝડપી પગલાં લીધા અને જાહેરાતો દૂર કરી અને તે જ દિવસે તે પૃષ્ઠને કાઢી નાંખ્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન પણ આવા ઉલ્લંઘનો નોંધાયા હતા, જેમાં મૌન સમયગાળા દરમિયાન ભાજપ સાથે જોડાયેલા ફેસબૂક પેજ પર જાહેરાતો ચાલી હતી.

આ ઉલ્લંઘનોની પુનરાવર્તિત પ્રકૃતિ ECIની માર્ગદર્શિકાની બિનઅસરકારકતા અને નિયમોનું પાલન કરવામાં ઉમેદવારો, રાજકીય પક્ષો અને પ્લેટફોર્મની અનિચ્છા દર્શાવે છે. ભારતમાં અખબારો, ટેલિવિઝન અને રેડિયો જેવા પરંપરાગત માધ્યમોની સાથે ચૂંટણી પર સોશિયલ મીડિયાનો પ્રભાવ નોંધપાત્ર રીતે વધ્યો છે. આ ECI અને Meta જેવા પ્લેટફોર્મ બંને તરફથી તકેદારી અને જવાબદારીની જરૂરિયાતને વધારે છે.

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલના ચર્ચાસ્પદ મામલામાં ચોંકાવનારા ખુલાસા જારી

# PMJAYના સરકારી ડોક્ટર્સની શંકાસ્પદ ભૂમિકાના અહેવાલ : થઈ શકે છે ધરપકડ

## સમગ્ર કાંડનો માસ્ટરમાઈન્ડ આરોપી કાર્તિક કતારમાં છૂપાયો; પોલીસે આરોપી સાથે હોસ્પિટલમાં તપાસ કરી

## PMJAY ઓફિસના કર્મીઓ સહયોગ આપતા ન હોઈ ક્રાઈમ બ્રાન્ચે નોટિસ પાઠવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

ખ્યાતિ હોસ્પિટલના ચર્ચાસ્પદ સારવાર કાંડના નાસતા ફરતા આરોપી એવા માસ્ટરમાઈન્ડ કાર્તિક પટેલ મામલે મોટો ખુલાસો થયો છે. કાર્તિક ન્યૂઝીલેન્ડ છોડીને કતારમાં છુપાયો હોવાની બાતમી સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ છે. PMJAY યોજનાના ડોક્ટરો સાથે કાર્તિક સંપર્ક ધરાવતો હતો જેને લઈને સરકારમાંથી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. આ સાથે ડોક્ટરોને સાચવવા માટે ચિરાગ રાજપૂત મોંઘી ગિફ્ટ અને દારૂ આપતો હતો. જેથી આરોગ્ય વિભાગના ડૉક્ટરો સામે કાર્યવાહી થઈ શકે છે. ખ્યાતિકાંડ મામલે ડોકટરોની ભૂમિકા શંકાસ્પદ જોવા મળી રહી છે. બેદરકારી સાબિત થતા સરકારના PMJAYના ડોક્ટરોની ધરપકડ થઈ શકે છે. ખ્યાતિ હોસ્પિટલના પૂર્વ ડોકટરોની પૂછપરછમાં મોટો ખુલાસો થયો છે. પૂર્વ ૨૪ કર્મચારી પૈકી ૪ કર્મચારીના નિવેદન લેવામાં આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે ખ્યાતિ હોસ્પિટલના ૪ પૂર્વ ડોક્ટરના ૧૬૪ મુજબ નિવેદન લીધા છે. જેમાં સરકારી તબીબોની મદદથી ખોટા ઓપરેશન કર્યો હોવાની વિગતો સામે આવી છે.ધરપકડ કરાયેલ આરોપીના રિમાન્ડ દરમિયાન CEO ચિરાગ રાજપૂતના ઘરે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ પુરાવા એકઠા કરવા પહોંચી. અગાઉ કરેલી તપાસમાં ૫૪ બોટલ દારૂ સહિત ઘણા બધા દસ્તાવેજી પુરાવા મળ્યા હતા. ચિરાગ રાજપૂતે પોતાના ઘરમાં ગુપ્ત જગ્યાએ કોઈ પુરાવા સંતાડ્યા છે કે કેમ તેની પોલીસ દ્વારા તપાસ કરાશે. ખ્યાતિ હોસ્પિટલના CEO ચિરાગ રાજપૂત, રાહુલ જૈન સહિત પાંચ શખ્સોને કાળા બુરખા પહેરાવીને ક્રાઈમ બ્રાન્ચે ખ્યાતિ હોસ્પિટલ પહોંચી હતી. જયાં ક્રાઈમ બ્રાન્ચે નાટકીય ઢબે ડૉક્ટરોને સાથે રાખીને એક કલાક સુધી સર્ચ ઓપરેશન કર્યું હતું. જેમાં ક્રાઈમ બ્રાન્ચે માત્ર બે CPU અને ફાઈલો જપ્ત કરી હતી. બીજી તરફ, PMJAY ઓફિસના અધિકારીથી લઈને કર્મીઓ તપાસમાં સહયોગ પૂરતો આપી રહ્યા નથી અને કેટલીક વિગતો છૂપાવી રહ્યા હોવાથી ક્રાઈમ બ્રાન્ચે BNS ૧૭૫ મુજબ PMJAYની ઓફિસને નોટિસ મોકલી આપી છે. ડૉક્ટર સંજય પટોલિયા અને રાજશ્રી કોઠારીને ઝડપી પાડવા ક્રાઈમ બ્રાન્ચની ત્રણ ટીમોએ અલગ-અલગ શહેરોમાં શોધખોળ હાથધરી છે.

ખ્યાતિ હોસ્પિટલના ચેરમેન કાર્તિક પટેલ, ચિરાગ રાજપૂત, ડૉક્ટર સંજય પટોલિયા, રાજશ્રી કોઠારીએ કરોડો રૂપિયા કમાવવા દર્દીઓના વગર વાંકે હાર્ટના ઓપરેશન કરીને PMJAYમાંથી ૨૫ કરોડથી વધુ રકમ મેળવી હોવાનું ક્રાઈમ બાન્ચની તપાસમાં બહાર આવ્યું છે. જો કે, અગાઉ પણ ડૉક્ટર પ્રશાંતને સાથે રાખીને ક્રાઈમ બ્રાન્ચે સર્ચ ઓપરેશન કર્યું ત્યારે કેમ આ બે CPU સહિતની ફાઈલો કબ્જે ન કરી તેને લઈને અનેક શંકાઓ ઉપજે તેવી કાર્યવાહી થઈ રહી હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. બીજી તરફ, ક્રાઈમ બ્રાન્ચે PMJAYની ઓફિસમાંથી ૧૧ મુદ્દાઓ અંગે માહિતી માગી હતી પરંતુ, PMJAYની ઓફિસના અધિકારીઓથી લઈને કર્મીઓ ક્રાઈમ બ્રાન્ચને તપાસમાં સહયોગ આપતા ન હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. જેને લઈને આ કર્મચારીઓ વગેરેની સંડોવણીની આશંકા પણ સોંપાઈ રહી છે. જેના પગલે ક્રાઈમ બ્રાન્ચે હવે PMJAYના અધિકારીઓથી લઈને કર્મીઓને BNS એક્ટ ૧૭૫ મુજબની નોટીસ પાઠવી હોવાનુ સામે આવ્યું છે. રિમાન્ડ દરમ્યાન ચિરાગ રાજપૂતે ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ તેણે ખ્યાતિ હોસ્પિટલમાં ૧.૨૫ કરોડનું રોકાણ કર્યાનું નિવેદન આપ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખ્યાતિ હોસ્પિટલનો ચેરમેન કાર્તિક પટેલ ૧૯૯૫થી જમીન અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. તે ધીમે ધીમે બ્યૂરોક્રેટ્સ અને રાજકારણીઓના સંપર્કમાં આવવા લાગ્યો અને સમય જતાં આ સંબંધોને કારણે તે જમીનોમાં મોટા પ્રમાણમાં રોકાણ કરવા લાગ્યો. આ બધાની વચ્ચે ૨૦૨૨માં તેનો સંપર્ક ચિરાગ રાજપૂત સાથે થયો. જોકે એ સમયે ચિરાગ રાજપૂત મેડિકલ રિપ્રેઝન્ટેટિવ(MR) હતો. તે મેડિકલ માર્કેટિંગ કરવાની સાથે સાથે હવે એક સ્ટેપ આગળ વધવા માગતો હતો અને તેણે કાર્તિક પટેલ સાથે મળી હોસ્પિટલ ટેકઓવર કરવા યોજના ઘડી કાઢી. કાર્તિક પટેલનું મહત્ત્વનું કામ ઈન્વેસ્ટમેન્ટનું હતું એટલે હોસ્પિટલ ચલાવવા માટે જે ઈન્વેસ્ટમેન્ટની જરૂરિયાત હતી તે કાર્તિક પટેલે પૂર્ણ કરી. ત્યાર બાદ ખ્યાતિ હોસ્પિટલને ટેકઓવર કરી પોતે ચેરમેન અને ચિરાગ રાજપૂત એમાં CEO તરીકે ગોઠવાઈ ગયો હતો.

રાજપીપળા ટાઉન પોલીસ મથકમાં છેતરપિંડી સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ

# બોગસ નર્સિંગ કોલેજ "માં કામલ" ફાઉન્ડેશન સંસ્થાના સંચાલક સામે ગુનો નોંધાયો



રાજપીપળા, તા.૨૯

બોગસ હોવાના આક્ષેપો થયેલી રાજપીપલાની માં કામલ ફાઉન્ડેશન સંસ્થાના સંચાલક ડો.અનિલ કેસર ગોહિલ વિરૂદ્ધ રાજપીપલા ટાઉન પોલીસે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

રાજપીપળા પોલિસ મથકમાં માં કામલ ફાઉન્ડેશન સંસ્થાના સંચાલક ડો.અનિલ કેસર ગોહિલ વિરૂદ્ધ નોંધાયેલી ફરિયાદ મુજબ ડો.અનિલ કેસરે માં કામલ ફાઉન્ડેશન નામની બુકલેટ છપાવી તેમાં લોભામણી જાહેરાતો આપી હતી.અને વિદ્યાર્થીઓ પાસેથી ત્રણ વર્ષની ફી પેટે ૧,૭૪,૨૦૦ તથા ૬,૫૦૦ રૂપિયા લીધા હતા. અને ફી લીધા બાદ પણ કોર્ષ પુર્ણ કર્યો ન હતો અને સાથે સાથે પરીક્ષા પણ અપાવી ન્હોતી. તેમ છતાં વિદ્યાર્થીઓને કોઈ સર્ટિફિકેટ, માર્કશીટ નહિ આપી છેતરપિંડી કરી હતી. ત્યારે આ બાબતે રાજપીપળા ટાઉન પોલીસે સંસ્થાના સંચાલક ડો.અનિલ કેસર ગોહિલ વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.નર્મદા જિલ્લાના ૪૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ પાસેથી નર્સિંગ કોર્ષના નામે લાખો રૂપિયાની ફી ઊઘરાવી લીધા બાદ યોગ્ય પરીક્ષા પદ્ધતિ અને સર્ટિફિકેશનની વિદ્યાર્થીઓની માંગ સામે સંચાલક દ્વારા ઉદ્ધત વર્તન કરવાની સાથે તેમના ઓરિજીનલ ડોક્યુમેન્ટ પરત નહિ કરી કનડગતનો મુદ્દે વિવાદ થયો હતો.ત્યારે આ બાબતે દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા તા.૨૧ નવેમ્બરના રોજ રાજપીપળા કલેકટર કચેરી આગળ વિદ્યાથીઓ સાથે ધરણા ઉપર બેસી ગયા હતા.ત્યારે નર્મદા પોલીસે સંસ્થાના સંચાલક સામે ૧૫ દિવસમાં તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપતા ચૈતર વસાવાએ ધરણા પૂર્ણ કર્યા હતા. ત્યારે અત્રે ઉલ્લેખનીય એ છે કે, સંસ્થાના સંચાલક સામે ગુનો તો દાખલ થઈ ગયો પરંતુ વિદ્યાર્થીઓને ફી અને ઓરિજીનલ ડોક્યુમેન્ટ પરત ક્યારે મળે છે એ જોવું રહ્યું.

# શાળાઓમાં વિદ્યાર્થીઓના અપાર આઈડી બનાવવાની કામગીરીને લઈ હાલાકી

## વિદ્યાર્થીઓના ડાયસ અને આધાર કાર્ડમાં સામાન્ય તફાવતના લીધે આઈડી ક્રિએટ થતું નથી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

રાજ્યની સ્કૂલોમાં ઈ-કેવાયસી બાદ હવે અપાર આઈડીના પગલે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. કેન્દ્ર સરકારની સુચના અનુસાર તમામ બાળકોનું ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (અપાર) ID બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીના ડાયસ ડેટાને આધારકાર્ડ સાથે લીંક કરવાનું હોય છે. પરંતુ, રાજ્યના અનેક વિદ્યાર્થીઓના ડાયસ અને આધાર કાર્ડમાં નામમાં સામાન્ય તફાવત હોવાના કારણે અપાર આઈડી બનતું નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર, નવી શિક્ષણ નીતિ અંતર્ગત વન નેશન, વન સ્ટુડન્ટ આઈડીની થીમ આધારીત વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધીઓને ટ્રેક કરવા માટે APPAR આઈડી બનાવવાનું નક્કી કરાયું છે. શિક્ષણ વિભાગ દ્વારા APPAR આઈડીમાં વિદ્યાર્થીઓના પરિણામો, શૈક્ષણિક રેકોર્ડ તથા સિદ્ધીઓ ડિજીટલ સ્વરૂપે સ્ટોર કરવામાં આવશે એવો હેતુ દર્શાવાયો છે. પરંતુ આ અપાર આઈડી ક્રિએટ કરવાની પ્રક્રિયામાં છેલ્લા ઘણા દિવસોથી ગુજરાતનું સમગ્ર શિક્ષણકાર્ય જ ખોરવાઈ ચુક્યો હોવાની વિગતો સામે આવી રહી છે. અપાર આઈડી માટે વાલીઓ પાસેથી સંમતિ મેળવવામાં આવી રહી છે અને તેની સાથે વિદ્યાર્થીઓના આધારકાર્ડ પણ સ્કૂલમાં મંગાવવામાં આવ્યા છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીઓના આધાર કાર્ડને ડાયસના નામ સાથે લીંક કરવામાં આવે છે અને તેના આધારે અપાર આઈડી બને છે. જોકે, રાજ્યના અનેક વિદ્યાર્થીઓ એવા છે કે જેઓના આધારકાર્ડમાં નામ અને યુડાયસના નામ એક સમાન નથી. ઉપરાંત જે વિદ્યાર્થીઓના નામ એક સમાન છે તો ક્યાંક નાની-મોટી સ્પેલિંગ ભુલ આવે છે. આવા સંજોગોમા અપાર આઈડી ક્રિએટ થતુ નથી. હાલમાં અપાર આઈડી બનાવવામાં જે મુશ્કેલી આવી રહી છે તેમાં આધારકાર્ડમાં વિદ્યાર્થીનું પુરૂ નામ ન હોવાના કારણે મિસમેચ આવે છે. સ્કૂલના GRમાં વિદ્યાર્થીઓના જે નામ છે તે પ્રમાણે આધારકાર્ડમાં નામ ન હોવાના કારણે અપાર આઈડી ક્રિએટ થતાં નથી. આધારકાર્ડમાં જન્મ તારીખની જગ્યાએ જન્મનં વર્ષ લખેલુ હોય છે. આધાર કાર્ડમાં અટક અને નામ વચ્ચે ડબલ સ્પેસ હોવાથી ભૂલ દેખાતી નથી. આમ, આવી અનેક સમસ્યાઓનો ભોગ અત્યારે વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો બની રહ્યાં છે.

# બોરસદમાં બીજા દિવસે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ

## પાલિકા દ્વારા વ્હાલા દવાલાની નીતિ અપનાવતા ચીફ ઓફિસરનો સ્થાનિકોએ ઘેરાવ કર્યો, પોલીસ બોલાવવી પડી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૨૯



( તસવીર : બુરહાન પઠાણ, આણંદ )

બોરસદ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, શહેરના વિવિધ વિસ્તારોમાં સરકારી જગ્યાઓ અને રોડ રસ્તાઓ પર કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણોને લઈ પાલિકા તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. અને દબાણકર્તાઓને નોટિસો આપી દબાણ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેરના વાસદ ચોકડી, આણંદ ચોકડી, બસ સ્ટેન્ડ, ઝાકલી તળાવ, માંજરા તળાવ, કુરઈ તળાવ, વન તળાવમાં વર્ષોથી ગેરકાયદેસર કાચા પાકા દબાણો ખડકાઈ છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા કુલ ૫૦૦થી વધુ દબાણકર્તાઓને નોટિસ આપી દબાણ હટાવવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં પ્રથમ દિવસે વાસદ ચોકડી પાસે દુકાનો બહાર કરાયેલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા અને શુક્રવારે જે.ડી.પટેલ હાઈસ્કૂલ સામેના દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.જે.ડી.પટેલ હાઈસ્કૂલ સામે આવેલ સરકારી જગ્યામાં ભંગારના પીઠા તેમજ કાચા પાકા મકાનો બનાવી દેવાયા છે. આ ગેરકાયદેસર મકાનોને કેટલાક લોકો ભાડે આપી ભાડું વસૂલી રહ્યા છે. સરકારી જગ્યાનો ભાડું ખાનગી વ્યક્તિઓ વસૂલી રહ્યા હોવાનું પાલિકાના ધ્યાને આવતા પાલિકા દ્વારા આ દબાણકર્તાઓને નોટિસ આપી દબાણો દૂર કરવા સૂચના આપવામાં આવી હતી પરંતુ દબાણકર્તાઓ દ્વારા દબાણો દૂર કરવામાં નહીં આવતા પાલિકાની ટીમ જેસીબી મશીન લઈને ત્રાટકી હતી અને કાચા પાકા દબાણોનો સફાયો બોલાવવામાં આવ્યો હતો. જો કે આ દબાણ હટાવવાની કામગીરીમાં પાલિકા દ્વારા વ્હાલા દવાલાની નીતિ રાખવામાં આવતી હોવાનો સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો. પાલિકાના ચીફ ઓફિસર દ્વારા એક આંખે દબાણો દૂર કરવામાં આવતા હોવાનું જણાવી સ્થાનિકોએ ચીફ ઓફિસરનો ઘેરાવ કરતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.તમામ જગ્યા સરકારી છે તો બધા દબાણ દૂર કરવાના બદલે પાલિકાએ અડધા જ દબાણો દૂર કર્યા છે તેવું સ્થાનિકો જણાવી રહ્યા છે.

આ અંગે ચીફ ઓફિસર વિરૂદ્ધ જિલ્લા કલેકટરને રજૂઆત કરવામાં આવશે તેમ સ્થાનિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ અંગે બોરસદ પાલિકાના ચીફ ઓફિસર વિરાજ શાહએ જણાવ્યું હતું કે આ તમામ જગ્યા સરકારી છે પરંતુ કેટલાક લોકોએ આ જગ્યાની માગણી કરેલ ત્યારે તેઓને આ જગ્યા ફાળવવામાં આવી હતી અને તે બધી બાબતોને તપાસી ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવશે. જો કે પાલિકાના ચીફ ઓફિસરનો જવાબ કેટલો વ્યાજબી છે કેમ કે તમામ દબાણકર્તાઓને નોટિસ આપ્યા બાદ પાલિકા ટીમ દબાણ દૂર કરવા ગઈ હતી તો પહેલાથી બધી બાબતોની જાણકારી કેમ ન મેળવવામાં આવી અને જો જગ્યા ફાળવવામાં આવી હતી તો તેમને નોટિસ કેમ આપવામાં આવી તેવા સવાલો પણ ઉભા થયા છે.

# નવસારીમાં વિનામૂલ્યે હેલ્થ સ્ક્રિનીંગ કાર્યક્રમ યોજાયો



નવસારી, તા.૨૯

ગુજરાત સરકાર અને ગુજરાત રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે આજરોજ નવસારી જિલ્લાના મીડિયાકર્મીઓ માટે વિનામૂલ્ય હેલ્થ સ્ક્રિનીંગ કાર્યક્રમનું આયોજન રેડક્રોસ ભવન, નવસારી ખાતે કરવામાં આવ્યું હતું. આ મેડિકલ કેમ્પમાં કુલ-૫૦ જેટલા પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયાકર્મીઓએ લાભ લીધો હતો.આ પ્રસંગે રેડક્રોસ શાખા નવસારીના ચેરમેન તુષારકાન્ત દેસાઈએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં આ કાર્યક્રમને વધાવી લેવામાં આવ્યો છે. રેડક્રોસ સમાજમાં નાગરિકોની સેવા માટે હંમેશા તત્પર રહે છે. રેડ ક્રોસ અને મીડિયાકર્મીઓ બંને સમાજ માટે કામ કરે છે. આથી લોકશાહીનો ચોથો સ્થંભ મજબૂત અને સ્વસ્થ રહે તે ખુબ જરૂરી છે.

નોંધનીય છે કે, ભારત સરકારના "ફીટ ઈન્ડિયા" કાર્યક્રમ અંતર્ગત "ફીટ ઈન્ડિયા, ફીટ મિડિયા"ના થીમ સાથે આ કાર્યક્રમનું આયોજન સમગ્ર રાજયના તમામ જિલ્લાઓમાં કરવામાં આવ્યું છે. હેલ્થ ચેકઅપ કાર્યક્રમમાં બ્લડ કાઉન્ટ,બ્લડ ગ્રુપ, લીવર ફંકશન,લિપિડ પ્રોફાઈલ, કીડની ફંકશન ટેસ્ટ,સાંધા માટે યુરિક એસિડ ટેસ્ટ, હાડકા માટે કેલ્શિયમ વગેરે ટેસ્ટ, થાઈરોઈડ માટે હાર્મોનલ ટેસ્ટ (ટી એસએચ) સર્વાઈકલ કેન્સરને લગતી PAP smear ટેસ્ટ જેવા પરીક્ષણો કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મીડિયા કર્મીઓ પૈકી મિનેશ ટેલરે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

# સોલા વિસ્તારમાં રહેઠાણ નજીક STP પ્લાન્ટ વિરૂદ્ધ અરજી કરનાર રહીશોની હાઈકોર્ટે કાઢી ઝાટકણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

શહેરના સોલા-સાયન્સ સિટી વિસ્તારમાં અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાખવાની પ્રસ્તાવિત કામગીરી સામે જાહેર હિતની અરજી કરનાર સ્થાનિક રહીશોની હાઈકોર્ટે ઝાટકણી કાઢીને જણાવ્યું હતું કે આવી જાહેર હિતની અરજીના માધ્યમથી અમે જાહેર વ્યવસ્થાની યોજનાઓને અટકાવી શકીએ નહી. અરજી કરનારાઓ દ્વારા જ જનરેટ કરવામાં આવતા ડોમેસ્ટીક વેસ્ટનો નિકાલ કરવા માટે એસટીપી પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યો છે. આ બાબતે હાઈકોર્ટમાં એક પિટિશન પેન્ડીંગ છે તેમાં દરમિયાનગીરી કરવાની અરજી કરવાની મંજૂરી આપવામાં આવતા અરજી પરત ખેંચી લેવામાં આવી હતી.

કેસની વિગતો મુજબ શહેરમાં પૂરતા પ્રમાણમાં એસટીપી પ્લાન્ટ નહી હોવાથી સાબરમતી નદીમાં પ્રદૂષિત પાણી છોડવામાં આવતું હોવા બાબતે ગુજરાત હાઈકોર્ટમાં એક સુઓમોટો જાહેર હિતની અરજીની સુનાવણી ચાલી રહી છે. હાઈકોર્ટે અમદાવાદ મહાનગરપાલિકાની આકરા શબ્દોમાં ઝાટકણી અને ત્યારબાદ આદેશો કર્યા હોવાથી શહેરમાં ૧૬ એસટીપી પ્લાન્ટ બાંધવામાં આવી રહ્યા છે. તેમાનો એક પ્લાન્ટ શહેરના પોશ અને રહેણાંક વિસ્તાર ધરાવતા સોલા વિસ્તારમાં ગત માર્ચ મહિનામાં ઈન્સ્ટોલ કરવાનું શરૂ કરાયું છે. આથી સ્થાનિક રહીશો દ્વારા રજૂઆત કરાઈ હતી કે, આ પ્લાન્ટ રહેણાંક વિસ્તાર અને પ્રાથમિક શાળા નજીક બનાવવામાં આવી રહ્યો છે. તેની સામે તળાવ આવેલું છે. સત્તાવાળાઓ દ્વારા ટાઉન પ્લાનીંગ એક્ટ અને પર્યાવરણીય કાયદાઓની જોગવાઈઓનો ભંગ કરીને આ બનાવાઈ રહ્યો છે. આથી તેને અટકાવવો જોઈએ. આથી હાઈકોર્ટે સવાલ કર્યો હતો કે શું તમે એવું ઈચ્છો છો કે શહેરની બહાર આવો પ્લાન્ટ બાંધવામાં આવે ? સત્તાવાળાઓ સુધારાના પગલા લઈ રહ્યા છે અને કેટલાક કોલો તેને અટકાવવાનો પ્રાસ કરી રહ્યા છે. અમે આ બાબતે તપાસ કરીને સત્તાવાળાઓને અલગ જગ્યા નક્કી કરવાનું કહી શકીએ નહી. આ એક પબ્લિક પ્રોજક્ટ છે ચેને અટકાવી શકીએ નહી. તમે આમ કરશો તો એસટીપી ક્યાં બાંધવામાં આવશે. લોકોના ડોમેસ્ટીક વેસ્ટનો નિકાલ કરવા માટે જ આ બનવાઈ રહ્યો છે. બીજી બાજુ સરકારી વકીલ દ્વારા પણ અરજીનો વિરોધ કરીને જણાવ્યું હતુ કે, એસટીપી બાબતે ચાલી રહેલી સુઓમોટો પિટિશનમાં આપવામાં આવેલા આદેશના આધારે સોળ એસટીપી પ્લાન્ટ બનાવાઈ રહ્યા છે તેના ભાગરૂપે આ પ્લાન્ટ છે. નિયમો મુજબ જ બનાવાઈ રહ્યો છે. બન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ અરજદારે આ ચાલુ અરજીમાં ઈન્ટરવેનર તરીકે જોઈન થવા માટે આ અરજી પરત ખેંચી હતી.

ગ્રામજનો દ્વારા કાર્યપાલક ઈજનેરને રજૂઆત

# જૂના ડીસામાં વીજ કંપનીના હેલ્પરોનું પૂરતું મહેકમ ફાળવવા બુલંદ માંગ

ડીસા, તા.૨૯

ડીસા તાલુકાનું સૌથી મોટુ જૂનાડીસા ૨૦ હજારની જન સંખ્યા ધરાવતું વિકસિત ગામ છે. હાલ ગામની ક્ષિતિજો ચોમેરથી વિસ્તરી રહી છે ત્યારે ગામમાં ઉત્તર ગુજરાત વિજ કંપનીના હેલ્પરની સંખ્યા વધારવા ગ્રામ પંચાયત સહિત ગામલોકો દ્વારા લેખિતમાં નાયબ કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરવામાં આવી છે.

ગામના જૈન શ્રેષ્ઠીઓ દ્વારા એસ્ટીમેન્ટ ભરાતા ગામમાં ૨૪ કલાક થ્રિ ફેજ વિજ પુરવઠાની સવલત છે પણ ગામમાં રહેણાંક અને કોમર્શિયલ વિજ લાઈનો લાંબી હોવાના કારણે અવારનવાર નાના મોટા વિજ ફોલ્ટ સર્જાય છે અને અનેક વાર વીજળી ગુલ થઈ જાય છે. જેથી લોકોની હાડમારી વધી જાય છે. ઘણી વખત કલાકો સુધી વિજળી ન આવતા બીમાર, વૃદ્ધ અને બાળકોની મુશ્કેલીઓ વધી પડે છે. પરંતુ હેલ્પરની સંખ્યા ઓછી હોવાના કારણે તેઓ દરેક સ્થળ ઉપર સમયસર પહોંચી ના શકે તે સ્વભાવિક છે. તેથી ૨૪ કલાક વીજળીની સગવડ હોવા છતાં ગામ લોકો ભારે હાલાકી વેઠે છે કારણ વીજળી વિના અન્ય ઘણા કામો પણ અટવાઈ પડે છે. આ બાબતે સ્થાનિક ગ્રામ પંચાયત અને જાગૃત ગામ લોકો દ્વારા હેલ્પરની સંખ્યા વધારવા અને પૂરતું મહેકમ ફાળવવા ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યપાલક ઈજનેર, ડેપ્યુટી કલેક્ટર સહિત ઉચ્ચ સ્તરે રજૂઆત પણ કરવામાં આવી છે ત્યારે તંત્ર માનવીય અભિગમ દાખવીને પણ ગામમાં તાત્કાલિક પૂરતા હેલ્પર ફાળવે તેવો જનમત પ્રવર્તે છે.

# મહુવામાં એમ્બરગ્રીસ સાથે ઝડપાયેલ બંને આરોપીઓ ત્રણ દિવસના રિમાન્ડ પર

ભાવનગર, તા.૨૯

ભાવનગર પોલીસ દ્વારા તા.૨૮/૧૧/૨૦૨૪ના રોજ મહુવા ખાતે વન્યજીવ રેન્જ મહુવા સ્ટાફ સાથે રહીને એમ્બરગ્રીસનો અંદાજીત ૧૨.૩૦ કિલોગ્રામના જથ્થા સાથે (૧) જયદીપભાઈ મગનભાઈ શિયાળ, (ઉ.વ.૨૧) (૨) રામજીભાઈ રાહાભાઈ શિયાળ ઉ.વ.૫૬ સામે ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં રાખનાર ઈસમોની અટકાયત કરવામાં આવેલ હતી. બંન્ને ઈસમોને આજ રોજ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ કોર્ટ મહુવામાં રજુ કરી બન્નો આરોપીઓના રીમાન્ડની માંગણી કરતા કોર્ટ દ્વારા બન્ને આરોપીઓના તા.૦૨/૧૨/૨૦૨૪ સુધીના રીમાન્ડ મંજુર કરવામાં આવેલ છે. તથા બન્ને આરોપીઓએ અન્ય કોઈ ઈસમોને એમ્બરગ્રીસના સેમ્પલ મોકલેલ છે. તેને વન વિભાગ દ્વારા ગુન્હા કામે શોધી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ૩૦ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદ

મેઘરજ, તા.૨૯

મેઘરજના કોન્ટ્રાકટરને મકાન બનાવ્યા બાદ હિસાબના નાણાંના ચુકવતા કોર્ટે મોડાસાના આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને રૂા. ૩૦ લાખ ૬૦ દિવસમાં ચુકવવા આદેશ કર્યો છે. અને વળતર સહિત રૂા. ૩૦ લાખ દિન ૬૦મા ચૂકવવાનો હુકમ કરતા અન્ય ચેક રિટર્નના આરોપીઓમા ફફડાટ ફેલાયો છે. મેઘરજના દિલીપકુમાર હસમુખલાલ સુથાર બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર તરીકે નો વ્યવસાય કરે છે તે દરમિયાન મોડાસાના હરિ ઓમ સોસાયટીમાં રહેતા પટેલ જનક રામચંદ્રનું મોડાસા મુકામે નવીન મકાન બનાવવાનું હોવાથી જનક રામચંદ્ર પટેલ મેઘરજના કોન્ટ્રાક્ટર દિલીપભાઈને પોતાનું મકાન કોન્ટ્રાકટથી બનાવવા માટે આપ્યું હતું. તે દરમિયાન પકરેશભાઈએ કોન્ટ્રાક્ટર દિલીપભાઈને ટુકડે ટુકડે મકાન બાંધકામ માટે કુલ રૂા. ૩૮,૫૦,૦૦૦/- રોકડા તથા ચેકથી કોન્ટ્રાક્ટર દિલીપભાઈને ચૂકવી દિધેલ છે મકાનનું કામ કાજ સને ૨૦૨૧માં પૂર્ણ કરતા પરેશભાઈ સાથે હિસાબ કરતા માપ મુજબ કુલ કામ રૂા. ૬૪, ૮૭, ૮૪૦નું થયેલ અને કુલ રૂા. ૬૭,૫૦,૦૦૦/-નું કુલ બીલ તેમાંથી આ કામના આરોપીએ ફરીયાદીને રૂા. ૩૭,૫૦,૦૦૦/- અગાઉ અલગ અલગ તારીખે રોકડા તથા ચેકથી ચુકવેલા હતા. બાદ કરતાં ફરિયાદીને આરોપી પાસે રૂ. ૩૦,૦૦,૦૦૦/- હિસાબ થતાં લેવાના નીકળેલ જેથી ફરિયાદીએ આ આરોપીને રકમ ચુકવી આપવા માટે વાત કરતા આરોપીએ ફરિયાદીને જણાવેલ કે હાલ હુ આ રકમ ચુકવી શકુ તેમ નથી તેના બદલામાં આરોપીએ એચ ડી એફ સી બેંક મોડાસા શાખાનો ચેક નં. ૦૦૦૫૫૫નો તા. ૦૧/૦૨/૨૦૨૩ના રોજનો રૂા. ૩૦,૦૦,૦૦૦/- ભરી સહી કરી આપેલ અને જણાવેલ કે ચેકમાં જણાવેલ તારીખે ચેક બેંક મા રજુ કરશો તો ચેક મુજબની પૂરી રકમ મળી જશે જેથી કોન્ટ્રાકટરે તા.૧૦/૦૨/૨૦૨૩ના રોજ ચેક પોતાના ખાતામાં જમા કરાવતા 'ડ્રોવર્સ સિગ્નેચર ડીફર્સ' સહિત ચેક રિટર્ન થતા મેઘરજ કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. ફરિયાદ પક્ષે દલીલો કરી પૂરાવા રજુ કરતા મેઘરજ નામદાર કોર્ટનાં જજ ખોજજાદાએ આરોપી પટેલ જનક રામચંન્દ્ર ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ એટલે કે રૂા. ૩૦,૦૦,૦૦૦/-નો વળતર તરીકે દિન-૬૦માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને અને જો આરોપી વળતરની રકમ ન ચૂકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરી સજા ફટકારી હતી.

ગુજરાત એટીએસએ જાસૂસી કરવાના કાવતરાને નિષ્ફળ બનાવ્યું

# ઓખા ખાતેથી કોસ્ટગાર્ડની જાસૂસી કરતો દેશદ્રોહી જાસૂસ દિનેશ ગોહિલ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

ગુજરાત એટીએસએ ફરી એક વખત ભારતીય સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા ભારતીય નાગરિકની ધરપકડ કરી છે. અગાઉ પણ આવા જાસૂસી કરવાના બનાવોનો પોલીસ દ્વારા પર્દાફાશ કરવાના બનાવો બનેલ છે. આ વખતે પકડાયેલો આરોપી ઓખા પાસે રહેતો હતો અને એક ખાનગી કંપનીમાં કામ કરતો હતો. આ સમગ્ર માહિતી એટીએસને મળી છે અને તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પાકિસ્તાની સાહિમા નામની મહિલા એજન્ટે સોશિયલ મીડિયા પર દિનેશ સાથે સંપર્ક કરી સંવેદનશીલ માહિતી મેળવી હોવાનું સામે આવ્યું છે. પાકિસ્તાનની મહિલા એજન્ટ કોસ્ટગાર્ડની શીપની માહિતી આપવા બદલ દરરોજના દિનેશને ૨૦૦ રૂપિયા આપતી હોવાનું પણ સામે આવ્યું છે. ગુજરાત એટીએસના જણાવ્યા મુજબ, છેલ્લા ત્રણેક વર્ષથી ઓખા જેટી પર કોસ્ટગાર્ડની બોટનું રીપેરીંગ કામ કરતા દિનેશનો આજથી સાત મહિના પહેલા ફેસબુક પર સાહિમા નામ ધરાવતી એક પ્રોફાઈલના સંપર્કમાં આવ્યો હતો. પોતે એક મહિલા હોવાનું અને પાકિસ્તાન નેવી માટે કામ કરતી હોવાનું જણાવી આ સાહિમા ફેસબુક પ્રોફાઈલધારકે દિનેશ ગોહિલ સાથે વોટ્સએપના માધ્યમથી પણ સંપર્ક કર્યો હતો.



**ખાનગી કંપનીમાં કામ કરતો દિનેશ પાકિસ્તાની એજન્ટને કોસ્ટ ગાર્ડના શીપોની માહિતી આપી પૈસા કમાતો હતો**

દરમિયાન ઉપરોક્ત સાહિમાએ દિપેશ ગોહેલને તેના કામ વિષે પૂછતા તેને ઓખા પોર્ટ ખાતે ડિફેન્સની બોટોમાં વેલ્ડીંગ અને ઈલેક્ટ્રીક કામ કરતો હોવાનું જણાવેલ. ત્યારબાદ સાહિમાએ તેને જણાવેલ કે, ઓખા પોર્ટ પર કોસ્ટગાર્ડની જે કોઈ શીપ ઉભી હોય તેના નામ તથા નંબરની માહિતી તેને આપવી તેના બદલામાં તે તેને રોજના રૂા.૨૦૦ આપશે. જેથી દિનેશ ગોહિલે સાહિમાને વોટસએપના માધ્યમથી પૈસાની લાલચમાં દરરોજ ઓખા જેટી પર જઈ ત્યાં હાજર બોટોના નામ અને નંબરની તથા પૈસા મેળવવા પોતાના મિત્રોના યુપીઆઈ લીંક્ડ બેંક ખાતામાં છેલ્લા સાત આઠ મહિના દરમિયાન રૂા.૪૨ હજાર જેટલા જમા કરાવ્યા હતા. દિનેશ ગોહિલ પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્કમાં આવ્યો હતો અને સોશિયલ મીડિયા અને બીજા કેટલાંક માધ્યમોથી કોસ્ટગાર્ડ અને ભારતીય દરિયાઈ સીમાના કેટલાક મહત્ત્વના ફોટોગ્રાફસ પાકિસ્તાનમાં કોઈ વ્યક્તિને મોકલ્યા હતા. આ સમગ્ર મામલે હવે પોલીસે દિનેશ જયાં નોકરી કરતો હતો એ કંપનીના કેટલાક લોકોની પૂછપરછ કરી છે અને તેની સાથે સંપર્કમાં હોય તેની પણ તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દ્વારકા જિલ્લાની માફક પોરબંદરમાંથી પણ કોસ્ટગાર્ડની જાસૂસી કરતા એક શખ્સને એટીએસ દ્વારા એક મહિના પહેલાં ઝડપી પાડવામાં આવ્યો હતો. એક મહિના પહેલાં ગુજરાત ATSની ટીમને બાતમી મળી હતી કે પોરબંદરનો એક શખ્સ કેટલાક સમયથી પાકિસ્તાની આર્મી કે જાસૂસી સંસ્થા ISIના અધિકારી કે એજન્ટના સંપર્કમાં છે. આ શખ્સ પોરબંદર કોસ્ટગાર્ડની કેટલીક માહિતી લીક કરીને પાકિસ્તાન પહોંચાડે છે. એને લઈને ગુજરાત ATSની ટીમે પંકજ કોટિયા નામના શંકાસ્પદ પર વોચ શરૂ કરી હતી. ત્યાર બાદ પોલીસે પંકજની અટકાયત કરી પૂછપરછ હાથ ધરતાં તે પોરબંદર કોસ્ટડગાર્ડ જેટી તથા જેટી પરની ભારતીય કોસ્ટગાર્ડની બોટોની સંવેદનશીલ માહિતી સોશિયલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાન મોકલી આપતો હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

હિંદુ અકીદતમંદની મહાન સૂફીસંત પર અપાર શ્રદ્ધા

# ભાવનગરના વૃદ્ધ લક્ષ્મણભાઈ મકવાણા સતત ૨૮મી વખત સાયકલ પર અજમેર દરગાહ જવા રવાના

## મુસ્લિમ આગેવાનોએ ફૂલહાર કરી સન્માન આપી મુસાફરીની શરૂઆત કરાવી

**અજમેર દરગાહને હિંદુસેના દ્વારા નિશાન બનાવાઈ છે ત્યારે હિંદુ સજ્જનની દરગાહ પ્રત્યેની શ્રદ્ધા ઘણું કહી જાય છે.**



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

ભાવનગર,તા.૨૯

ભાવનગર શહેરના પ્રભુદાસ તળાવ, મફતનગર, બંબાખાના પાછળ રહેતા લક્ષ્મણભાઈ બચુભાઈ મકવાણા (ઉ.વ.૬૭) રાજસ્થાનના અજમેર શરીફમાં આવેલ હિન્દલવલી હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચીશ્તી અજમેરી (ર.અ.)ના રોઝાના દીદાર અર્થે સતત ૨૮મી વાર સાઈકલ પર ભાવનગરથી અજમેર જવા શહેરના પીરછલ્લા વિસ્તારમાં આવેલ દરગાહ શરીફમાંથી રવાના થયા હતા, આ પ્રસંગે ભાવનગર શહેરના પીરછલ્લા વિસ્તારમાં આવેલ મોટાપીરની દરગાહ શરીફના ગાદીનશીન હાજી સૈયદ દાદાબાપુ, કાળુભાઈ બેલીમ સહિતના આગેવાનોએ લક્ષ્મણભાઈનું ફુલહાર કરી સન્માન આપી વિદાય આપી હતી, તેમજ સામુહિક દુવાઓ કરવામાં આવી હતી કે ભારત દેશમાં કોમી એકતા, ભાઈચારો અને એખલાસનો માહોલ કાયમ રહે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગરથી અજમેર ૭૦૦ કિ.મી.નું અંતર થાય છે. સાઈકલ પર ૮થી ૯ દિવસ પહોંચતા થાય છે. લક્ષ્મણભાઈ મકવાણા સતત ૨૭ વાર સાઈકલ પર અને એકવાર ચાલીને અજમેર શરીફ ગયા છે.

# ગુજરાત વકફ બોર્ડનો નિર્ણય : અમદાવાદ સુન્ની વકફ કમિટીની મુદ્દત પૂરી થઈ જતા બરખાસ્ત, નવી કમિટીની રચના એક મહિનામાં

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીએ વકફ રજિ. નં. બી/૪૪૭/ અમદાવાદથી નોંધાયેલ વકફ છે. સદર વકફના કમિટીના સંદર્ભમાં ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલમાં મોહમ્મદ ફારૂક ઉમરદરાઝ કંસારા, ફીરોઝખાન અહેમદખાન પઠાણ, મોહમ્મદ આલમ મોહમ્મદ અમીન બુટવાલા, ગુલામ હુસેન મહેમુદ હુસેન શેખ, ઈર્શાદઅલી વાજીદઅલી સૈયદ અને જમીલુદ્દીન મૈયુદ્દીન સૈયદ દ્વારા અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના હાલના તમામ ટ્રસ્ટીઓ વિરૂદ્ધ વકફ અરજી નં. ૩૦/ ૨૦૧૯થી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં અરજદારોએ અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીમાં ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ, ગાંધીનગર દ્વારા કરેલ હુકમ મુજબ સ્કીમ કરવાની અરજી અને બંધારણમાં સુધારો કરવાની અરજી અને સાથે સુધારેલ બંધારણ મંજૂર કરવા બાબત અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના હાલના મેમ્બર/ટ્રસ્ટીઓની ફરીથી નિમણૂક કરવા સામે સખ્ત વાંધાઓ મંજૂર રાખવાનો નિર્ણય કરવા અને વકફ અધિનિયમ, ૧૯૯૫મી કલમ-૬૪ મુજબ તમામ મુત્તવલ્લીઓને દુર કરવાનો નિર્ણય કરવા, શાહી જુમ્મા મસ્જિદની વહીવટ અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટી પાસેથી લઈને ખિદમત કમિટી શાહી જુમ્મા મસ્જિદને સોંપવા માટેનો નિર્ણય કરવા બાબત, અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીમાં કથિત ગોટાળા અંગેની તપાસ કરી કાયદેસરના પગલા ભરવા માટેનો નિર્ણય કરવા બાબત સદર કેસ દાખલ કર્યો હતો. સદર કેસ ચાલી જતા તા.૨૦/ ૦૬/૨૦૧૭ના રોજ વકફ ટ્રિબ્યુનલે હુકમ કર્યો કે અરજદારોની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે. ગુજરાત રાજય વકફ બોર્ડે પક્ષકારોની પડતર કાર્યવાહીઓનો અને હકની આ અરજીનો ત્રણ માસમાં તમામ પક્ષકારોને સાંભળવાની યોગ્ય પુરતી અને વ્યાજબી તક આપી નિકાલ કરવો, અન્ય દાદ અરજદારો જવા દેતા હોવાથી તે અંગે કોઈ પુશ્મ કરવામાં આવેલ નથી. ખર્ચ અંગે કોઈ હુકમ નથી. ત્યારે આ અંગે લાંબા સમય સુધી કેસ ચાલ્યા બાદ ગુજરાત રાજય વકફ બોર્ડનો તાજેતરનો તા.૨૯-૧૧-૨૦૨૪નો હુકમ સામે આવ્યો છે જેમાં વકફ બોર્ડ સ્કીમમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરી નવા ટ્રસ્ટીઓની નિમણૂક આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યા હોવાનો હુકમ કર્યો છે.નવી કમિટીની રચના એક મહિનામા કરવામાં આવશે. ગુજરાત રાજય વકફ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી એ.એમ. મનસુરીએ હુકમ કરતા જણાવ્યું કે, બી-૪૪૭-અમદાવાદ-અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીમાં ફારૂક કંસારા તેમજ અન્ય અરજદારોની સ્કીમ અરજી અને ચાલતા ગેરવહીવટની અરજીમાં ફકત અને ફકત આક્ષેપો જ કરવામાં આવેલ તે અંગેના કોઈ સાધનિક પુરાવાઓ રજુ કરેલ નથી, આમ સ્કીમ અરજીમાં અને ગેરવહીવટની અરજીમાં કોઈ તથ્ય જણાતું ન હોઈ, સદર તમામ અરજીઓ દફતરે કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીમાં તપાસ કમિટીના રિપોર્ટમાં ફકત અને ફકત ટ્રસ્ટીઓના નિમણૂક બાબતનો વિવાદ હોઈ, બોર્ડની કચેરીમાં સંસ્થા દ્વારા વખતો વખત રજૂ કરવામાં આવેલ તમામ ફેરફાર રિપોર્ટમાં જણાવ્યા મુજબના ટ્રસ્ટીઓની આજની તારીખે સ્કીમમાં જણાવ્યા મુજબ તેઓની મુદ્દત પૂર્ણ થયેલ હોવાના કારણે તમામ ફેરફાર રિપોર્ટ દફતરે કરવાનું સર્વાનુમતે આવ્યું તેમજ સંસ્થાનો વહીવટ ખોરવાઈ ન જાય તે હેતુથી સદર સંસ્થાના વેતન મેળવતા સેક્રેટરીને રોજ બરોજના ખર્ચ, માસિક ખર્ચાઓ, તેમજ કોર્ટ કેસોમાં કાર્યવાહી કરવા માટે સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું છે. અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીમાં હાલ સ્કીમમાં જણાવ્યા મુજબ તમામની મુદ્દત પૂર્ણ થયેલ હોઈ કોઈ ટ્રસ્ટી ન હોઈ, નવા ટ્રસ્ટીઓની નિમણૂકની કાર્યવાહી ૧ માસમાં સદર સંસ્થાની સ્કીમમાં જણાવ્યા મુજબ અમદાવાદ શહેરમાં બહોળી પ્રસિદ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપવી, તેમજ આવેલ નામોની યાદીમાંથી બોર્ડના સભ્યો જીશાન નકવી, તૌફિક વાય. વ્હોરા, રણજીતસિંહ અભેસિંહ રાઠોડ તેમજ ઈમરાનભાઈ ખેડાવાલા (ધારાસભ્ય) અને અમદાવાદ શહેરના પ્રતિષ્ઠિત વ્યકિતઓમાં (૧) કાદરી મુબીન ઝુહુરૂલ હક્ક, (૨) ઐયુબખાન શરીફખાન પઠાણ (૩) મુસ્તાક ખાખી ડાઈનીંગવાલાની હાજરીમાં સ્કીમમાં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરી નવા ટ્રસ્ટીઓની નિમણૂક આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. આ હુકમ આજ રોજ તા.૨૯મી નવેમ્બર ૨૦૨૪ના રોજ ખુલ્લી ટ્રિબ્યુનલમાં જાહેર કરવામાં આવ્યો હતો.

રાજ્યના મટી ગયેલા બિન-ખેડૂતોની રજૂઆતોને લઈ મુખ્યમંત્રીએ નિર્ણય લીધો

# રાજ્યમાં સંપાદિત થયેલી જમીનને લઈ બિનખેડૂત થયેલા ખેડૂતો માટે પ્રમાણપત્ર મુદ્દે સરકારનો નિર્ણય

## આવી જમીનના મામલે કલેક્ટર દ્વારા જાતે ખરાઈ કરીને પ્રમાણપત્ર ઈસ્યુ કરશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ નિર્માણમાં જેમની બધી જ જમીનો સંપાદિત થઈ હોય તેવા ખેડૂતોના વ્યાપક હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજયના ખેડૂતોના ખેડૂત પ્રમાણપત્ર અંગે મહત્ત્વતનો નિર્ણય લેવાયો છે.

આવા પ્રોજેક્ટ્સમાં જેમની તમામ જમીનો સંપાદિત થઈ ગઈ હોય અને જે તે સમયે ખેડૂત પ્રમાણપત્ર ન મેળવવાને કારણે ખેડૂત મટી ગયા હોય તેવા ખેડૂતોએ મુખ્યમંત્રી સમક્ષ સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણના રાજ્ય સ્વાગતમાં તેમના આ પ્રશ્નની રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ સ્વાગતમાં રજૂ થતાં આવા પ્રશ્નોના ત્વરિત નિવારણનો અભિગમ અપનાવ્યો છે. તેમણે ખેડૂતોની સ્વાગત ઓનલાઈનમાં મળેલી રજૂઆતો અંગે સાનુકુળ અને પોઝિટીવ વ્યુ અપનાવીને આ પડતર રહેલા પ્રશ્નનું ત્વરાએ નિવારણ લાવી દીધું છે. તદ્અનુસાર રાજયમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સમાં જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય તેવા ખેડૂતોને ખેતીની જમીન ખરીદવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકારે તા.૨૬/૧૨/૨૦૦૮ના ઠરાવથી એવું સૂચવ્યું છે કે આવા ખેડૂતોને ખેડૂત પ્રમાણપત્ર સંબંધિત કલેક્ટર અથવા અધિકૃત અધિકારી આપી શકે છે. આવું પ્રમાણપત્ર મળ્યાની તારીખથી ત્રણ વર્ષમાં જમીન ખરીદવાની જોગવાઈઓ પણ અમલમાં છે.

જે ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ ગઈ હોવા છતાં પ્રમાણપત્રના અભાવે બિન ખેડૂત બન્યા હોય તેવા ખેડૂતોના વિશાળ હિતમાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની સુલભતા કરતી એક તક આપવા મુખ્યમંત્રીએ વધુ એક હિતકારી નિર્ણય કરીને તે અંગેનો ઠરાવ પ્રસિદ્ધ કરવાના દિશા નિર્દેશો આપ્યા છે. આ નિર્ણય અનુસાર તા.૦૧/૦૫/ ૧૯૬૦થી એટલે કે ગુજરાતના અલગ રાજ્ય તરીકેના સ્થાપના કાળથી વિવિધ પ્રોજેક્ટ્સમાં ખેડૂતોની તમામ જમીન સંપાદિત થઈ હોય અને જે તે સમયે ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શક્યા હોય તેવા ખેડૂતો રાજ્ય સરકાર દ્વારા આ ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષમાં પ્રમાણપત્ર મેળવવા માટે સંબંધિત કલેક્ટર સમક્ષ અરજી કરી શકશે. આવી અરજી મળ્યા પછી સંબંધિત કલેક્ટર દ્વારા જાતે ખરાઈ કરીને ખેડૂત પ્રમાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે. એટલું જ નહીં, આવું પ્રમાણપત્ર મળ્યાના ત્રણ વર્ષમાં જે તે ખેડૂતને જમીન ખરીદી કરી લેવાની રહેશે. રાજયના જે ખેડૂતોની જમીનો પ્રોજેક્ટ્સમાં સંપાદિત થઈ છે પરંતુ જે તે વખતે એ ખેડૂત પ્રમાણપત્ર મેળવી ન શકેલા ખેડૂતો કે જે ખેડૂત મટી ગયા છે તેમને આ નિર્ણયના પરિણામે ખેતી કરવાનું પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત જે ખેડૂત પોતાના ખાતાના સર્વે નંબર પૈકી બચત રહેલો એક માત્ર સર્વે નંબર બિનખેતી કરાવે તેના કારણે ખેડૂત મટી જતા હતાં. આવા કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર મેળવવાની કોઈ જોગવાઈ ન હોવાના કારણે ખેતીની જમીન ખરીદવામાં તેઓ મુશ્કેલી અનુભવતા હતા. એવી રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ અવારનવાર ખેડૂતો દ્વારા આવી હતી. જેને લઈને મુખ્યમંત્રીએ એવો નિર્ણય કર્યો છે કે, હવે પછી પોતાની ખેતીની જમીનનો છેલ્લો સર્વે નંબર પણ બિનખેતી થયા બાદ કોઈ ખેડૂત, ખેડૂત પ્રમાણપત્ર માંગે તો આવી જમીન બિનખેતી થયા બાદ એક વર્ષમાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનું રહેશે. ખેડૂતે આ પ્રમાણપત્રની તારીખથી બે વર્ષમાં જમીન ખરીદી કરવાની રહેશે. આ અંગેનો ઠરાવ પ્રસિદ્ધ થયાના એક વર્ષ પહેલાંથી આ પ્રકારે બિન ખેડૂત થયેલા અરજદારોને પણ આ નિર્ણયનો લાભ મળશે.

# રાજ્યના તાલુકામાં એક ગ્રાન્ટેડ સ્કૂલ હોય તો નિયમમાં છૂટછાટ આપવા માગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

રાજ્યના તાલુકામાં એક જ ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળા હોય તો તેમને નિયમોમાં છુટછાટ આપવા માટે સંચાલક મંડળ દ્વારા ભલામણ કરવામાં આવી છે. તાલુકમાં એક જ ગ્રાન્ટેડ શાળાના કિસ્સામાં વિદ્યાર્થી સંખ્યાનો ઠરાવ લાગુ પાડવો જોઈએ નહીં. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય શાળા સંચાલક મહામંડળ ગુજરાત પ્રદેશ જિલ્લા કક્ષાનો સંગઠન તરફથી મળેલી વિવિધ રજૂઆતોને સંકલિત કરીને રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

**રાજ્યના દરેક તાલુકામાં એક ગ્રાન્ટેડ સાયન્સની સ્કૂલ ચાલુ રાખવા મુખ્યમંત્રીને રજૂઆત**

કરવામાં આવી છે. જેમાં, રાજ્યના જિલ્લાઓમાં આવેલા પ્રત્યેક તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની એક ગ્રાન્ટેડ શાળા જીવિત રહે અને શિક્ષણ કાર્ય ચાલુ રાખે તે હેતુસર નિયમોમાં છૂટછાટ આપવી જરૂરી છે. જ્યાં વિજ્ઞાન પ્રવાહની એક જ ગ્રાન્ટેડ શાળા તાલુકામાં છે, ત્યાં તે શાળાને ખાસ કિસ્સાની અને ખાસ પ્રકારની શાળા ગણવી જોઈએ. અન્ય ગ્રાન્ટેડ શાળાઓની જેમ ત્યાં વિદ્યાર્થીઓની સંખ્યા સંદર્ભનો ઠરાવ લાગુ પાડવું જોઈએ નહીં. મીનીમમ ૧૦ વિદ્યાર્થી ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા હોય અને તે તાલુકામાં એકમાત્ર વિજ્ઞાન પ્રવાહ શાળા હોય તો વિશેષ દરજ્જો આપીને ચાલુ રાખવી જોઈએ, તેવી માગણી કરાઈ છે. આ ઉપરાંત ગુજરાતના તમામ તાલુકાઓનો અભ્યાસ કરતા અને તાલુકાના આર્થિક સર્વેક્ષણની ધ્યાને લેતા એક ગ્રામીણ વિજ્ઞાનપ્રવાહની શાળા ચલાવવી ખૂબ જ જરૂરી છે, તે તાલુકામાં સ્વનિર્ભર વિજ્ઞાનપ્રવાહ હોય તો પણ સામાજિક અને આર્થિક રીતે નબળા પરિવારના બાળકો માટે આ સુવિધા ચાલુ રાખવી જોઈએ તેવું સંચાલક મંડળનું માનવું છે.

# વડોદરા બોટ દુર્ઘટનામાં પીડિતોને વળતર માટે કલેક્ટરને અધિકારીની નિમણૂક કરવા HCનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

ગુજરાત હાઈકોર્ટ દ્વારા હરણી બોટ દુર્ઘટના કેસમાં મૃતકોના પરિવારો અને ઈજાગ્રસ્તોને કોટિયા કંપની પાસેથી નાણાકીય વળતર મેળવવા માટે તેની રકમ નક્કી કરવા એક અધિકારીની નિમણૂક કરવાનો આદેશ વડોદરા ના કલેક્ટરને આપ્યો હતો. કલેક્ટર દ્વારા નિમણૂક થનારા નાયબ કલેક્ટરથી નીચેનો દરજ્જો ના ધરાવતા હોય તેવા અધિકારી સમક્ષ પીડિતો અને કોટિયા પ્રોજેક્ટ દ્વારા વળતર બાબતે રજૂઆત કરવાની રહેશે અને ત્યારબાદ અધિકારી દ્વારા ૮ સપ્તાહની અંદર વળતર નક્કી કરી તેનો અહેવાલ ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવાનો રહેશે. આ સાથે રાજ્ય સરકાર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે તેઓએ બોટિંગ બાબતના નિયમો જાહેર કરી દીધા છે અને ગેજેટમાં તેનો સમાવેશ કરવામાં આવેલો છે.

કેસની વિગતો મુજબ વડોદરામાં ગત જાન્યુઆરી મહિનામાં ન્યુ સનરાઈઝ સ્કૂલ દ્વારા એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બાળકો હરણી-મોટ નાથ લેક ખાતે બોટિંગ કરવા માટે ગયા હતા. આ બોટ ઊંધી પડી જતા ૧૨ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોના મોત થયા હતા. સમગ્ર પ્રોજેક્ટ કોટિયા પ્રોજેક્ટ નામની કંપનીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા ચલાવવામાં આવ્યો હતો અને તેમાં પણ ખોટી પદ્ધતિથી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તેવી વિગતો ઉજાગર થઈ હતી. તેમજ કોટીયા પ્રોજેક્ટ દ્વારા પણ બોટની એક્ટિવિટીને નિભાવવામાં બેદરકારી રાખવામાં આવી હતી તેના ભાગીદારો સામે પોલીસ ફરિયાદ કરીને ધરપકડ કરવામાં આવી હતી. આ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં પણ સુઓ મોટો પીઆઈએલ થઈ હતી તેની સુનાવણી દરમિયાન પીડી તો તરફથી રજૂઆત કરાઈ હતી કે આ કેસમાં કોટિયા પ્રોજેક્ટ તરફથી બેદરકારી રાખવામાં આવ્યું હોવાથી તેઓને ઉદાહરણીય વળતર ચૂકવવાનો આદેશ કરવો જોઈએ. મોરબી દુર્ઘટનામાં પણ ઓરેવા કંપની જવાબદાર હોવાથી તેઓ પાસેથી વળતર વસૂલવાનો હાઈકોર્ટ દ્વારા આદેશ કરવામાં આવેલો છે ત્યારે આ કેસમાં પણ વળતર આપવું જોઈએ. જો કે હાઈકોર્ટે આ બંને કેસની હકીકતો અને ન્યાયિક બાબતો અલગ હોવાથી આ બાબતે વળતરની રકમ નક્કી કરવા માટે એક અધિકારીની નિમણૂક કરવાની જરૂર છે તેવો મત વ્યક્ત કરીને કલેક્ટરને આદેશ કર્યો હતો કે નાયબ કલેક્ટર કક્ષાના અધિકારીની વળતરની ગણતરી માટેની કામગીરી સોંપવી જોઈએ. પીડિતોને મોટર વ્હીકલ એક્ટ મુજબ વળતરની ગણતરી કરવાની રહેશે આ બાબતે પીડિતોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં પોતાની રજૂઆત કરવાની રહેશે અને સત્તા મંડળ દ્વારા વકીલ મારફતે નિયુક્ત અધિકારી સમક્ષ દરખાસ્ત કરવામાં આવશે કોટીયા પ્રોજેક્ટને પણ પોતાની રજૂઆત કરવાનો હક રહેશે તેવું હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું.

# લક્ઝરી બસોમાં ઠાંસી-ઠાંસીને સામાન ભરવા બદલ દાદ માંગતી અરજી હાઈકોર્ટે ફગાવી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં ખાનગી લક્ઝરી બસોના સંચાલકો દ્વારા બસના છાપરે અને ડીકીમાં ઠાંસી ઠાંસીને સામાન ભરીને પરિવહન કરવાની પ્રવૃત્તિને અટકાવીને તેના સંચાલકોને દંડ ફટકારવા સહિતની કાર્યવાહી કરવાની માગણી કરવાની જાહેર હિતની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. અદાલતે જાહેર હિતની અરજી કરનાર વકીલની આકરા સવાલો પૂછ્યા હતા કે તમે ભારતની વસતી બાબતે ખબર છે ? લોકોની પરિસ્થિતી વિશે જાણો છો ? તમે ક્યારેય રેલવે કે સરકારી બસોના જનરલ ક્લાસમાં પ્રવાસ કર્યો છે ? તમારે લોકોની પરિસ્થિતી વિશે સમજ કેળવવી જોઈએ. તેના જવાબમાં વકીલે જણાવ્યું હતું કે, ઠાંસી ઠાંસીને સામાન ભરવાથી અકસ્માત થાય છે. જો કે આ જાહેર હિતની અરજીમાં યોગ્ય પક્ષકારો જોડવામાં આવ્યા નહીં હોવાથી તેમજ આ અરજી ગેરસમજયુક્ત હોવાનું અવલોકન કરીને અદાલતે ફગાવી દીધી હતી. અદાલતે અરજદારને યોગ્ય સત્તામંડળને અરજી કરવાનો આદેશ કર્યો હતો. કેસની વિગતો મુજબ એક અરજદાર દ્વારા પીઆઈએલ કરીને રજૂઆત કરવામાં આવી હતી લક્ઝરી બસો અને મુસાફર વાહનોમાં સામાન ભરવામાં આવતો હોવાથી તે મોટર વ્હીકલ એક્ટની જોગવાઈઓનો ભંગ કરે છે. આથી બોર્ડર વિસ્તારો અને હાઈવે ઉપર આવા વાહનોને અટકાવવા જોઈએ. આવી બસો ઉપર દંડ કરીને પેનલ્ટી ફટકારવી જોઈએ. આ બાબતે ગુગલ ઉપર નેશનલ હાઈવે ઓથોરિટીની ફરજો વિશે આપેલી માહિતીના આધારે રજૂઆત કરવામાં આવી હતી. આથી અદાલતે કહ્યું હતું કે ગુગલ ઉપર મુકવામાં આવેલી બધી માહિતી જ્ઞાન હોતું નથી. તમારે યોગ્ય પક્ષકારો જોડવા જોઈએ. આ બાબતે એક્ટમાં જોગવાઈ કરવામાં આવી છે. તે મુજબ કાર્યવાહી થઈ શકે છે. અંતે અદાલતે અરજદારને યોગ્ય સત્તામંડળને રજૂઆત કરવાનો આદેશ કર્યો હતો.


**અભિનંદન**



જી.એચ.પઠાણ | રિઝવાનબાપુ કાદરી | ફારૂક યુ.કંસારા

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા હઝરત પીર શાહ-એ-આલમ ટ્રસ્ટના વહીવટદાર તરીકે જી.એચ. પઠાણ અને સહાયક વહીવટદાર તરીકે શ્રી રિઝવાનબાપુ કાદરી તથા ફારૂક યુ.કંસારાની નિમણૂક થઈ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન...

શુભેચ્છક

કાદરી ગ્રુપ અને શાહેઆલમ, રસુલાબાદ, સેવા સમિતિ (SRS)


For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS